Gujarati Financial Weekly

# સ્માર્ટ બોનાન્ઝા
SMART BONANZA

સ્માર્ટ બોનાન્ઝા SMART BONANZA

૫ ડિસેમ્બર ૨૦૨૦ થી 'સ્માર્ટ બોનાન્ઝા'ની લવાજમ યોજના છુટક નકલ કિંમત રૂ. ૨૫/-

Our Soft Copy subscription rates
1 Years 1200/-
2 Years 2100/-
3 Years 3100/-

Bank A/C. Name : New Age Publications Pvt. Ltd.
Our Bank : HDFC Bank
Current A/C No. 00062020009729
RTGS/NEFT ISFC : HDFC 0000006
Navrangpura Branch, Ahmedabad-9

New Age Publications Pvt. Ltd.
312, Nalanda Enclave
Opp. Sudama Resorts,
Pritamnagar Dhal, Ellisbridge,
Ahmedabad - 380006
Ph. : 079-26576639
(M) 98250 06980
(M) 98253 06980
Editor : Dilip K. Shah
Asst. Editor : Pratit N. Patel
E Mail : smaratbonanza2011@gmail.com

Pages : 8 | Vol : 10 | Issue : 15 | Rs. 25/- | RNI No. GUJGUJ/2011/40948 | 4 August 2021 To 10 August 2021 | Editor : Dilip K. Shah | Asst. Editor : Pratit N. Patel

Email: smartbonanza@ymail.com, smartbonanza2011@gmail.com •


# ટેકસટાઇલ, સિમેન્ટ, સ્ટીલ, ઓઈલ સેક્ટર ઉપર બેટ કરો



**Jumping Jackpot**


બીપીએસ રાજા (મુંબઈ)
Website : www.einvestmentadvice.com
investmentadvice@rediffmail.com


માર્કેટનો રસ ખુબજ ઝડપથી બદલાઈ રહ્યો છે. હાલમાં ટેક્સટાઈલ હોટ સેક્ટર બની ગયું છે. આ સેક્ટરમાં ઘણી બધી લીસ્ટેડ કંપનીઓ પણ છે. બીજી તરફ સિમેન્ટના ભાવો પણ વધવા માટે તૈયાર છે. રસ ધરાવતી પાર્ટીઓ ડેક્કન સિમેન્ટના સ્ટોકને ૧૦૦૦ની સપાટી ક્રોસ કરતો જોઈ રહ્યા છે. આ સિવાય અચાનક ગુજરાત ગેસ અને હિન્દુસ્તાન ઓઈલ જેવા શેરો પણ લાઈમલાઈટમાં આવી ગયા છે.

**HINDUSTAN OIL EXPLORATION (HOEL) :** સોમવાર અને મંગળવારે આ સ્ટોકમાં મોટી તેજી જોવાઈ છે. આ સ્ટોક માત્ર ૨ દિવસમાં ૧૧૯ થી વધીને ૧૭૦ થતો જોવાયો છે. એવી ચર્ચા છે કે ઓઈલ બ્લોક જે એલોટ થાય છે એમાં મોટા પાયે આવનાર સમયમાં વધારો થઈ શકે છે. આ કંપની ત્રીજા ક્વાર્ટરમાં તેના બ્લોકમાં પ્રોડક્શનની અપેક્ષા રાખી રહી છે. બી ૮૦ સાથે કુલ પ્રોડક્શન ૨૩૦૦ બેરલ પ્રતિ દિવસનું આ બ્લોકમાંથી થઈ શકે છે. જેના લીધે આ સ્ટોકમાં ચમકારો જોવાઈ રહ્યો છે. આ સાથે જ Selan Exploration (162)નો સ્ટોક પણ ધ્યાનમાં રાખી શકાય.

**ટેકસટાઈલ સેક્ટરમાં શું ધ્યાનમાં રાખશો ?** દરેક લોકો ટેક્સટાઈલ શેરોની પાછળ દોડી રહ્યા છે અને ખાસ કરીને ઈનર વિયર શેર્સ જેવા કે વીઆઈપી, લક્સ અને રૂપા જેવા સ્ટોક્સ ચાલી રહ્યા છે. અમે ઘણા નીચા મથાળે ૯૦ આસપાસ DCM NOUV ઈન્ની સ્ટોક જણાવ્યો હતો જે હાલમાં ૨૩૦ થઈ ગયો છે. આ કંપની સરકારી મંજુરી ધરાવતી ૧૦૦ ટકા એક્સપોર્ટ હાઉસ ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ ૧૬ની ઈપીએસ હાંસલ કરી છે


**(અનુસંધાન ૬ પાને)**


# અગ્રણી બ્રોકરેજ અને એક્સપર્ટની દ્રષ્ટિએ આગામી એક વર્ષમાં ઓછા જોખમે વધુ વળતર આપે તેવા ૯ ફેન્ટાસ્ટિક સ્ટોક્સ

શેરમાર્કેટમાં જો પૈસા કમાવા હોય તો જોખમ ઉઠાવવું પડે છે. જોકે રોકાણમાં જોખમ ઓછું કરવું કે ઘટાડવું તે તમારા હાથમાં છે. સ્ટોક માર્કેટમાં ઓછા જોખમ સાથે વધુ નફો કમાવા માટેના પણ વિકલ્પો ઉપલબ્ધ છે. તેના માટે યોગ્ય ઓળખની જરૂર પડે છે. જે શેરોમાં તમે રોકાણ કરી રહ્યા છો તે કંપનીના બિઝનેસ, બેલેન્સશીટ, વેલ્યુએશન, રિસ્ક રિવોર્ડ જેવા પરિબળોની જાણકારી મેળવવી જરૂરી છે. અત્રે માર્કેટ એક્સપર્ટો દ્વારા ઓછા જોખમે વધુ વળતર કમાવ આપે તેવા નવ મજબુત સ્ટોક્સન ભલામણ કરવામાં આવી છે, જે રોકાણકારોને મદદરૂપ બનશે.

**VIP Ind. - એક્સપર્ટ સુદીપ બંદોપાધ્યાય - CMP Rs. 23 - Target Rs. 500 - સમયગાળો ૧૨ મહિના**

## માર્કેટ મૂવમેન્ટ

**- ભલામણ ખરીદો :** કંપની વિશ્વની બીજા નંબરની સૌથી મોટી હાઈ સોફ્ટ લગેજ પ્રોડક્ટોની ઉત્પાદક છે. ભારતમાં ૫૦ ટકા બજાર હિસ્સા સાથે કંપની આ ક્ષેત્રમાં માર્કેટલીડર છે. દેશમાં અનલોક પ્રક્રિયાને પગલે માગમાં વધારાની શક્યતા છે. કંપનીના બાંગ્લાદેશમાં પ્લાન્ટના ઓપરેશન ખર્ચ ઘટ્યો છે, તે સાથે ઉત્પાદનમાં વધારો થયો છે. કંપનીનો કેશ ફ્લો અને રિટર્ન રેશિયો ઘણો સારો છે. એક્સપર્ટની ભલામણ છે કે, આ સ્ટોક વર્તમાન ભાવે ૧૨ મહિનાના ગાળા માટે ૫૫૦ ના ટાર્ગેટે ખરીદો.

**HDFC Bank - એક્સપર્ટ Geejit Financial - CMP Rs. 23 Target Rs. 1434 સમયગાળો ૧ વર્ષ - ભલામણ ખરીદો :** એક્સપર્ટનું કહેવું છે કે, આ બેન્કિંગ સ્ટોક વર્તમાન ભાવે ખરીદો. બેન્કનો કોર્પોરેટ લોનબુકમાં સારા ગ્રોથની શક્યતા જણાય છે. બેન્કની લોનન એસેટ ક્વોલિટી સ્થિર છે. વર્તમાન ભાવ આ સ્ટોક ખરીદો.

**Tech Mahindra - એક્સપર્ટ Hem Securities ના આસ્થા જૈન - CMP Rs. 1226 - Target Rs. 1400 - સમયગાળો - ભલામણ ખરીદો :** એક્સપર્ટ આસ્થા જૈન આ આઈટી કંપનીના શેરને ખરીદવા ભલામણ કરે છે. કંપનીએ જૂન ૨૦૨૧ના પ્રથમ ક્વાર્ટરના ઉત્કૃષ્ટ પરિણામો જાહેર કર્યા છે. પ્રથમ ક્વાર્ટરમાં કંપનીએ ૮૧.૫ કરોડ ડોલરની ડીલ પાઈપલાઈનમાં હોવાનું દર્શાવ્યું છે. ઉપરાંત કંપનીને Brainscale Inc ને હસ્તગત કર છે. તેનો લાભ મળશે. આ કંપની ડેટા એનાલિટિક્સનો બિઝનેસ કરે છે. આ ઉપરાંત કંપની ક્લાઉડ કન્સલ્ટિંગ ક્ષેત્રે પણ સંકળાયેલી છે. એક્સપર્ટ આ સ્ટોકમાં વર્તમાન ભાવે આગામી દિવસોમાં રૂા. ૧૪૦૦ ના ટાર્ગેટે રોકાણની ભલામણ કરે છે.

**Coromandel International - એક્સપર્ટ સુદીપ બંદોપાધ્યાય - CMP Rs. 000 - Target Rs. 890 - સમયગાળો ૬-૯ મહિના - ભલામણ ખરીદો :** એક્સપર્ટ સુદીપ બંદોપાધ્યાયે આ સ્ટોકમાં વર્તમાન ભાવે છથી નવ મહિનાના ગાળા માટે રૂા. ૧૦૦૦ ના ટાર્ગેટે રોકાણની ભલામણ કરે છે. કંપનીની માર્કેટમાં પક્કડ મજબુત બની રહી છે. ઉપરાંત કંપની ક્ષમતા વિસ્તરણ કરી રહી છે. કંપનીએ કૃષિ પાકોની સુરક્ષા માટે નવા મોલેક્યુલર લોન્ચ કર્યા છે, જેનો ફાયદો મળશે. હવે કંપની રિટેલ બિઝનેસ પર ભાર મૂકી રહી છે અને ખર્ચ ઘટાડો કરવા પગલાં ભરી રહી છે.

**L&T - એક્સપર્ટ સુદીપ બંદોપાધ્યાય - CMP Rs. 1633 - Target Rs. 1800 - સમયગાળો ૬-૯**


**(અનુસંધાન ૫ પાને)**


**HDFC Life - (Buy at CMP : 673) - Targets - 888-1111 : Time Frame 9 Months to 18 Months :** HDFC લાઈફ (HDFC લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લિ.) એ લાંબા ગાળાના જીવન વીમા ક્ષેત્રે કાર્યરત છે જેનું મુખ્ય મથક મુંબઈમાં છે, જે વ્યક્તિગત અને જૂથ વીમો આપે છે. ભારતની અગ્રણી હાઉસિંગ ફાઈનાન્સ સંસ્થા અને હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (HDFC) અને યુનાઈટેડ કિંગડમની નાણાકીય બચત અને રોકાણોની સેવાઓ પ્રદાન કરનાર અગ્રણી, સ્ટાન્ડર્ડ લાઈફ એબરડિન પીએલસી, વચ્ચે સંયુક્ત સાહસ છે. ૧૪ ઓગસ્ટ ૨૦૧૫ ના રોજ HDFC લિ. એચડીએફસી લાઈફમાં ૯.૦૦% હિસ્સો વેચવા માટે સ્ટાન્ડર્ડ લાઈફ સાથે શેર વેચાણ કરાર કર્યો હતો. HDFC ૬૧.૬૫ ટકા સ્ટેક HDFC લાઈફમાં ધરાવે છે. સ્ટાન્ડર્ડ લાઈફ ૩૫ ટકા સ્ટેક ધરાવે છે.

**Titan Company (Buy at CMP : 1839) - Target - 2444 to 2750, - Time Frame 5 to 12 Months :** તાતા ગ્રૂપ અને તમિલનાડુ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (TIDCO) નું સંયુક્ત સાહસ એવી ટાઈટન કંપની લી. ની સ્થાપના ૧૯૮૪માં ટાઈટન વોચસ લિ. ના નામે થઈ હતી. વિશ્વની પાંચમાં નંબરની સૌથી મોટી પોતાની બ્રાન્ડની ઘડિયાળ ઉત્પાદન કરતી કંપની છે.

છેલ્લાં ત્રણ દાયકામાં કંપનીમાં ટાઈટન બ્રાન્ડ હેઠળ વિસ્તરણ કરીને ટોચની બ્રાન્ડ બની છે. કંપનીએ ઘડિયાળ ઉપરાંત ગોલ્ડ જ્વેલરી બિઝનેસમાં પણ ઝંપલાવ્યું છે અને "Tanisha" બ્રાન્ડ હેઠળ ગોલ્ડ જ્વેલરીનું ઉત્પાદન કરે છે અને દેશની વિશ્વાસપાત્ર બ્રાન્ડ તરીકે છબિ ઊભી કરી છે. કંપની સ્ટેટ ઓફ આર્ટ ઈક્વિપમેન્ટ દ્વારા જ્વેલરીનું ઉત્પાદન પ્લાન્ટ ફુલ્લી ઈન્ટીગ્રેટેડ પ્લાન્ટમાં કરે છે. દેશમાં તનિક્ષના ૨૦૦થી વધુ એક્સક્લુઝિવ બ્યુટીક ૧૧૫ શહેરોમાં આવેલાં છે.


**Rapid Fire Stock**
Kalpna J.
kjtech79@gmail.com







# ભારત ડાયનેમિક્સ, અશોક લેલેન્ડ, ટ્રાયડેન્ટ સાથે અન્ય ૧૦ વીકલી પિક્સ સ્ટોક્સ

મંગળવારે ૩ ઓગસ્ટે આ લખાય છે ત્યારે સ્ટોક માર્કેટમાં મોટાભાગના સેક્ટર્સમાં રેકોર્ડ હાઈ લેવલે ઈન્ટ્રા ડે માં ભારે ખરીદી જોવા મળી હતી. ઈન્ટ્રા ડે માં સેન્સેક્સે ૫૩૪૦૨ ની ઓલટાઈમ હાઈ નવી ટોચ બનાવી હતી. જ્યારે નિફ્ટીએ ૧૬૦૦૦ ની ઓલટાઈમ હાઈ બનાવ હતી. બીએસઈ મિડકેપ, સ્મોલકેપ ઈન્ડાઈસિસે પણ અનુક્રમે ૨૩૪૪૩ અને ૨૭૩૩૨ ના રેકોર્ડ નવી ટોચ બનાવી હતી. જ્યારે બેન્ચમાર્ક ઈન્ડાઈસીસમાં કેટલાંક સ્ટોક્સમાં ભારે ખરીદી જોવા મળી હતી.

## ટોપ ટેન વિકલી પિક્સ

| Sotck | Entry Price Rs. | Target Rs. |
|---|---|---|
| Asahi (I) Glass | 380 | 430 |
| Deepak Nitrite | 2000 | 2250 |
| IIFL Wealth | 1400 | 1550 |
| Ashok Leyland | 130 | 150 |
| Godres Agrovet | 690 | 780 |
| Solar Ind. India | 1680 | 1880 |
| Dr. Lal Pathlabs | 3550 | 3950 |
| Minda Corpoation | 135 | 155 |
| Trident | 20 | 23 |
| Bharat Dynamics | 420 | 470 |

## Buy OF The Week

| CO. NAME | CODE | PRICE | CO. NAME | CODE | PRICE |
|---|---|---|---|---|---|
| NCC | 500294 | 87 | Bharti Airtel | 532454 | 580 |
| Nalco | 532234 | 94 | Oberoi Realty | 533273 | 719 |
| SunFlag | 500404 | 89 | Rupa & Co. | 533552 | 536 |
| Spencers Retail | 542337 | 104 | Adani Ent. | 512599 | 1444 |
| Mukand | 500460 | 154 | Ramkrishna For | 532527 | 901 |
| Kokuyo | 523207 | 75 | Escorts | 500495 | 1213 |
| Blis GVS | 506197 | 123 | Sun Pharma | 524715 | 794 |
| NAHAR Poly | 523391 | 293 | M&M | 500520 | 770 |
| CG Power | 500093 | 83 | IRCTC | 542830 | 2467 |
| Manappuram | 531213 | 212 | Bajaj Fin | 500034 | 6328 |
| Spe. Restautant | 534425 | 75 | KPR MIlls | 532889 | 1979 |
| Nahar Spi | 500296 | 435 | Hero Moto | 500182 | 2818 |
| Tata Motors | 500570 | 303 | UBL | 532478 | 1459 |
| Nelco | 504112 | 383 | Maruti | 532500 | 7203 |
| Indian Hume | 504741 | 244 | God Pro. | 533150 | 1659 |
| SBI | 500112 | 446 | Bata India | 500043 | 1687 |
| ITC | 500875 | 209 | Kaveri Seeds | 532899 | 766 |
| Orient Cement | 535754 | 167 | Abbott India | 500488 | 19249 |

Smart Bonanza
Gujarati Financial Weekly

# Cera Sani ● IRCTC ● Tata Mataliks ● Cheviot ● SBI Cards

**CERA SANI (532443) (4588) :** સેરા સેનીટરી વેર ગુજરાતના કડી ખાતે વુડુંમથક અને પ્લાન્ટ ધરાવે છે. કંપની આજે સેનીટરીવેર સેગમેન્ટમાં પ્રતિષ્ઠિત નામ ધરાવે છે અને સાથે સાથે વેલનેસ, કિચન સિંક, મિરર, પર્સનલ કેર જેવા સેગમેન્ટમાં પણ સક્રિય છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૨૭ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૮૬૫ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૫૪.૪૮ ટકા, એફઆઈઆઈ ૧૫.૩૪ટકા, ડીઆઈઆઈ ૧૧.૦૮ ટકા અને પબ્લિક ૧૯.૦૭ ટકા સ્ટેક ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ની વાત કરીએ તો કંપનીએ રૂ.૧૨૨૪ કરોડની સામે રૂ.૧૨૨૪ કરોડનું વેચાણ હાંસલ કર્યું હતું. જ્યારે કંપનીનો નફો રૂ.૧૧૩ કરોડ સામે રૂ.૧૦૧ કરોડ રહ્યો હતો. માર્ચ ક્વાર્ટર માટે કંપની પરિણામો જાહેર કર્યા છે જેમાં કંપનીની આવક રૂ.૨૯૮ કરોડથી વધીને રૂ.૪૩૮ કરોડ થઈ છે જ્યારે નફો રૂ.૩૭ કરોડથી વધીને રૂ.૪૬ કરોડ થયો છે. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ.૩૫.૧૯ની ઈપીએસ હાંસલ કરી છે. કંપની પોતાની પ્રોડક્ટોની આક્રમક માર્કેટિંગ કરી રહી છે જેનો ફાયદો પણ કંપનીને મળી રહ્યો છે. પાછલા ઘણા વર્ષોથી ટોપ લાઈન સતત વધી રહી છે અને લક્ઝરી બાથરૂમ સેગમેન્ટમાં કંપની મોટું માર્કેટ કેપ્ચર કરી રહી છે. ખાસ કરીને કંપની દેવા મુક્ત છે અને કોરોનાના લીધે પહેલો હાફ ખરાબ રહ્યો હોવા છતાં કંપનીએ બીજા હાફમાં મજબુત ગ્રોથ સાથે આખા વર્ષમાં અગાઉના વર્ષે જેટલા આંકડા હાંસલ કરી લીધા છે અને હવે રીયલ એસ્ટેટ સેક્ટરનો ગ્રોથ જોતા આ સ્ટોક આવનાર સમયમાં હજુ સારો દેખાવ કરી શકે છે. સ્ટોકમાં રોકાણ માટે વિચારી શકાય.

**IRCTC (542830) (2467) :** થોડા સમય પહેલા કંપનીનો આઈપીઓ ૩૨૦ના ભાવે આવ્યો હતો અને આ સ્ટોકનું લીસ્ટીગ ધમાકેદાર થયું હતું. સ્ટોક રૂ.૬૪૪ના ભાવે લીસ્ટ થયા બાદ ઉપરમાં રૂ.૨૧૦૦ થઈ ગયો હતો કોરોનાં કાળમાં આ સ્ટોકમાં મોટા પાયે કરેકશન જોવાયું હતું અને કરેકશન પચાવીને આ સ્ટોક ફરીથી ૨૪૫૦ની સપાટી ઉપર આવી ગયો છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૩૯૪૮૨ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૬૭.૪૦ ટકા, મ્યુચ્યુઅલ ફંડ્સ ૭.૨૮ ટકા, એફપીઆઈ ૮.૦૭ ટકા અને પબ્લિક ૧૩.૨૫ ટકા સ્ટેક ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં કંપનીની આવક રૂ.૭૮૩ કરોડની આવક ઉપર રૂ.૧૯૦ કરોડનો નફો હાંસલ કર્યો છે. કંપની રેલ્વેના ટીકીટીગ બીઝનેસમાં છે અને રેલ્વેના ટીકીટીગ બીઝનેસમાં એક માત્ર પ્લેયર છે. આજે રેલ્વેની મોટા ભાગની ટીકીટ ઓનલાઈન થાય છે જેનો સૌથી મોટો ફાયદો આ કંપનીને મળે છે. સાથે કંપની રેલ્વેમાં પાણીની બોટલ સપ્લાય કરવાનો બીઝનેસ કરે છે જેમાં પણ કંપની સારો એવો માર્કેટ શેર ધરાવે છે. કંપનીએ થોડા સમય પહેલા ૩ પ્રાઈવેટ ટ્રેઈનની શરૂઆત કરી હતી અને ત્યાર બાદ કોરોના કાળ બાદ કંપની આવનાર સમયમાં વધુ પ્રાઈવેટ ટ્રેઈનો શરુ કરવા વિચારી રહી છે. કંપની રેલ્વે કેટરિંગ બીઝનેસમાં પણ સક્રિય છે અને આ બીઝનેસ પણ મોનોપોલી વાળો બીઝનેસ છે. માર્કેટમાં ફરતો માલ પણ ઓછો છે ત્યારે સેકંડ વેવ પૂરો થયા બાદ આવનાર સમયમાં કંપનીના પરિણામો મજબુત આવી શકે છે અને સ્ટોક વધારે ઊંચા આંક દર્શાવી શકે છે. સ્ટોકને લોંગ ટર્મ પોર્ટફોલીઓમાં રાખી શકાય જ્યારે કોઈ ઘટાડો આવે છે તો સ્ટોકમાં નવી ખરીદી કરી શકાય. કંપની આવનાર મીટીગમાં સ્ટોક સ્પ્લીટની જાહેરાત કરવા જઈ રહી છે.

**TATA METALIK (513434) (1313) :** મેટલ સેક્ટર ફરીથી લાઈમલાઈટમાં છે. ૧૯૯૦માં કાર્યરત થનારી અને ૧૯૯૪માં પ્રોડક્શન શરુ કરનારી ટાટા મેટાલિક અગ્રણી પીગ આયર્ન ઉત્પાદક ગણાય છે. કંપની ૩૪૫૦૦૦ ટનની ક્ષમતા ધરાવે છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. ટાટા ગ્રુપની આ કંપનીનો સ્ટોક વર્ષ દરમ્યાન વધીને રૂ.૧૩૭૪ અને ઘટીને રૂ.૪૬૨ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૪૧૪૬ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૬૦.૦૩ ટકા ને પબ્લિક ૩૯.૯૭ ટકા સ્ટેક ધરાવે છે. જુન ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૨૧૦ કરોડથી વધીને રૂ.૬૦૩ કરોડ થઈ છે જ્યારે કંપનીએ રૂ.૧૨ કરોડની નુકશાની સામે રૂ.૯૫ કરોડનો નફો દર્શાવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં કંપનીની આવક રૂ.૨૦૫૧ કરોડથી ઘટીને રૂ.૧૯૧૭ કરોડ થઈ હતી જ્યારે નફો રૂ.૧૬૬ કરોડથી વધીને રૂ.૨૨૦ કરોડ થયો હતો. કંપનીએ ૧૨ મહિનામાં રૂ.૬૯.૬૧ની ઈપીએસ હાંસલ કરી હતી. કંપનીની ઈક્વિટી રૂ.૩૧.૫૮ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૨૬૮ કરોડનું રીઝર્વ છે. કંપનીની બેલેન્સશીટ ઉપર રીઝર્વ નેગેટીવ હતું જે નાણાકીય વર્ષ ૨૦૧૬થી જ પોઝીટીવ થયું છે. વર્તમાન ભાવેથી ઘટાડામાં તબક્કાવાર રોકાણ માટે ધ્યાનમાં રાખી શકાય. નાણાકીય વર્ષ ૨૦૨૧ માટે કંપનીએ ૪૦ ટકા ડિવિડન્ડ ચુકવ્યું છે. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડ્સ ૧૩.૨૦ ટકા હિસ્સો ધરાવે છે. મેટલ સેક્ટરમાં જોરદાર તેજી જોવાઈ રહી છે અને આ તેજી લોંગ ટર્મ રહેવાની છે ત્યારે આ સ્ટોક આવનાર સમયમાં ૧૫૦૦ની સપાટીને સ્પર્શતો જોવાઈ શકે છે. ટાટા સ્ટીલ તેની તમામ સબસીડીયરીઓને પોતાની સાથે મર્જ કરવા જઈ રહી છે જેના લીધે પણ આ સ્ટોકમાં ચમકારો જોવાઈ શકે છે.


**Cheviot Co. Ltd. (526817) (1416) :** X ગ્રુપની આ કંપની જ્યુટ પ્રોડક્ટ્સ ક્ષેત્રે કાર્યરત આ કંપનીના શેરની Fv રૂ.૧૦ છે. શેરનો ભાવ વધીને રૂ.૨૦૫૫ અને ઘટીને રૂ.૫૦૦ જોવાયો છે. જ્યુટ, ચ્હા અને લેધર ઉદ્યોગોમાં વૈવિધ્યકૃત પોર્ટફોલિયો ધરાવતી આ એલીયટ ગ્રુપની ફ્લેગશીપ કંપની છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડીંગ્સ ૭૪.૭૭ ટકા છે. વર્ષ ૨૦૨૦માં ૪૮૦ ટકાઅને ૨૦૨૧માં તાજેતરમાં ૧૭૫૦ ટકા ડિવિડન્ડ ચુકવેલ છે. સંપૂર્ણ ડેબ્ટ ફ્રી આ કંપની બે બોનસ ઈસ્યુઓ થકી કુલ ઈક્વીટીમાં ૫૬.૪૧ ટકા બોનસ ઈક્વીટી ધરાવે છે. ગત વર્ષ સપ્ટેમ્બર ૨૦૨૦માં શેરદીઠ રૂ.૯૦૦ ભાવે બાયબેક કરેલ તે સમયે વર્તમાન ભાવ રૂ.૫૭૦ની આસપાસ હતા અને અગાઉ જૂન ૨૦૧૭માં રૂ.૧૫૦૦ના ભાવે શેરોનું બાયબેક કરેલ એ સમયે શેરનો ભાવ ૧૩૧૯ જેટલો હતો. Bv રૂ.૮૫૫ છે. કંપનીએ ૩૧ માર્ચ ૨૦૨૦-૨૧ના વર્ષાન્તે રૂ.૩૯૫.૭૬ કરોડની

## Bull's Eye

આવક ઉપર નેટનફો ૫૭.૩૫ ટકા વધીને ૭૫.૭૨ કરોડ અને EPS ૧૧૮.૪૩ દર્શાવી છે. ૩૧ માર્ચ ૨૦૨૧ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ આવકમાં ૩૬.૭૦ ટકા વૃદ્ધિ સાથે રૂ.૧૫૬.૮૮ કરોડ અને નેટનફો ૬૩૩.૭૧ ટકા વૃદ્ધિ સાથે રૂ.૧૫૬.૮૮ કરોડ અને નેટનફો ૬૩૩.૭૧ ટકા જંગી ઉછાળા સાથે રૂ.૨૫.૬૮ કરોડ અને EPS ૪૦.૧૬ દર્શાવી છે. જે ગત વર્ષના સમાન ગાળામાં રૂ.૧૧૪.૧૬ કરોડની આવક ઉપર રૂ.૩.૫૦ કરોડ નેટપ્રોફિટ નોંધાવ્યો હતો. કંપની ૩૧ માર્ચ ૨૦૨૨ના વર્ષાન્તે રૂ.૪૯૪.૬૫ કરોડની આવક ઉપર રૂ.૯૩.૪૫ કરોડ નેટપ્રોફિટ અને ૧૪૯.૧૩નો ઈપીએસ નોંધાવે તેવી મજબૂત સંભાવના છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૯ના PE મલ્ટીપલથી ટ્રેડ થઈ રહ્યો છે જે આર્થિક વેલ્યુએશન ધરાવે છે.

**SBI Cards (543066) (1040) :** લોકડાઉન પછી કંપનીની કામગીરીમાં હવે સુધારો જોવાય છે અને ક્રેડિટકાર્ડ ધિરાણોમાં જે NPA થવાની સંભાવના છે તે અંગેની જોગવાઈ પણ ઘટી છે. એકંદરે એપ્રિલ અને મે મહિના દરમ્યાન લોકડાઉન હોવાને કારણે ક્રેડિટ કાર્ડ ઉપરનો ખર્ચો અને વસુલાત નબળાઈ દર્શાવે છે, પરંતુ જૂન મહિનાથી કંપનીની કામગીરીમાં ધીરે ધીરે સુધારો શરૂ થયો. કંપનીનો એસેટ ક્વોલિટી રેશિયો પણ ઝડપી સુધારો દર્શાવે છે. કંપનીની Fv રૂ.૧૦ છે. A ગ્રુપની આ કંપનીનો બાવન સપ્તાહ દરમ્યાન ભાવ વધીને રૂ.૧૧૪૯ અને ઘટીને રૂ.૭૨૪ જોવાયો છે. પ્રથમ ક્વાર્ટર દરમ્યાન SBI Cardsનો નેટ નફો ૨૩ ટકા ઘટીને રૂ.૩૦૦ કરોડ છે અને તેમાં ઓપરેટિંગ ખર્ચમાં ઘટાડો મુખ્ય છે પરંતુ માર્ચ ક્વાર્ટરની સરખામણીમાં નેટ નફો ૭૪ ટકાનો ઉછાળો દર્શાવે છે. આગલા વર્ષની સરખામણીમાં નેટ વ્યાજ આવકો ૧૮.૭૦ ટકાનો ઘટાડો દર્શાવે છે. જ્યારે તેનો માર્જિન ૧૬૦ બેઝિક પોઈન્ટ સુધરીને ૧૪.૮૦ ટકાના લેવલ ઉપર આવી ગયો છે. કંપનીની માર્કેટકેપ રૂ.૯૭૯૧૫.૨૦ કરોડ છે. Bv રૂ.૬૭.૪ કરોડ છે.

કંપનીએ જૂન ૨૦૨૧ના ક્વાર્ટરમાં રૂ.૨૪૫૦ કરોડની આવક પર રૂ.૩૦૪ કરોડનો નેટનફો નોંધાવ્યો છે જેની સામે ગત વર્ષના સમાન ગાળામાં જુન ૨૦૨૦માં રૂ.૨૧૯૫ કરોડની ટોટલ આવક ઉપર રૂ.૩૬૩ કરોડનો નેટ નફો નોંધાવ્યો છે. કંપનીની ઈક્વિટી રૂ.૯૪૦ કરોડ જેની સામે રૂ.૫૩૬૧ કરોડનું જંગી રિઝર્વ છે. માત્ર ૩ વર્ષમાં આવક ૨૧.૮ ટકા, નેટ નફો ૧૭.૯ ટકા અને ઓપરેટિંગ નફો ૧૧.૭ટકા CAGR ગ્રોથ નોંધાવ્યો છે.




Differentiated diagnostic services provided to over 23 million patients since inception



THE LET'S DO GOOD PACKAGE
- One of the largest and differentiated diagnostic service provider in India (Source: CRISIL Report)
- Provides a range of technology-enabled diagnostic services (Imaging, pathology/ clinical laboratory and tele-radiology services to public and private hospitals, medical colleges and community health centres pan-India)
- Operates one of India's largest tele/ radiology reporting hubs in Pune (Source: CRISIL Report)
- Provides quality and inclusive diagnostic services at affordable rates across various segments
- Focus on the public private partnership ("PPP") diagnostics segment and have the largest presence in the diagnostic PPP segment (Source: CRISIL Report)
- Deployed 1,823 diagnostic centres pursuant to PPP agreements (As of June 30, 2021)
- Collaboration with private healthcare providers (26 diagnostic centres as of June 30, 2021)
- Team of 190 radiologists, 30 pathologists, 8 microbiologists and more than 2,800 qualified professionals (As of June 30, 2021)

krsnaa DIAGNOSTICS®
LET'S DO GOOD...®

*This is only a pictorial representation of the map of India. Map not to scale.*
*CRISIL Report: Report titled "Assessment of the diagnostic industry in India with a special focus on government spending" dated July 2021 by CRISIL Limited.*

Call us : **020-68146814 / 020-46954695** | Follow us on www.krsnaadiagnostics.com

**Krsnaa Diagnostics Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the Red Herring Prospectus dated July 29, 2021 **("RHP")**, with Registrar of Companies, Maharashtra at Pune **("RoC")** and thereafter with The Securities and Exchange Board of India **("SEBI")** and the Stock Exchanges. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs i.e. JM Financial Limited, DAM Capital Advisors Limited (Formerly IDFC Securities Limited), Equirus Capital Private Limited and IIFL Securities Limited at www.jmfl.com, www.damcapital.in, www.equirus.com, and www.iiflcap.com, respectively. Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details refer to the RHP, including the section titled *"Risk Factors"* of the RHP when available. Potential Bidders should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **"Securities Act"**) or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are only being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act, "Rule 144A") in transactions exempt from, or not subject to, registration requirements of the Securities Act, and (ii) outside the United States in offshore transactions in reliance on Regulation S under the Securities Act and pursuant to the applicable laws of the jurisdictions where those offers and sales are made. There will be no public offering of the EquityShares in the United States.


Adfactors 195 A

આ માત્ર માહિતીના હેતુ માટે એક જાહેરાત છે અને પ્રોસ્પેક્ટસની જાહેરાત નથી

# aashka HOSPITALS LTD.

NABH ACCREDITED
PATIENT SAFETY & QUALITY OF CARE

## બીએસઈ એસએમઈ પર
## પ્રસ્તાવિત લિસ્ટિંગ




**ઇશ્યૂ ઓપન 10th ઓગસ્ટ 2021** | **ઇશ્યૂ ક્લોઝ 13th ઓગસ્ટ 2021**

**ફિક્સ પ્રાઇસ ઇશ્યૂ પ્રતિ ઇક્વિટી શેર ₹121/- (ફેસ વેલ્યુ ₹10/-)**
**ઇશ્યૂ સાઇઝ ₹10,164 લાખ**

Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Issue unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in this offering. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Issue including the risks involved. The Equity Shares offered in the Issue have neither been recommended nor approved by Securities and Exchange Board of India nor does Securities and Exchange Board of India guarantee the accuracy or adequacy of the Prospectus. Specific attention of the investors is invited to the section titled “Risk Factors” beginning on page 23 of the Prospectus.

**પ્રમોટર: બિપિન શાહ**

Since the Issue is being made in terms of Chapter IX of the SEBI (ICDR) Regulations, 2018, the Offer Document was not filed with SEBI. In terms of the SEBI ICDR Regulations, SEBI shall not Issue any observations on the Offer Document. Hence, there is no such specific disclaimer clause of SEBI. However, investors may refer to the entire "Disclaimer Clause of Securities and Exchange Board of India" on page 237 of the Prospectus. It is to be distinctly understood that the permission given by the BSE Limited ("BSE") should not in any way be deemed or construed that the contents of the Prospectus or the price at which the Equity Shares are offered has been cleared, solicited or approved by BSE, nor does it certify the correctness accuracy or completeness of any of the contents of the Prospectus. The investors are advised to refer to the Prospectus for the full text of the "Disclaimer Clause of the SME Platform of the BSE Limited" on page 237 of the Prospectus.

Lead Manager: **FEDEX SECURITIES PRIVATE LIMITED**
Tel No: +91 81049 85249 • E-mail: mb@fedsec.in

Registrar to the Issue: **ACCURATE SECURITIES & REGISTRY PRIVATE LIMITED**
Tel No: 079 - 48000319 • E-mail: investor@accuratesecurities.com

સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તા વચ્ચે,
સરગાસણ, ગાંધીનગર - 382421, ગુજરાત, ભારત

**સંપર્ક:**
**75750 09000**

**રોકાણકારોએ ઓફર ડોક્યુમેન્ટ કાળજીપૂર્વક વાંચવું જોઇએ અને પ્રોસ્પેક્ટસનાં પૃષ્ઠ 23 પર જોખમના પરિબળો કાળજીપૂર્વક વાંચી ને જ રોકાણ કરવાનો નિર્ણય લેવો**

આશ્કા હોસ્પિટલ લિમિટેડ
નિયામક મંડળ વતી
સહી/-

બિપિનચંદ્ર શાહ
ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર
DIN: 00934108

Smart Bonanza
Gujarati Financial Weekly

# રોકાણકારો તરફથી Glenmark Life અને બે Rolex Rings ના IPO ને જોરદાર પ્રતિસાદ

## Glenmark Life નું લિસ્ટીંગ ૬ ઓગસ્ટ અને Rolex Rings નું લિસ્ટીંગ ૯ ઓગસ્ટે થશે

## Windlas, Exxaro,Devyani અને Krsnaa ના મેઈન બોર્ડ IPOનું ૪ ઓગસ્ટે માર્કેટમાં આગમન

## BSE-SME સેગમેન્ટનો IPO Aashka Hospital રૂ.૧૦૧.૬૪ કરોડનું ભંડોળ એકત્ર કરવા ૧૦ ઓગસ્ટે માર્કેટમાં

## Cartrade Tech અને Nuvoco Vistas IPO ૯ ઓગસ્ટે ખુલી ૧૧ ઓગસ્ટે બંધ થશે

### આઈપીઓ માર્કેટની ભિતરમાં

- એમ.એન. ગાંધી

★ **ગત સપ્તાહના ઈસ્યુઓની ભિતરમાં** :- ગત સપ્તાહે મેઈનબોર્ડના બે IPO - Glenmark, Rolex Rings ના IPOને રોકાણકારો તરફથી જંગી પ્રતિસાદ મળતા અનેક ગણા છલકાવા સાથે બંધ થઈ ચુક્યા છે.

● Glenmark Life Sciences :- તા. ૨૭ મી જુલાઈના રોજ ખુલેલ રૂ. ૬૯૫ થી ૭૨૦ ના પ્રાઈસબેન્ડનો કુલ રૂ. ૧૫૧૩.૬૦ કરોડના આ મેગા IPO તા. ૨૯ જુલાઈના રોજ બંધ થયો હતો. કુલ ૪૪.૧૭ ગણો ભરાયો છે. એલોટમેન્ટ તા. ૩ ઓગસ્ટે, રિફંડ તા. ૪ ઓગસ્ટે અને શેર્સ ખાતામાં ક્રેડિટ ૫ ઓગસ્ટે આવી શકે છે. આ ભરણું રીટેલમાં ૧૪.૬૩ ગણું ભરાયું હોવાથી Application Wise Allotment ૧૦.૭૩ ગણું થવા જાય છે. પ્રત્યેક ૮/૯ ઈન્વેસ્ટરોમાંથી ૧ અરજદારને ૨૦ શેર્સ એલોટ થઈ શકે છે.

**લિસ્ટીંગ** :- શેરનું લિસ્ટીંગ તા. ૬ ઓગસ્ટે થવા વકી છે. વર્તમાન સંજોગોને ધ્યાનમાં લેતા લિસ્ટીંગ ૧૧૫૦ થી ૧૨૦૦ ની આસપાસ થઈ શકે છે.

● **Rolex Rings :-** રાજકોટ સ્થિત આ કંપનીનો આઈપીઓ તા. ૨૮ જુલાઈના રોજ ખુલી ૩૦ જુલાઈના રોજ બંધ થયો હતો. ૮૮૦ થી ૯૦૦ ના પ્રાઈસબેન્ડના આ IPOમાં કંપનીની રૂ. ૭૩૧ કરોડનું ભંડોળ એકત્ર કરવાની યોજના હતી.કુલ ૧૩૦.૩૮ ગણો છલકાયો છે. IPOનું એલોટમેન્ટ ૪ ઓગસ્ટે, રિફંડ તેમજ ખાતામાં શેર ૬ ઓગસ્ટે આવી શકે છે. Retail માં ૨૪.૩ ગણો ભરાયો હોવાથી Application Wise Allotment ૧૯.૬૪ થવા જાય છે. ૧૫/૧૬ અરજદારોમાંથી એક અરજદારને ૧૬ શેર્સ એલોટ થઈ શકે છે.

**લિસ્ટીંગ** :- આ IPOનું લિસ્ટીંગ ૯ ઓગસ્ટે થઈ શકે છે. વર્તમાન સંજોગોને જોતા શેરનું લિસ્ટીંગ રૂ. ૧૩૫૦ થી ૧૪૫૦ ની આસપાસ થઈ શકે છે.

★ **ગત સપ્તાહના લિસ્ટીંગ** :- ગત સપ્તાહે એકમાત્ર Tatva Chintan નો IPO તા. ૨૯ જુલાઈના રોજ લિસ્ટેડ થયો હતો.

● **Tatva Chintan Pharma Chem (૫૪૩૩૨૧)**:- રૂ. ૧૦૮૩ ના ઓફરભાવ સામે આ IPOનું લિસ્ટીંગ ૨૧૧૧.૮૦ ના ભાવે એટલે કે લગભગ ૯૪.૯૨ ટકા પ્રિમિયમે BSE ખાતે થયા બાદ શેરનો ભાવ ઉછળી રૂ. ૨૪૮૬ થઈ ઘટીને ૨૧૧૧ થઈ રૂ. ૨૩૧૦.૨૯ નો બંધ રહ્યો હતો જે ઓફરભાવ સામે ૧૧૩.૩૧ ટકા રિર્ટન દર્શાવે છે.

★ **ગત સપ્તાહના SME IPOs :-** :- ગત સપ્તાહે Gretex Corporate Services નો IPO બંધ થઈ ચુક્યો છે જ્યારે નેટવર્ક અને Rex Pipes IPO તા. ૨ ઓગસ્ટના રોજ બંધ થઈ રહ્યા છે.

● **Gretex Corporate :-** તા. ૨૭ જુલાઈના રોજ ખુલેલ રૂ. ૧૭૦ ના ફિક્સ્ડ ભાવનો અને રૂ. ૫.૧૩ કરોડ IPO ૩૦ જુલાઈના રોજ બંધ થયો ત્યારે કુલ ૬.૯૬ ગણો ભરાયો હતો. આ આઈપીઓનું એલોટમેન્ટ ૯ ઓગસ્ટના રોજ થશે.

● **Network Peoples** :- ૨૮ જુલાઈના રોજ ખુલેલ રૂ. ૭૬ થી ૮૦ ના ભાવનો આ IPO રૂ. ૧૩.૭૦ કરોડ એકત્ર કરવાની યોજના હતી. આ ઈસ્યુ ત્રીજા દિવસે ૧૨.૧૧ ગણો છલકાયો હતો અને શેરનું લિસ્ટીંગ તા. ૧૦ ઓગસ્ટના રોજ થશે.

● **Rex Pipes :-** રૂ. ૮૮૦ થી ૯૦૦ ના પ્રાઈસબેન્ડના આ IPOનું લિસ્ટીંગ તા. ૧૦ ઓગસ્ટના રોજ થશે. આ ઈસ્યુ ૧૧.૪૯ ગણો છલકાયો છે. આ ઈસ્યુનું સંપૂર્ણ એનાલીસીસ આ સાથે અલગ બોક્સમાં દર્શાવવામાં આવેલ છે.

★ **NCDs ઈસ્યુ :-** ગત સપ્તાહે બે NCDs ઈસ્યુ Piramal Capital અને IIFL Home Finance બજારમાં હયાતી ધરાવતા હતા.

● **Piramal Capital** :- ૧૯ જુલાઈએ બંધ થયેલ રૂ. ૨૦૦ કરોડના બેઝ ઈસ્યુ સામે ૪.૨૦ ગણો ભરાયો હતો. આમ કંપનીને રૂ. ૧૦૦૦ કરોડના સેલ્ફ ઈસ્યુ સામે રૂ. ૮૪૦ કરોડ મળ્યા હતા.

● **IIFL Home Finance :-** આ ઈસ્યુ રૂ. ૧૦૦ કરોડના બેઝ ઈસ્યુ સામે ૮.૧૯ ગણો ભરાયો હતો. કુલ રૂ. ૧૦૦૦ કરોડના સેલ્ફ ઈસ્યુમાં કંપનીને ૮૧૯ કરોડ મળ્યા હતા. આ બન્ને NCDs ઈસ્યુ ટાર્ગેટ પુરા કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

★ **HUDCO ની ઓફર ફોર સેલ** :- હાઉસીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDcO) ના નામે ઓળખાતી જાહેર ક્ષેત્રની આ કંપનીએ રૂ. ૭૨૦ કરોડના એટલે કે કુલ ૮ ટકાના હિસ્સાના વેચાણ માટે તા. ૨૭ જુલાઈના રોજ ઈસ્યુ નોન ઈન્વેસ્ટર્સ માટે ખુલ્લો મુક્યો હતો. કંપનીન નોન ઈન્વેસ્ટર માટે ૫.૫ ટકા અને રીટેલ માટે ૨.૫ ટકાના હિસ્સાના વેચાણ માટે ઓફર ફોર સેલ દ્વારા વેચાણ કરવાની યોજના બનાવી હતી. આ અંગેનો ઓફરભાવ રૂ. ૪૫ નિર્ધારીત કરવામાં આવ્યો હતો જે સોમવારના બંધ ભાવ કરતા ૫ ટકા ડિસ્કાઉન્ટમાં હતો. પ્રાપ્ત અહેવાલો અનુસાર આ ઓફર ફોર સેલને સારો પ્રતિસાદ મળતા લગભગ ૨.૯ ગણો ભરાયો હતો.

★ **આ સપ્તાહના મેઈનબોર્ડ ઈસ્યુઓ** :- આ સપ્તાહે મેઈનબોર્ડના ત્રણ ઈસ્યુઓ Devyani International Ltd., Exxaro Tiles Ltd., Windlas Biotech Ltd. આગામી તા. ૪ ઓગસ્ટના રોજ ખુલી ૬ ઓગસ્ટના રોજ બંધ થશે. જ્યારે Krsnaa Diagnostics Ltd. નો ઈસ્યુ તા. ૪ ઓગસ્ટના રોજ ખુલી રહ્યો છે જો કે, તેનો ઓફરભાવની સત્તાવાર જાહેરાત હજી સુધી

(અનુસંધાન ૬ પાને)

## Grey Market Premium

| IPO Name | Offer Price | Premium |
|---|---|---|
| Glenmark Life Sciences | 695 to 720 | 95 to 98 |
| Rolex Rings | 880 to 900 | 470 to 475 |
| Windlas Bio. | 448 to 460 | 125 to 130 |
| Exxaro Tiles | 118 to 120 | 22 to 24 |
| Devyani International | 86 to 90 | 59 to 60 |
| Krsnaa Diagnostics | 933 to 954 | 440 to 450 |
| CarTrade Tech | 1585 to 1618 | 710 to 715 |

## Exxaro Tiles નો IPO ૪ ઓગસ્ટે ખુલી ૬ ઓગસ્ટ-૨૧ના રોજ બમ્પર રહેશે

### ઓફરભાવ રૂ.૧૧૮ થી ૧૨૦ : લિસ્ટીંગ BSE-NSE ખાતે થશે

### મજબૂત ટ્રેક રેકોર્ડ ધરાવતા આ કંપનીના વેલ્યુએશન આકર્ષક જણાય

### ઈન્વેસ્ટર્સ માટે ઈશ્યૂમાં લાંબા ગાળાનું રોકાણ હિતાવહ બની રહેશે

**Exxaro Tiles Ltd. (Main Board IPO) :** તલોદ-સાબરકાંઠા સ્થિત આ કંપનીની સ્થાપના ૨૦૦૮માં થઈ હતી. એક્ઝેરો ટાઈલ્સ વિટ્રીફાઈડ ટાઈલ્સના ઉત્પાદન અને માર્કેટીંગમાં સક્રિય છે. કંપની સિરામીક મટીરીયલ્સ, ક્વાર્ટજ અને પેલ્ડરપરથી બનાવેલ ડબલ ચાર્જ વિટ્રિફાઈડ ટાઈલ્સ અને ગ્લેઝ્ડ વિટ્રીફાઈડ ટાઈલ્સ બનાવે છે. કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં ૬ સાઈઝના ૧૦૦૦+ વિવિધ ડિઝાઈનના ટાઈલ્સનો સમાવેશ થાય છે. ટોપાઝ, ગેલેક્સી, હાઈગ્લોઝ વિગેરે તેની મુખ્ય સીટીઝ છે. કંપની ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ, રેસિડેન્સિયલ, એજ્યુકેશન, હોટલ, કોમર્શિયલ, હોસ્પિટલ્સ, ગવર્મેન્ટ, બિલ્ડર અને ડેવલપર્સને તેના ઉત્પાદનો સપ્લાય કરે છે. હોટલ એક્ઝેરો ટાઈલ્સ પાસે પાદરા અને તલોદમાં વાર્ષિક ૧૩૨૦૦૦૦ ચોરસ મીટરની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા સાથે બે અદ્યતન ઉત્પાદન યુનિટ ધરાવે છે. તેમાં ૬ શહેરોમાં ૬ ડિસ્ટલે સેન્ટર અને દિલ્હી અને મોરબીમાં ૨ માર્કેટીંગ ઓફિસો છે.

કંપની વર્કિંગ કેપિટલની જરૂરિયાત માટે અને લોનના રીપેમેન્ટ-પ્રીપેમેન્ટ કરવા રૂ. ૧૦ની Fv ના ૧૩૪૨૪૦૦૦ ઈક્વિટી શેર્સ, રૂ.૧૧૮ થી ૧૨૦નાભાવે ઓફર કરીને કુલ રૂ. ૧૬૧.૦૯ કરોડનું ભંડોળ એકત્ર કરવા આઈપીઓ દ્વારા મૂડીબજારમાં ૪ ઓગસ્ટે પ્રવેશી રહી છે. ફ્રેશ ઈસ્યુ રૂ. ૧૩૪.૨૩ કરોડ અને OFS રૂ. ૨૬.૮૬ કરોડનો રહેશે. ઈસ્યુ ૬ ઓગસ્ટે બંધ થશે. લઘુત્તમ અરજી ૧૨૫ શેર્સની કરવાની રહેશે. લિસ્ટીંગ BSE-NSE ખાતે થશે. ઈસ્યુ લીડ મેનેજર પેન્ટોમોથ કેપિટલમાં એડવાઈઝર્સ પ્રા.લિ. છે અને રજીસ્ટ્રાર લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ. છે. કંપનીની છેલ્લા ચાર વર્ષની નાણાકીય કામગીરીમાં Fy18માં રૂ. ૨૨૧.૨૫ કરોડની આવક ઉપર રૂ.૯.૧૪ કરોડ NP, Fy-19માં ૨૪૪.૦૧ કરોડ આવક પર રૂ.૮.૯૨ કરોડ NP, Fy20 માં ૨૪૩.૯૬ કરોડ આવક ઉપર રૂ. ૧૧.૨૬ કરોડ નેટપ્રોફિટ અને Fy21 માં ૨૫૯.૮૫ કરોડ આવક ઉપર રૂ. ૧૫.૨૨ નેટપ્રોફિટ નોંધાવશે.

**વેલ્યુએશન :** કંપનીએ વિસ્તરણ તેમજ ડાઈવર્સીફિકેશન દ્વારા બિઝનેસનો ગ્રોથ જાળવી રાખવામાં સફળ રહી છે. કંપનીનો મજબૂત પોર્ટફોલિયો, વિસ્તૃત ડિલર્સ નેટવર્ક, ઈનોવેશન અને ક્વોલિટી પ્રોડક્ટ ઉપર ફોકસને પગલે કંપની ઉંચો માર્કેટ હિસ્સો પ્રાપ્ત કરવામાં સફળ રહી છે. કંપની ડોમેસ્ટીક માર્કેટીંગ સાથે ગ્લોબલ માર્કેટમાં પણ તેનું નેટવર્ક વિસ્તારી રહી છે. કંપનીએ આ સાથે ગેસ સ્ટેશન સ્થાપવાની યોજના પણ બનાવી છે. જેના કારણે ગેસનો મહત્તમ ઉપયોગ કરી પાવર અને ફ્યુઅલ ખર્ચમાં ઘટાડો કરી શકાય જે કંપનીની કુલ આવકમાં ૩૦ ટકા થવા જાય છે. આથી કંપનીની ઓપરેટીંગ માર્જિનમાં પણ વૃદ્ધિ થતી જોવાશે.

**ભલામણ :** કંપનીની છેલ્લા ચાર વર્ષની સ્થિર નાણાકીય કામગીરીને ધ્યાનમાં લેતા તેમજ વેલ્યુએનના મોરચે લિસ્ટેડ હરિફ કંપનીની તુલનામાં P/Bv અને PE જેવા પેરામીટર્સ આકર્ષક હોવાને કારણે આ IPOમાં લાંબા ગાળા માટે રોકાણ કરીશકાય.

## આ સપ્તાહના Main - line IPO પર એક નજર (Non SME)

| Sr | Company | Issue Open Dt. Issue Close Dt. | Issue size (Rs. Cr.) | Offer price (Rs.) | Min. App. | Listing | Lead Manager | Remark |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | Windlas Biotech Limited | 4-8-2021 to 6-8-2021 | Fresh Issue : Rs.165 Cr.<br>OFS : Rs. 236.54 Cr.<br>Total : Rs. 401.54 Cr. | 448 to 460 (F.V. Rs. 5) | 30 Shares (Rs.13,800) | BSE NSE | DAM Capital, IIFL Holding, SBI Capital Market<br>Registrar : Link Intime India | Long Term |
| 2. | Exxaro Tiles Limited | 4-8-2021 to 6-8-2021 | Fresh Issue : Rs.134.23 Cr<br>OFS : Rs. 26.86 Cr.<br>Total : Rs. 161.09 Cr. | 118 to 120 (F.V. Rs. 10) | 125 Shares (Rs.15,000) | BSE NSE | Pantomath Capital Advisors<br>Registrar : Link Intime India | Long Term |
| 3. | Devyani International Limited | 4-8-2021 to 6-8-2021 | Fresh Issue : Rs.440 Cr.<br>OFS : Rs. 1398.00 Cr.<br>Total : Rs. 1838.00 Cr. | 86 to 90 (F.V. Rs. 1) | 165 Shares (Rs.14,850) | BSE NSE | CLSA India, Edelweiss Financial, Kotak Mah. Capital, Motilal Os.<br>Registrar : Link Intime India | Listing Gain (Short Term) |
| 4. | Krsnaa Diagnostics Limited | 4-8-2021 to 6-8-2021 | Fresh Issue : Rs. 400 Cr.<br>OFS : 85,25,520 Eq. Share | 933 to 954 (F.V. Rs. 5) | 15 Shares (Rs.14,310) | BSE NSE | DAM Capital, Equirus Capital, IIFL Holding, J.M. Financial<br>Registrar : KFintech Pvt. Ltd. | Wait for Listing |
| 5. | Nuvoco Vistas Corporation | -- | Fresh Issue : Rs. 1500 Cr.<br>OFS : Rs. 3500 Cr.<br>Total : Rs. 5000 Cr. | -- (F.V. Rs. 10) | -- -- | BSE NSE | Axis Capital, HSBC Securities, ICICI Sec., J.P. Morgan, SBI Cap.<br>Registrar : Link Intime India | NEXT WEEK |
| 6. | CarTrade Tech Limited | 9-8-2021 to 11-8-2021 | OFS : 1,23,54,811 Eq.Share<br>Total : 1,23,54,811 Eq.Share | -- (F.V. Rs. 10) | -- -- | BSE NSE | Axis Capital, Citigroup Global, Kotak Mah. Cap., Nomura Fin.<br>Registrar : Link Intime India | NEXT WEEK |

તંત્રી : દિલીપ કે. શાહ
સહતંત્રી : પ્રતિત એન. પટેલ

The meterial contain here in is based on Fundamental & Technical analysis & other Scientific methods, but errors can not be ruled out. The information given above is of advisory nature. The Editor and Publisher does no take any consequences arisigng out of it. All rights reserved. Reproducing in whole or in part of any matter including features without permission is prohibited.

**New Age Publications Pvt. Ltd.**
312, Nalanda Enclave
Opp. Sudama Resorts,
Pritamnagar Dhal, Ellisbridge
Ahmedabad - 380006.
Ring : 26576639
Email : smartbonanza@ymail.com, smartbonanza2011&gmail.com
Website : www.smartbonanza.in

## માર્કેટ મૂવમેન્ટ.... (પહેલા પાનાનું ચાલુ)

**મહિના - ભલામણ ખરીદો :** *કંપની અનેક બિઝનેસ સાથે સંકળાયેલી છે. આમ તો ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર તેનો મુખ્ય બિઝનેસ છે. હવે તે નોન કોર બિઝનેસમાંથ બહાર નીકળી છે. હવે કંપનીના કેશ ફ્લો અને રિટર્ન રેશિયોમાં સુધારો થઈ રહ્યો છે. તેની સાથે મજબુત ઓર્ડરબુક, એક્ઝિક્યુશનમાં સુધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત કંપની હાઈડ્રોકાર્બનમાં કેપેક્સમાં વિસ્તરણ કરી રહી છે. એક્સપર્ટ સુદીપનું કહેવું છે કે, આ સ્ટોકમાં વર્તમાન ભાવે આગામી ૬થ ૯ મહિના માટે રૂા. ૧૮૦૦ટાર્ગેટે રોકાણ કરો.*

**Asian Paints - એક્સપર્ટ Geejit Financial ગૌરાંગ શાહ - CMP Rs. 3027 - Target Rs. 500 - સમયગાળો ૧૨ મહિના - ભલામણ ખરીદો :** *કંપની દેશની ટોચની પેઈન્ટ ઉત્પાદક છે. કોરોનાના બીજા વેવ બાદ હાલમાં ડેકોરેટિવ પેઈન્ટ સેગમેન્ટમાં સારો ગ્રોથ જોવા મળી રહ્યો છે. હાઉસિંગ અને રિઆલ્ટી સેક્ટરમાં હાલ તેજી છે. તેનો લાભ આ કંપનીને મળવાની શક્યતા છે. સાથે સાથે ક્રૂડ તેલમાં નરમાઈથી કંપનીના માર્જિનમાં સુધારો થવાન શક્યતા છે. એક્સપર્ટ ગૌરાંગ શાહ આ સ્ટોક વર્તમાન ભાવે ખરીદવાન ભલામણ કરે છે.*

**ITC - એક્સપર્ટ Geejit Financial ગૌરાંગ શાહ - CMP Rs. 209 - Target Rs. - - સમયગાળો - ભલામણ ખરીદો :** *એક્સપર્ટ ગૌરાંગ શાહનું કહેવું છે કે, કંપનીએ જૂન ૨૦૨૧ ના પ્રથમ ક્વાર્ટરમાં સિગારેટનો વેચાણ ગ્રોથ ૩૩ ટકા જેટલો હાંસલ થયો છે. કંપનીના એફએમસીજી બિઝનેસ માર્જિનમાં કોરોનાના બીજા વેવ બાદ સુધારો થયો છે, તે જ રીતે અનલોકના કારણે હોટલ બિઝનેસમાં ધીરે ધરે રિકવર આવી રહી છે. એક્સપર્ટના મતે આ સ્ટોક વર્તમાન ભાવે ખરીદવા જેવો છે.*

**Deepak Nitrite - એક્સપર્ટ Hem Securities ના આસ્થા જૈન - CMP Rs. 2093 - Target Rs. - - સમયગાળો - ભલામણ ખરીદો :** *કેમિકલ્સ સેક્ટરની આ કંપનીએ જૂન ૨૦૨૧ ના પ્રથમ ક્વાર્ટરમાં જાહેર કરેલા પરિણામો આશાસ્પદ છે. વેચાણમાં ૧૨૬ ટકાની વૃધ્ધિ અને નફામાં ૨૦૫ ટકાનો સુધારો દર્શાવ્યો છે. કંપનીનો બિઝનેસ વિદેશમાં પણ ફેલાયેલો છે. હવે કંપની યુએસ, યુકે, ચીન અને યુરોપના માર્કેટમાં પ્રવેશવાનો પ્રયત્ન કરી રહી છે. કંપનીના ઉત્પાદનો વિશ્વના ૩૦ દેશોમાં નિકાસ થાય છે. આમ છતાં કંપની સતત નવા માર્કેટમાં પ્રવેશવા પ્રયત્ન કરી રહી છે. દેશમાં પણ કંપનીનું મજબુત ડિસ્ટ્રબ્યૂશન નેટવર્ક છે તે જોતાં એક્સપર્ટ આ સ્ટોકમાં રોકાણની ભલામણ કરે છે.*

**Ultratech Cement - એક્સપર્ટ Hem Securities ના આસ્થા જૈન - CMP Rs. 7850 - Target Rs. 8900 - સમયગાળો - ભલામણ ખરીદો :** *કંપની સિમેન્ટ સેક્ટરમાં મોખરાનું સ્થાન ધરાવે છે. જૂન ૨૦૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં કંપનીએ સંગીન પરિણામો જાહેર કર્યા છે.*

*પ્રથમ ક્વાર્ટરમાં ઈન્કમમાં ૫૫.૬ ટકાનો ઉછાળો આવ્યો છે. કંપની દ્વારા ૨૦૨૩ ના આગામી નાણાંવર્ષ સુધી દેવા મુક્ત થવાની કોશિશ થઈ રહી છે. કંપનીના સિમેન્ટન માગમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. તેના પગલે કંપનીના કેશ ફ્લોમાં વૃધ્ધિની શક્યતા છે. ઉત્તર અને પૂર્વ ભારતમાં સિમેન્ટની માગમાં ભારે ઉછાળો આવ્યો છે. આ ઉપરાંત કંપનીને રૂરલ હાઉસિંગ સેગમેન્ટમાં સુધારાનો પણ ફાયદો મળશે. આ ઉપરાંત સારા ચોમાસા અને ઊંચા ખરીફ એમ.એસ.પી.નો પણ લાભ મળશે. એક્સપર્ટ આસ્થા જૈને આ સ્ટોકમાં વર્તમાન ભાવે આગામ સમય માટે રૂા. ૮૯૦૦ના ટાર્ગેટે રોકાણ ભલામણ કરી છે.*

## એવરગ્રીન સ્ટોક્સ.... (છેલ્લા પાનાનું ચાલુ)

*ગ્રેડ મલ્ટિ ટેરાબાઈટ ટ્રાન્સમિશન અને સ્વિચિંગ, ફાઈબર બ્રોડબેન્ડ એસેસ, બ્રોડબેન્ડ વાયરલેસ એસેસ સાથે સાથે મલ્ટિ ગિગાબાઈટ એથરનેટ આઈપી સ્વિચિંગ અને રાઉટિંગ પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે.*

*આ પ્રોડક્ટો* ITU, IEEE, IETF, MEF, 3GPP *જેવા ગ્લોબલ ટેકનોલોજ સ્ટાન્ડર્ડ આધારિત છે અને તેનો ઉપયોગ ટેલિકોમ નેટવર્કના જુદા જુદા લોકેશન્સમાં થાય છે. જેમાં બેઝ સ્ટેશન, એક્સચેન્જ, ડેટા સેન્ટર્સ, યુટિલિટી સાઈટ, કન્ઝ્યુમરન પ્રીમાઈસિસિંગ, તથા મેટ્રો શહેરોના* POPC *(પોઈન્ટ ઓફ પ્રેઝન્ટ) સાઈટ્સ સ્ટેટ વાઈડ અથવા નેશનલ નેટવર્કમાં સમાવેશ થાય છે.*

*કંપનીએ જૂન-૨૦૨૧ ના પ્રથમ ક્વાર્ટરમાં રૂા. ૧૪૪.૦૭ કરોડના કુલ વેચાણ દર્શાવ્યા છે. જે અગાઉના વર્ષના સમાનગાળા કરતાં ૮૨.૮૯૯ ટકા વધુ છે. ગત વર્ષે રૂા. ૭૮.૭૩ કરોડ હતા. એ જ રીતે જૂન ૨૦૨૧ માં ક્વાર્ટલી પ્રોફિટ રૂા. ૭.૪૮ કરોડ થયો છે. જે ગત વર્ષ કરતાં ૧૭૫.૭૧ ટકા વધુ છે. ઈપીએસ ૦.૮૦થી વધી જૂન ૨૦૨૧માં ૧.૦૭ થઈ છે.* EBITDA *જૂન ક્વાર્ટરમાં રૂા. ૨૫.૮૯ કરોડ દર્શાવ્યો છે જે ગત વર્ષે સમાનગાળામાં રૂા. ૪.૮૧ કરોડ હતો. એ જ રીતે માર્ચ ૨૦૨૧ના ચોથા ક્વાર્ટરમાં નેટ સેલ્સ રૂા. ૨૦૧.૧૬ કરોડ થયું છે જે ગત વર્ષે સમાનગાળામાં રૂા. ૧૨૬.૭૪ કરોડ હતું. જ્યારે માર્ચ ૨૦૨૧ માં* EBITDA *રૂા.૩૩.૬૭ કરોડ હતો, જે માર્ચ ૨૦૨૦માં રૂા. ૧૦૪.૩૨ કરોડ હતો. એ જ રીતે ઈપીએસ માર્ચ ૨૦૨૦માં અંતે રૂા. ૩.૬૦ હતી, જે માર્ચ ૨૦૨૧ માં વધી રૂા. ૧૩.૭૫ થઈ હતી. તાજેતરમાં તાતા સન્સે તેજસ નેટવર્કમાં રૂા. ૧૮૯૦ કરોડ આસપાસ હિસ્સો ખરીદયો છે. તેના કારણે કંપનીને તેજસના મજબુત રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના નેટવર્કના ફાયદો મળશે અને અસરકારક ગ્લોબલ સંબંધો અને નાણાંકીય સ્રોતનો લાભ મળશે. ભારત સરકારના આત્મનિર્ભર ભારત અભિયાન અને ડિજિટલ ઈન્ડિયા જેવા અભિયાનનો કંપનીને લાભ મળશે. આ કેશરીચ અને ડેબ્ટ ફ્રી કંપની પાસે હેલ્ધી ઓર્ડરબુક ગ્રોથ વગેરેને પગલે નેટપ્રોફિટ અને માર્જિનમાં ક્વાર્ટર ટૂ ક્વાર્ટર બેઝિઝ વૃધ્ધિને ધ્યાને લેતાં આ સ્ટોકમાં લાંબાગાળાનું રોકાણ મલ્ટિબેગર રિટર્ન આપશે.*

## આ અઠવાડિયાની Index, Future અને Delivery Calની ટ્રેડિંગ સ્ટ્રેટેજી કેવી રહેશે

**Trading Stratesy**

**Arun rangpariya**

arunrangpariya@yahoo.co.in

***આ અઠવાડિયાની ટ્રેડિંગ સ્ટ્રેટેજી***

**Index**

Buy NIFTY Fut Above 15840 TGT 15980-16060 SL 15720

Sell NIFTY Fut Below 15740 TGT 15590-15450 SL 15860

Buy BANKNIFTY Fut Above 34800 TGT 35120-35300 SL 34560

Sell BANK NIFTY Fut Below 34600 TGT 34280-34050 SL 34870

**Future**

Sell COFORGE Fut Below 5060 TGT 4990-4945 SL 5112

Buy TATA MOTOR Fut Above 294 TGT 302-308 SL 288

Sell JINDAL STEEL Fut Below 436 TGT 427-418 SL 443

BuyM&M Fut Below 744 TGT 757-770 SL 731

**Delivery Cal**

Buy SDBL Near 51 TGT 55-58 SL 48

Buy DALMIA SUGAR Near 475-76 TGT 502-520 SL 460

# શિવા ગ્લોબલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે

## ફર્ટિલાઈઝર સેગમેન્ટમાં અત્યાર સુધીનો સૌથી વધુ ગ્રોથ દર્શાવ્યો

## મજબૂત સપ્લાય ચેઈન સ્ટ્રેટજીને પગલે કંપનીનું વેચાણ નોંધપાત્ર વધ્યું

*શિવા ગ્લોબલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમ્ટેડે વર્ષ ૨૦૨૦-૨૧ના ચોથા ક્વાર્ટરના અને સમગ્ર વર્ષના પરિણામ જાહેર કર્યા હતા જેમાં તેનો સમગ્ર વર્ષનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ રૂ.૯૩૨ લાખ થયો હતો, જે અગાઉના વર્ષે એટલે કે ૨૦૧૯-૨૦માં રૂ.૬૭૯.૧૫ લાખ હતો. મતલબ કે તેમાં ૩૭.૨૩ ટકાનો વધારો થયો હતો. કંપનીના ૨૮ વર્ષના ઈતિહાસમાં ક્વોન્ટિટીની દષ્ટિએ આ સૌથી વધુ પ્રોફિટ ગ્રોથ હતો. કોરોના મહામારી વચ્ચે પણ ફર્ટિલાઈઝર અને સોલ્વન્ટ બિઝનેસમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી હતી. લોકડાઉન છતાં ફર્ટિલાઈઝરનું ટ્રાન્સપોર્ટેશન ડિસ્ટ્રિબ્યુટર્સ અને ખેડૂતો સુધી કરવામાં આવ્યું હતું. કારણ કે કંપનીએ મજબૂત સપ્લાય ચેઈન સ્ટ્રેટજી અપનાવી હતી અને તેની પ્રોડક્ટ્સ દેશભરમાં પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી.*

*શિવા ગ્લોબલ એગ્રોના પ્રો-એક્ટિવ પગલાંને કારણે ગત વર્ષના પ્રથમ છ મહિનાના ગાળામાં પર્યાવરણ સંબંધિત સ્થિતિમાંથી ઝડપી રિકવરી જોવામળી હતી. કંપનીએ ખર્ચ ઘટાડવાના પણ અનેક પગલાં લીધા હતા. આ ઉપરાંત યોગ્ય પ્રાઈસ ફોરકાસ્ટિંગ અને પ્રોક્યોરમેન્ટ ટેકનિક તથા સપ્લાયર્સ સાથે સારા સંબંધને પગલે તેને ફાયદો થયો હતો.*

***કોરોનાકાળમાંથી બોધપાઠ અને અસર :-*** *વૈશ્વિક સ્તર પર ગત વર્ષે પ્રથમ છ મહિનાના ગાળામાં એગ્રીકલ્ચરલ કેમિકલ્સનાં ઉત્પાદનમાં ૫ ટકા જેવો ઘટાડો નોંધાયો હતો, જેમાં ક્રોપ પ્રોટેક્શન(પાક સુરક્ષા) કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સનો સમાવેશ છે. તેને ધ્યાનમાં લઈને શિવા ગ્લોબલ એગ્રોએ સ્થાનિક સપ્લાય ચેઈન પર ફોક્સ કર્યું અને સ્કિલ્ડ લેબરની અછત અને ક્રૂડ ઓઈલના ઊંચા ભાવની ઉત્પાદન પર અસર ન થાય તેની પૂરતી તકેદારી રાખી હતી.*

*ગત વર્ષના બીજા છ માસિક ગાળામાં ચોમાસું સારું રહેવાથી પાકનું વાવેતર વધ્યું હતું જેને કારણે ફર્ટિલાઈઝર, ડી-ઓઈલ્ડ કેક(ડીઓસી) અને ખાદ્યતેલનું વેચાણ વધ્યું હતું. તેને કારણે કોરોનાની અસર કંપનીના બિઝનેસ પર મર્યાદિત રહી હતી.*

*આ ઉપરાંત કેન્દ્ર અને વિવિધ રાજ્યોએ રજૂ કરેલી ડાયરેક્ટ ઈન્કમ સપોર્ટ સ્કીમને કારણે કંપનીની કેશની સ્થિતિમાં સુધારો થયો હતો અને ખેડૂતોને પણ મદદ મળી હતી.*

***કંપનીની નાણાકીય કામગીરી*** *:- ગત વર્ષે કંપનીને સાનુકૂળ બિઝનેસ માહોલ અને લિક્વિડેશન પ્રોફાઈલમાં સુધારાને કારણે ફાયદો થયો હતો જેને કારણે તેનું બિઝનેસ પરફોર્મન્સ નોંધપાત્ર રહ્યું હતું. કંપનીની આવક વધીને રૂ.૪૮,૯૬૩.૩૬ લાખ થઈ હી, જે અગાઉના વર્ષે રૂ.૪૯,૯૬૧.૮૩ લાખ હતી. કંપનીનો ટેક્સ પહેલાનો નેટ પ્રોફિટ રૂ.૧૧૭૦.૨૮ લાખ રહ્યો હતો, જે અગાઉના વર્ષે રૂ.૧૦૮૮.૨૮ લાખ હતો.*

***ફર્ટિલાઈઝર અને સોલ્વન્ટ ઈન્ડસ્ટ્રીનું ભવિષ્ય :-*** *કંપનીના મતે ફર્ટિલાઈઝરનું ઉત્પાદન ખેડૂતોને પરવડે તેવું થશે અને ખેડૂતોને તેનાથી લાભ વધુ થશે. હાલમાં પાકનું ચક્ર જોતા ઘણાં ખેડૂતો સમજે છે કે આ સિઝનલ બિઝનેસ છે અને તેઓ પણ હવે ફર્ટિલાઈઝરનો વધુ ઉપયો કરતા થયા છે અને વધુ પાક લેતા થયા છે. તેને કારણે ઓછી જમીનમાં વધુ પાક લેવાનું વલણ વધશે. કૃષિ ક્ષેત્ર અનેક પરિબળો આધારીત છે જેમાં મેક્રો ઈકોનોમિક પરિબળો જેવા કે વસતી, કૃષિ જમીનમાં ઘટાડો, પાકનો વૈકલ્પિક ઉપયોગ અને ભારતીયોમાં ડાયેટની પસંદગીમાં ફેરફાર વગેરેની પણ અસર થાય છે. આ પરિબળો પણ માર્કેટમાં ભાવમાં વોલેટિલિટી પર અસર કરશે.*

*સોલ્વન્ટ્સ બિઝનેસમાં સોય આધારીત પ્રોડક્ટ્સ અન્ય નોન-ગ્રીન પ્રોડક્ટ્સને સમકક્ષ રહેશે તેવી ધારણા છે. તેનો ફાયદો એ છે કે વરસાદના સમયમાં તેના પાકમાં ધોવાણ થતું નથી અને નુકસાન થતું નથી જે અન્ય પરંપરાગત પ્રોડક્ટ્સમાં જોવા મળતું હોય છે. આથી ખેડૂતો સોયા આધારીત સંસાધનોનો વધુ ઉપયોગ કરશે તેમ જણાય છે. ભવિષ્યમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે તથા એનજીઓ અને અન્ય પાર્ટનર્સ વચ્ચે ભાગીદારી અને જોડાણથી ઝીરો-કાર્બન એમોનિયા પ્રોડક્શન શક્ય બનશે અને લો-કાર્બન ફર્ટિલાઈઝરનો ઉપયોગ વધશે જે શિવા ગ્લોબલ એગ્રોનો લક્ષ્યાંક છે.*

***આગામી પ્રોડક્ટ્સ અને બિઝનેસ પ્લાન :-*** *શિવા ગ્લોબલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ભવિષ્યના પ્લાનમાં મહારાષ્ટ્રના નાંદેડ ખાતે નવો પ્લાન્ટ સ્થાપવાનું આયોજન છે જેમાં મેગ્નેશિયમ સલ્ફેટનું ઉત્પાદન થશે. તેની વાર્ષિક ક્ષમતા ૧૫,૦૦૦ મેટ્રિક ટન રહેશે. ન્યૂટ્રીયન્ટ્સની વધતી માંગને પહોંચી વળવામાં આ નવો પ્લાન્ટ મદદરૂપ બનશે. આ ઉપરાંત કોમર્શિયલ સપ્લાયમાં કંપનીને ફાયદો થશે.*

*આ ઉપરાંત નાંદેડ ખાતે જ* HDPE/PP *પેકેજિંગ ફેસિલિટી સ્થાપવાની પણ કંપનીની યોજના છે. પેકેજિંગ ક્વોલિટીમાં સુધારો કરવા અને ખર્ચ ઘટાડવાના હેતુથી આ આયોજન છે.* HDPE/PP *બેગ્સ હાલમાં ફર્ટિલાઈઝર અને સોલ્વન્ટ પ્રોડક્ટ્સ બન્ને માટે ઉપયોગમાં લેવાય છે જેથી તાપમાનમાં ફેરફાર, પાણી, વરાળ, વગેરેની અસર તેના પર ન થાય. કંપનીએ ગયા વર્ષે ઓર્ગેનિક ડીઓસી પ્લાન્ટ ધમધમતો કર્યો તેને કારણે કંપનીને આગામી સમયમાં ફાયદો થશે. રૂ.૨૭૦ લાખના ખર્ચે સ્થપાયેલા આ પ્લાન્ટની સંપૂર્ણ કામગીરી હવે શરૂ થઈ ગઈ છે અને તેને કારણે ચાલુ વર્ષમાં જ કંપનીની આવક વધવાનું શરૂ થઈ જશે.*

*ફર્ટિલાઈઝર બિઝનેસમાં આયાત કરાતા મોંઘા અને ઊંચા ગ્રેડના રોક્સને બદલે સ્વદેશી રોક્સનો ઉપયોગ કરવાના નિર્ણયથી ઉત્પાદન ખર્ચ ઘટશે. નાંદેડમાં આ માટે બીઆરપી ફેસિલિટીનો ઉપયોગ થશે.*

*સોલ્વન્ટ બિઝનેસમાં આગામી કેટલીક નવી પ્રોડક્ટ્સ વધુ સોયા ડીઓસી અને ખાદ્યતેલનાં ઉત્પાદન સંબંધિત રહેશે. સોયાબીનમાંથી સોયાતેલનું ઉત્પાદન કરવામાં આવશે. સરસવ અને મહુઆ પ્રોડક્ટ્સનું ઉત્પાદન તો ચાલુ જ રહેશે.*

*નીમ એટલે કે લીમડા આધારીત ઓર્ગેનિક ફર્ટિલાઈઝર પ્રોડક્ટ્સ જે મેક્રો અને માઈક્રોન્યૂટ્રીયન્ટ્સ દ્વારા પેક કરવામાં આવે છે તેનાથી પાકને સારું પોષણ મળે છે અને કુદરતી પોષણ મળે છે. કંપનીની આગામી પ્રોડક્ટ પાઈપલાઈનમાં તેનો પણ સમાવેશ છે.*

***વર્ષ ૨૦૨૧-૨૨નું આઉટલૂક :-*** *શિવા ગ્લોબલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડિરેક્ટર દીપક માલિવાલે કહ્યું હતું કે*

*"દેશના અર્થતંત્ર માટે કૃષિ ક્ષેત્ર ખૂબ જ મહત્વનું છે અને મહત્વનું રહેશે. તાજેતરમાં સરકારે કૃષિ ક્ષેત્રે જે સુધારા કર્યા છે તેને કારણે આ ક્ષેત્રે વધુ વૃદ્ધિ થશે અને ખેડૂતોનું પણ કલ્યાણ થશે. ભારતીય કૃષિ ક્ષેત્રમાં હવે સ્માર્ટ એગ્રી પ્રેક્ટિસ જોવા મળશે જેમ કે બેલેન્સ્ડ ન્યૂટ્રીશન, પ્રીસિશન ફાર્મિંગ, માઈક્રો-ઈરિગેશન, ડિજિટલ કનેક્ટ અને પરસ્પર સર્વિસ મોડેલ શેર કરવાની પ્રેક્ટિસ, વગેરે."*

*તેમણે વધુમાં કહ્યું હતું કે "તેને કારણે લોકોની ડાયેટ સંબંધિત જરૂરિયાતો પૂરી કરવામાં, કુદરતી સંસાધનો પર વધતું દબાણ ઘટાડવામાં, અને કૃષિ ક્ષેત્રે શ્રમિકોની તંગી જેવી સમસ્યા દૂર કરવામાં મદદ મળશે. અમારી કંપની વ્યાપક અનુભવ અને ખેડૂતો સાથે સીધા સંપર્કને કારણે, કસ્ટમાઈઝ્ડ પ્રોડક્ટ ઓફરિંગને કારણે, કાર્યક્ષમ સપ્લાય ચેઈન અને માર્કેટમાં મજબૂત નેટવર્ક દ્વારા આ ટ્રેન્ડને કારણે ઊભી થયેલી તક ઝડપી લેવા માટે સંપૂર્ણ સજ્જ છે."*

Smart Bonanza
Gujarati Financial Weekly

## જમ્પીંગ જેકપોટ.... (પહેલા પાનાનું ચાલુ)

અને આ કંપનીને સરકારની પીએલઆઈ સ્કીમનો પણ ફાયદો મળી રહ્યો છે. સ્ટોકમાં કોઈ પણ ઘટાડો આવે તો રોકાણ કરવાની તક ઝડપી લેવાય. આ સ્ટોક જાણકારોના મતે બીજો SPORTSKING બની શકે છે જેનો ભાવ ૪૦૮૩ આસપાસ ચાલી રહ્યો છે.

**MARAL OVERSEAS: (80.60) :** જુન ક્વાર્ટરમાં કંપનીએ બમ્પર પરિણામો જાહેર કર્યા છે. કંપનીનો નફો ૨૦.૪૨ કરોડ રહ્યો છે જે ગત વર્ષે જુન ક્વાર્ટરમાં ૧૪.૮૯ કરોડની નુકશાની હતી. વેચાણ ૬૭.૨૨ કરોડથી ૨૩૩.૩૧ ટકા વધીને ૨૨૪.૦૫ કરોડ થઈ છે. એબીટા ૪.૮૪ કરોડથી ૭૬૪ ટકા વધીને ૩૨.૧૪ કરોડ થયો છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં ૪.૯૨ ની ઈપીએસ હાંસલ કરી છે.

**RUBY MILLS (343) :** એક મહિનાના કોન્સોલીડેશન બાદ આ સ્ટોકમાં બ્રેક આઉટ જોવાયું છે. સ્ટોક વધારે ઉપરના લેવલ દર્શાવી શકે છે.

## પ્રાયમરી માર્કેટ... (ચોથા પાનાનું ચાલુ)

થઈ નથી. આ સાથે CarTrade Tech Ltd., Nuvoco Vistas Corporation ના ઈસ્યુ પણ આગામી સપ્તાહે માર્કેટમાં પ્રવેશી રહ્યા છે.

**● Windlas Biotech Main Line IPO :-** ભારતમાં ફાર્માસ્યુટિકલ્સ ફોર્મ્યુલેશન કોન્ટ્રાક્ટ ડેવલપમેન્ટ અને મેન્યુફેક્ચરિંગ ઓર્ગેનાઈઝેશન (CDMO) સેગમેન્ટની અગ્રણી કંપનીમાં સ્થાન ધરાવે છે. કંપની રૂ.૪૪૮ થી ૪૬૦ની ઓફર ભાવનો કુલ રૂ.૪૦૧.૫૪ કરોડના ઈસ્યુ સાથે ૪ ઓગસ્ટે માર્કેટમાં પ્રવેશશે. ઈસ્યુ ૬ ઓગસ્ટે બંધ થશે. ઈસ્યુના રજીસ્ટ્રાર લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા છે. કંપનીની નાણાકીય વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં સતત નફો ધરાવે છે. પીઈ ૬૫.૫ છે. ઓફરભાવ વધારે ઊંચો અને કોસ્ટલી છે. રીટેઈલ ઈન્વેસ્ટરો માટે રીસ્કી બેટ કહી શકાય.

ભલામણ : જોખમ ઉઠાવનાર રોકાણકાર લાંબા ગાળા માટે વિચારી શકે. તા.૬ ઓગસ્ટે બંધ થઈ રહેલ આ આઈપીઓનું એલમેન્ટ તા.૧૧ ઓગસ્ટે જ્યારે લિસ્ટીંગ ૧૭ ઓગસ્ટેથશે. હાલનાસંજોગોને જોતા લિસ્ટીંગ રૂ.૬૦૦થી ૬૫૦ની આસપાસ થઈ શકે છે.

**● Devyani International Ltd. Main Line IPO :-** ન્યુ-દિલ્હી સ્થિત આ કંપનીની સ્થાપના ૧૯૯૧માં થઈ હતી. દેવયાની ઈન્ટર લિ.ની પ્રથમ બ્રાન્ડ્સની સૌથી મોટી ફ્રેન્ચાઈઝી ધરાવે છે. ભારતમાં ૧૫૫ શહેરોમાં ૬૫૫ સ્ટોર્સ સાથે સૌથી મોટી ક્વિક રેસ્ટોરન્ટ (QSR) ચેઈન ઓપરેટર્સમાંની`ક છે. કંપની લોનના રીપેમેન્ટ-પ્રીપેમેન્ટ કરવા રૂ.૮૬ થી રૂ.૯૦ની પ્રાઈસબેન્ડ આઈપીઓ દ્વારા રૂ.૧૮૩૮ કરોડનું ભંડોળ એકત્ર કરવા ૪ ઓગસ્ટે માર્કેટમમાં પ્રવેશશે. ઈસ્યુ ૬ ઓગસ્ટે બંધ થશે. ઈસ્યુના રજીસ્ટ્રાર લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ. છે. આ એક સતત લોસ કરતી કંપની છે. EPS/PE/RoNW નેગેટીવ છે. કંપનીની સંચિત ખોટ એટલી મોટી છે કે પોઝિટીવ ટર્નએરાઉન્ડ માટે તેમજ ડિવિડન્ડ લીસ્ટ ઉપર આવતા લાંબી રાહ જોવી પડશે.

ભલામણ : લિસ્ટીંગ લાભ અને ટુંકા ગાળાના રોકાણ માટે વિચારી શકાય. શેરનું એલોટમેન્ટ ૧૧ ઓગસ્ટે, રિફંડ ૧૨ ઓગસ્ટે અને ખાતામાં સેર ૧૩ ઓગસ્ટે આવશે જ્યારે લિસ્ટીંગ તા.૧૬ ઓગસ્ટના રોજ થશે.

**● Krsnna Diagnostics Ltd. Main Line IPO :-** કૃષ્ણા ડાયગ્નોસ્ટીક લી.ની સ્થાપના ૨૦૧૦માં પુને ખાતે થઈ હતી.કંપની ભારતમાં સૌથી ઝડપી વિકસતી ડાયગ્નોસ્ટિક ચેઈન ધરાવે છે. કંપની લોનના રીપેમેન્ટ અને પ્રીપેમેન્ટ માટે અને નવા ડાયગ્નોસ્ટીક્સ સેન્ટર્સ સ્થાપવા માટે રૂ.૯૩૩થી ૯૫૪ ઓફરભાવનો કુલ રૂ.૧૨૧૩.૩૩ કરોડનું ભંડોળ એકત્ર કરશે. ઈસ્યુ ૪ ઓગસ્ટે ખુલી ૬ ઓગસ્ટે બંધ થશે. રજીસ્ટ્રાર K Fintech પ્રા.લિ.છે. આ કંપની નાણાકીય વર્ષ ૨૦૨૦ સુધી ખોટમાં હતી અને નાણાકીય વર્ષ ૨૦૨૧માં ટર્નએરાઉન્ડ પોઝીશન હાંસલ કરી છે. જે શંકાસ્પદ છે. ૭૭.૮૮ અને ૪.૭૬ જે ખૂબ જ ઊંચા છે અને ઓફરભાવ ખૂબ જ મોંઘો છે.

ભલામણ : રોકાણકારો આ ઈસ્યુથી દૂર રહો.

## BSE SME IPO

| Sr | Company | Open Dt. Close Dt. | Issue size (Rs. Cr.) | Offer price (Rs.) | Minimum Applications Size | Lead Manager | Remark |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Aashka Hospitals | 10-8-2021 13-8-2021 | 84,00,000 Eq.Shares (Rs. 101.64 Cr.) | 121 | 1000 Eq. Shares (Rs. 1,21,000) | Fedex Securities | NEXT WEEK |

**★ આગામી સપ્તાહના SME IPOs :-** આગામી સપ્તાહોમાં ગુજરાત સ્થિત વધુ એક BSE SME IPO - Aashka Hospitals Ltd.નું માર્કેટમાં આગમન થઈ રહ્યું છે.

**● Aashka Hospitals Ltd. :-** ગાંધીનગર સ્થિત આશકા હોસ્પિટલનો ૮૪,૦૦,૦૦૦ ઈક્વિટી શેરનો આ IPO રૂ. ૧૦૧.૬૪ કરોડનું ભંડોળ એકત્ર કરવા આગામી તા. ૧૦ ઓગસ્ટના રોજ માર્કેટમાં પ્રવેશશે જેનો ઓફરભાવ રૂ. ૧૨૧ ફિક્સ્ડ રાખવામાં આવ્યો છે ઈસ્યુ તા. ૧૩ ઓગસ્ટના રોજ બંધ થશે. લીડ મેનેજર Fedex Securities છે. તાજેતરમાં કોરોનાની મહામારીને પગલે હોસ્પીટલ્સ સેક્ટરની કંપનીઓના શેરોમાં પ્રવેશેલ ફેન્સીનો લાભ આ કંપનીને મળી રહેશે. શેરનું લિસ્ટીંગ BSE SME પ્લેટફોર્મ ખાતે થશે. કંપનીના મુખ્ય પ્રમોટર અને CMD - Bipinbhai Shah છે. અદ્યત્તન સાધનોથી સુસજ્જ ઉત્તર ગુજરાતમાં સારી નામના વિસ્તરણ યોજના હેઠળ વ્યુહાત્મક જોડાણ કરી વધુ હોસ્પીટલ્સ શરૂ કરવાની કંપની યોજના ધરાવે છે.

**★ આગામી મેઈન બોર્ડની ભીતરમાં**

**● CarTrade Tech Ltd. :-** આ આઈપીઓ ૯ થી ૧૧ ઓગસ્ટે માર્કેટમાં પ્રવેશવા સજ્જ બનેલ છે. એકંદેર રૂ. ૨૦૦૦ કરોડના આ મેગા ઈસ્યુના પ્રાઈસબેન્ડની જાહેરાત હજી થઈ નથી.

**● NYKAA FSN-COMMERCE VENTURES :-** બ્યુટીના ક્ષેત્રમાં દેશની મોખરાની ઈ-કોમર્સ કંપનીની સ્થાપના ફાલ્ગુની નાયરે કરી હતી. અભિનેત્રી કેટરીના કેફે ઓક્ટોબર-૨૦૨૦માં નાયકામાં રોકાણ કર્યું હતું.

કંપનીની સ્થાપના ઈન્વેસ્ટર બેન્ક તરીકે કામ કરી ચૂકેલી નાયરે ૨૦૧૨માં કરી હતી. તેની આવક વર્ષ ૨૦૨૦માં રૂ.૧૮.૫ અબજ રહેવા પામી હતી. તેમાં રોકાણકારોના TPG અને ફિડિલિટિનો સમાવેશ થાય છે. છેલ્લે કંપનીનું મૂલ્યાંકન સીબી ઈનમાઈટ્સે ૧.૨ અબજ ડોલર કર્યું હતું. ઝોમેટો પણ બીજી એક સ્ટાર્ટઅપ કંપની માર્કેટમાં પ્રવેશવા માટે DRHP ફાઈલ કરાયેલ છે. આ કંપની ૫૨૫ કરોડના ફ્રેશ ઈશ્યુ તેમજ ૪૩૧૧૧૬૭૦ ઈક્વિટી શેસ OFS દ્વારા ઓફર કરશે.

**● Policy Bazaar :-** ઓનલાઈન ઈન્સ્યોરન્સ માર્કેટબ્લેસ પોલિસી બઝારે પણ અન્ય ઈન્ટરનેટ કંપનીઓને અનુસરતા સોમવારે પ્રાયમરી માર્કેટમાં પ્રવેશવા માટે DRHP ફાઈલ કરી દીધું છે. કંપનીના રૂ.૬૦૧૭ કરોડના આઈપીઓમાં કંપનીમાં વર્તમાન રોકાણકારોના રૂ.૧૮૭૫ કરોડના ઓફર ફોર સેલ હિસ્સાનો તથા કંપની દ્વારા રૂ.૩૭૫૦ કરોડના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે. ઈન્ફોએજનું સમર્થન ધરાવતી ઝોમેટો પછીની આ બીજી કંપની શેરબજારમાં પ્રવેશ કરશે.

**● Nuvoco Vistas corp IPO :-** નિરમા ગ્રુપ દ્વારા પ્રમોટ કરવામાં આવેલ આ કંપનીનો લગભગ રૂ.૫૦૦૦ કરોડનો આઈપીઓ ૯ ઓગસ્ટે ખુલી ૧૧ ઓગસ્ટે બંધ થાય તેવી મજબૂત સંભાવના છે. રીટેલ ઈન્વેસ્ટર માટે ૩૫ ટકા શેર એલોટ થશે.

**● Adani Wilmar :-** સીંગાપુર સ્થિત એગ્રી બિઝનેસ સાથે સંકળાયેલ વિલમેર ઈન્ટરનેશનલ સાથે અદાણી ગ્રુપની આ જોઈન્ટ વેન્ચર કંપની અદાણી વિલ્મરના નામે રૂ.૪૫૦૦ કરોડનો આઈપીઓ લાવવા સજ્જ બની છે. ઉલ્લેખનિય છે કે આ જોઈન્ટ વેન્ચરમાં અદાણી ગ્રુપ ૫૦ ટકા હિસ્સો ધરાવે છે. લિસ્ટીંગ બીએસઈ-એનએસઈ ખાતે થશે. અદાણી વિલ્મેર, કીચન કોમોડિટીઝ જેવી કે એડીબલ ઓઈલ્સ ફોર્ચ્યુનની બ્રાન્ડથી વેચાણ કરે છે.

**નેશનલ સ્ટોક એક્ષચેન્જ (NSE) IPO લાવવા સજ્જ સેબીએ ૨૦૧૯માં છ મહિના માટે બજારમાં પ્રવેશ પર પ્રતિબંધ મુક્યો હતો :** એક્સચેન્જે તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે, એનએસઈએ આઈપીઓ લાવવા અને પ્રોસ્પેક્ટસ રજૂ કરવા માટે સેબીને નો ઓબ્જેકશન સર્ટિફિકેટ માટે વિનંતી કરી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સેબીએ હજુ એક્સચેન્જને આઈપીઓ લાવવાની મંજુરી આપી નથી. એપ્રિલ ૨૦૧૯માં સેબીએ કો-લોકેશન સુવિધામાં કથિત અનિયમિતતાના કારણે એનએસઈને છ મહિના માટે મૂડીબજારમાં પ્રવેશ પર પ્રતિબંધ મુક્યો હતો. NSE અનુસાર, પ્રતિબંધ અવધિ ૩૦ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ સમાપ્ત થઈ ગઈ છે.

## મિડકેપ બોનાન્ઝા

### PHOENIX MILLS

| | | |
|---|---|---|
| બંધ ભાવ | : | ૮૯૩ |
| બીએસઈ કોડ | : | ૫૦૩૧૦૦ |
| બુક વેલ્યુ | : | ૨૯૨.૫૮ |
| ફેશ વેલ્યુ | : | ૨.૦૦ |
| પી/ઈ રેશિયો | : | ૫૨.૭૯ |

ફોનીક્સ મિલ અગ્રણી રીયલ એસ્ટેટ કંપની છે જે મુંબઈ અને અન્ય શહેરોમાં કેટલીક પ્રોપર્ટીઓને મેનેજ કરે છે. કંપનીએ ૧.૫ મિલિયન સ્ક્વેર ફૂટથી પણ વધારે જગ્યા ડેવલોપ કરી છે. કંપની ખાસ કરીને મુંબઈ, બેંગલોર, ચેન્નાઈ, પુણે, રાયપુર, આગ્રા અને ઈન્દોરમાં પોતાની હાજરી ધરાવે છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૯૧૮.૩૫ અને ઘટીને રૂ.૫૪૨.૬૫ કરોડ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૫૩૬૦ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૪૫.૫૦ ટકા, એફઆઈઆઈ ૩૪.૪૩ ટકા, મ્યુચ્યુઅલ ફંડ્સ ૧૪.૯૮ ટકા અને પબ્લિક માત્ર ૩.૮૫ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૩૪ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૪૮૫૦ કરોડનું રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૩૯૯ કરોડથી ઘટીને રૂ.૩૮૬ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ.૪૭ કરોડથી વધીને રૂ.૬૬ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૧માં કંપનીની આવક રૂ.૧૯૩૬ કરોડથી ઘટીને રૂ.૧૦૭૩ કરોડ થઈ છે જ્યારે નફો રૂ.૩૩૫ કરોડ હતો જેની સામે રૂ.૫૩ કરોડનો જોવાયો છે. જોકે કંપનીનો ડેટ ઈક્વિટી રેશિયો પણ મજબુત છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૧૭ માટે ૧૨૦ ટકાનું ડિવિડન્ડ ચુકવ્યું હતું, નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે કંપનીએ ૧૩૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે ૧૫૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું. મજબુત પ્રમોટર બેકિંગ ધરાવતી આ કંપનીના સ્ટોકમાં ડાઉનસાઈડ લીમીટેડ છે અને સ્ટોક સતત નવા ઈબનાવી રહ્યો છે. સ્ટોકમાં તબક્કાવાર રોકાણ કરી શકાય.

### SHARDA CROP

| | | |
|---|---|---|
| બંધ ભાવ | : | ૩૪૭ |
| બીએસઈ કોડ | : | ૫૩૮૬૬૬ |
| બુક વેલ્યુ | : | ૧૭૮.૯૬ |
| ફેશ વેલ્યુ | : | ૧૦.૦૦ |
| પી/ઈ રેશિયો | : | ૧૨.૫૬ |

૨૦૦૪માં સ્થપાયેલી શારદા ક્રોપ કેમ ક્રોપ પ્રોટેક્શન કેમિકલ કંપની છે. કંપની સપ્ટેમ્બર ૨૦૧૪માં રૂ.૧૫૬ના ભાવથી આઈપીઓ લાવી હતી અને આઈપીઓ બાદ આ સ્ટોકમાં રોકાણકારોને સુંદર રીટર્ન મળ્યું હતું. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૩૮૭.૦૫ અને ઘટીને રૂ.૨૩૦.૭૫ જોવાયો છે વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૩૧૩૫ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૭૪.૮૨ ટકા, એફઆઈઆઈ ૧.૧૯ ટકા, મ્યુચ્યુઅલ ફંડ્સ ૧૬.૫૨ ટકા અને પબ્લિક માત્ર ૭.૪૭ ટકા હિસ્સો ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૯૦.૨૨ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૫૨૪ કરોડનું રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં કંપનીની આવક રૂ.૨૦૦૩ કરોડથી વધીને રૂ.૨૩૯૬ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ.૧૬૫ કરોડથી વધીને રૂ.૨૨૯ કરોડ રહ્યો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૧ માટે રૂ.૨૫.૪૦ની ઈપીએસ હાંસલ કરી છે. જુન ક્વાર્ટરની વાત કરીએ તો કંપનીની આવક રૂ.૩૮૯ કરોડથી વધીને રૂ.૬૨૩ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ.૨૮ કરોડથી વધીને રૂ.૩૮ કરોડ થયો છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં રૂ.૪.૨૨ની ઈપીએસ હાંસલ કરી છે. કંપની છેલ્લા ઘણા સમયથી સારો દેખાવ કરી રહી છે અને મેનેજમેન્ટ સતત ઉજ્જવળ ભવિષ્યને લઈને આશાવાદી છે ત્યારે આ સ્ટોક આવનાર સમયમાં તગડું રીટર્ન આપી શકે છે. સ્ટોકમાં તબક્કાવાર રોકાણ કરી શકાય. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ ૪૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૧માં કંપનીએ ૫૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે.

### GAEL

અમદાવાદ ખાતે હેડ ક્વાર્ટર ધરાવતી ગુજરાત અંબુજા એક્સપોર્ટ્સ કોટન યાર્ન, સોલવન્ટ એક્ટ્રેક્ષન,

| | | |
|---|---|---|
| બંધ ભાવ | : | ૧૯૦ |
| બીએસઈ કોડ | : | ૫૨૪૨૨૬ |
| બુક વેલ્યુ | : | ૭૨.૨૪ |
| ફેશ વેલ્યુ | : | ૧.૦૦ |
| પી/ઈ રેશિયો | : | ૧.૪૩ |

એડીબલ ઓઈલ, વનસ્પતી ઘી, મેઈઝ પ્રોસેસિંગ, ફ્લોર મિલ, કેસ્ટલ ફીડ, વિન્ડ મિલ જેવા સેગમેન્ટ ધરાવે છે. છેલ્લા ઘણા સમયથી કંપની ખુબજ સારો દેખાવ કરતી આવી છે અને આગળ પણ કંપની સારો દેખાવ કરતી જોવા મળી શકે છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૦૧.૬૫ અને ઘટીને રૂ.૮૩ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૪૩૫૮ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૬૩.૮૪ ટકા અને પબ્લિક ૩૬.૧૬ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૨.૯૩ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૬૪૩ કરોડનું રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં કંપનીની આવક રૂ.૩૮૧૭ કરોડથી વધીને રૂ.૪૭૦૫ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ.૧૪૬ કરોડથી વધીને રૂ.૩૩૮ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૧માં રૂ.૧૪.૭૪ની ઈપીએસ હાંસલ કરી છે નાણાકીય વર્ષ ૨૦૨૨ના જુન ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૮૨૮ કરોડથી વધીને ૧૦૨૫ કરોડ થઈ છે જ્યારે નફો રૂ.૩૭ કરોડથી વધીને ૧૧૪ કરોડ થયો છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં રૂ.૪.૯૬ની ઈપીએસ હાંસલ કરી છે.. કંપની સતત વિસ્તરણ કરી રહી છે તેમજ પોતાની ક્ષમતા વધારતી જોવા મળી છે. એક કરતા વધારે સેક્ટરમાં કંપની કાર્યરત છે અને બધા સેક્ટર સારો દેખાવ કરી રહ્યા છે. કંપનીનો ગ્રોથ જોતા તબક્કાવાર સ્ટોકમાં રોકાણ કરી શકાય.

Equity analysts, investment advisors, chartists market observers and other specialists who contribute to Smart Bonanza are individual freelancers who may or may not have a position in the scrips recommended.

## બુલ્સઆઈ... (બીજા પાનાનું ચાલુ)

દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૭૮૭.૬ અને ઘટીને રૂ.૪૦૪.૩ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૭૦૬૮૩ કરોડ છે. જાણકારો આ કંપની પાસેથી આવનાર વર્ષોમાં ખુબજ સારા ગ્રોથની સંભાવના રાખી રહ્યા છે. સ્ટોકમાં રોકાણ કરી શકાય. આ સ્ટોક નિફ્ટીમાં સામેલ થઈ ગયો છે ત્યારે સ્ટોકના વેલ્યુએશન પણ બદલાઈ શકે છે. કંપનીની સબસીડીયરી ટાટા કોફીનો ભાવ થોડા જ સમયમાં ડબલ થઈ ગયો છે જેની અસર પણ આ સ્ટોકમાં જોવાશે.

**METROPOLIS (500800) (769) :** ૧૯૮૦માં સ્થપાયેલી મેટ્રોપોલીસ હેલ્થકેર એક ડાયગ્નોસ્ટીક ચેઈન ધરાવતી કંપની છે. આ કંપની ૭ દેશોમાં ૧૨૫ કલીનીકલ લેબોરેટરીસ અને ૧૫૦૦ કલેક્શન સેન્ટર ધરાવે છે જેમાં સતત વધારો થઈ રહ્યો છે. કંપની એપ્રિલ ૨૦૧૯માં રૂ.૮૮૦ના ભાવે આઈપીઓ લઈને આવી હતી અને શેરનો ભાવ લીસ્ટીંગ બાદ ઓલમોસ્ટ ચાર ઘણો થઈ ચુક્યો છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૩૧૪૨.૧૦ અને ઘટીને રૂ.૧૫૧૫.૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૪૯૭૦ કરોડ છે. લીસ્ટીંગ બાદ હવે કંપનીમાં પ્રમોટરોનું હોલ્ડીગ ૫૦.૩૭ ટકા અને પબ્લિક ૪૯.૬૩ ટકા સ્ટેક ધરાવે છે જેમાં પણ મ્યુચ્યુઅલ ફંડ્સ પાસે ૧૨.૪૮ ટકા, વિદેશી રોકાણકારો પાસે ૨૮.૫૯ ટકા અને ઈન્સ્યુરન્સ કંપનીઓ પાસે ૧.૪૧ ટકા તેમજ બોડીઝ કોર્પોરેટ ૨.૩૪ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૨૦૭ કરોડથી વધીને રૂ.૨૯૨ કરોડ થઈ છે જ્યારે નફો રૂ.૧૫ કરોડથી વધીને રૂ.૬૧ કરોડ થયો છે. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ.૧૨ની ઈપીએસ હાંસલ કરી છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૦.૦૪ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૬૯૬ કરોડનું જંગી રીઝર્વ છે. ખાસ કરીને આ સેક્ટરની કંપનીઓએ છેલ્લા એક બે વર્ષમાં ઘણા જ સુંદર રીટર્ન આપ્યા છે. આ સેક્ટર ભારતમાં ઉભરતું સેક્ટર છે અને લાંબા સમયથી મોટો ડબલ ડીજીટ ગ્રોથ દર્શાવવા માટે સક્ષમ છે ત્યારે સ્ટોક ઓલટાઈમ હાઈ નજીક ચાલી રહ્યો છે છતાં કોઈ પણ ઘટાડે સ્ટોકમાં ખરીદી કરીને ચાલી શકાય.

**P I IND (523642) (3021) :** મોદી સરકાર રૂરલ ઈન્ડિયાના વિકાસ અને ખેતી ઉપર વધારે ભાર મુકી રહી છે. એગ્રો કેમિકલ અને પેસ્ટીસાઈડનું ઉત્પાદન કરતી બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ પી આઈ ઈન્ડસ્ટ્રીઝનાં શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. કંપની જમ્મુ અને ગુજરાત ખાતે કુલ ૩ ઉત્પાદન યુનીટ ધરાવે છે.

માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૮૫૫ કરોડથી વધીને રૂ.૧૧૯૭ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ.૧૧૧ કરોડથી વધીને રૂ.૧૮૦ કરોડ થયો છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીનો ઓપરેટીગ પ્રોફિટ રૂ.૧૮૬ કરોડથી વધીને રૂ.૨૨૭ કરોડ થયો છે. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૧માં કંપનીની આવક રૂ.૩૩૬૬ કરોડથી વધીને રૂ.૪૫૭૭ કરોડ થઈ છે જ્યારે નફો રૂ.૪૫૭ કરોડથી વધીને રૂ.૭૩૮ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૧માં રૂ.૪૮.૬૬ની ઈપીએસ હાંસલ કરી છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૫૩૨૭ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૪૬.૭૪ ટકા અને પબ્લિક ૫૩.૨૦ ટકા સ્ટેક ધરાવે છે. બાવન સપ્તાહ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૩૩૦૯ અને ઘટીને રૂ.૧૭૫૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૪૫૮૩૫ કરોડ છે. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડ્સ ૧૩.૨૧ ટકા અને એફઆઈઆઈ ૧૯.૬૪ ટકા સ્ટેક ધરાવે છે. કંપની હવે એગ્રો કેમિકલ સેક્ટરમાંથી ફાર્મા કેમિકલ સેગ્મેન્ટમાં પણ એન્ટર થઈ છે જેના લીધે કંપની વેલ્યુમાં વધારો થતો જોવા મળશે. વર્તમાન ભાવે હજુ પણ આ સ્ટોક રોકાણ માટે ખુબજ આર્કષક લાગી રહ્યો છે. સ્ટોકમાં ફંડોનું મોટા પાયે રોકાણ છે અને અહીથી આવનાર એકાદ વર્ષમાં ઘણા ઉંચા લેવલ જોવાઈ શકે છે. સ્ટોકમાં તબક્કાવાર રોકાણ કરી શકાય.

# Gujarat Gas in 10 Points

**Stock of the Week**
**Vijay Kittu Manda**
**(GetPaidIndia. com)**

**(1) Business : Gujarat Gas Ltd. (NSE : GUJGALTD) :** કંપની ભારતની સૌથી મોટી સાઈઝ અને સ્કેલ મુજબ ઈન્ટીગ્રેટેડ ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપની છે. કંપની ડોમસ્ટિક (ઘરેલુ), ઈન્ડસ્ટ્રીયલ અને કોમર્શિયલ જરૂરિયાત માટેના પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) ડિસ્ટ્રિબ્યુશન બિઝનેસ સાથે સંકળાયેલી છે. કંપની પાસે 27 CGD લાઈસન્સો છે જે કેન્દ્ર શાસિત પ્રદેશ, ૬ રાજ્યો અને ૪૩ જિલ્લાઓમાં ફેલાયેલા છે. કંપની ૧.૫૫ કરોડ ઘરેલુ, ૧૩૦૦ કોમર્શિયલ કસ્ટમર, ૫૫૯ સીએનજી સ્ટેશનો અને ૪૦૦ ઈન્ડસ્ટ્રીયલ યુનિટોને ગેસ સેવા પુરી પાડે છે અને તેનું નેચરલ ગેસ પાઈપલાઈન નેટવર્ક અંદાજિત ૩૦,૦૦૦ કિ.મી. માં ફેલાયેલું છે. કંપનીની અન્ય બે સબસિડિયરી છે જેમાં ગુજરાત ગેસ ફાઈનાન્સિયલ સર્વિસિસલિ. અનેગુજરાત ગેસ ટ્રેડિંગ કંપની લિ. નો સમાવેશ થાય છે. કંપનીની સ્થાપના ૧૯૮૦માં થઈ હતી. હાલમાં તે GSPC Gas અને ગુજરાત ગેસ કંપની લિમિટેડ (GGCL) માં મર્જ થયેલી છે.

**(2) Management :** કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ચેરમેન અનિલ મુકિમ છે.

**(3) Promoter & Share Holding :** કંપનીમાં પ્રમોટર્સ શેરહોલ્ડિંગ ૬૧ ટકા છે. સાથે ૫૪ ટકા હોલ્ડિંગ ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ સાથે થવા જાય છે. જ્યારે ૩૧ મ્યુ.ફંડ સ્કીમોનું કમ્બાઈન્ડ હોલ્ડિંગ ૭ ટકા છે. જ્યારે FII નું કુલ મળી ૮ ટકા હોલ્ડિંગ થવા જાય છે અને નોન-ઈન્સ્ટિટ્યુશનલ શેર હોલ્ડર્સ ૨૩ ટકા છે.

**(4) Stock Features :** આ કંપની BSE-NSE બંને એક્સચેન્જ ખાતે ઓક્ટોબર ૧૯૯૧માં લિસ્ટેડ થઈ છે. આ લાર્જ-કેપ સ્ટોકનું કુલ માર્કેટકેપ રૂ.૪૯,૦૦૦ કરોડ સાથે ફ્રી ફ્લોટ કેપ રૂ.૧૨,૦૦૦ કરોડ જેટલું છે. A ગ્રુપની આ કંપની S&P BSE 200 ઈન્ડેક્સનો હિસ્સો છે.

**(5) Business Updates :** કંપનીએ જૂન-૨૧માં પુરા થયેલા પ્રથમ ક્વાર્ટરમાં Y-O-Y બેઝિઝે નેટ સેલ્સમાં ૧૪૦ ટકા અને નેટ પ્રોફિટમાં ૪૯૮ ટકા વૃદ્ધિ દર્શાવી છે. કંપની રિલાયન્સ અને વેદાંતા સાથે મળીને વધુ ગેસ મેળવવાના કોન્ટ્રેક્ટમાં પ્રવેશી છે. કંપનીના મિક્સ પોર્ટફોલિયોમાં લાંબા ગાળાના કોન્ટ્રાક્ટ, ડોમેસ્ટિક ગેસ અને સ્પોટનો સમાવેશ થાય છે. કંપનીને અપેક્ષા છે કે આગામી થોડા વર્ષમાં તેનો વોલ્યુમ ગ્રોથ ૧૦ ટકા જેટલો વધશે.

**(6) Financial & Valuations :** કંપનીનો પ્રોફિટ માર્જિન ૨૦૨૧ના વર્ષે હાલમાં ૨૧ ટકા છે. કંપનીએ દેવામાં ઘટાડો કર્યો છે અને હાલ ડેબ્ટ-ટુ-ઈક્વિટી રેશિયો ૦.૧૯ છે. વર્તમાન રેશિયો ૦.૬૪ છે. જ્યારે ડિવિડંડ ચુકવણી ૧૧ ટકા છે.

**(7) 3 Year Primary Data :** કંપનીનો ROE અને ROCE અનુક્રમે ૩૩ ટકા અને ૨૯ ટકા છે. સેલ્સ ગ્રોથ ૧૭ ટકા છે. જ્યારે પ્રોફિટ ગ્રોથ ૬૩ ટકા છે.

**(8) Peers and Competitiors :** કંપનીના હરીફોમાં GAIL, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ, ઈન્દ્રપ્રસ્થ ગેસ, મહાનગર ગેસ વગેરેનો સમાવેશ થાય છે.

**(9) Technical View :** જુદા જુદા ટેકનિકલ ઈન્ડિકેટર આ સ્ટોકને Buy રેટિંગ આપે છે. જ્યારે ઓસિલેટર્સ મુજબ ન્યુટ્રલ અને મુવિંગ એવરેજ મુજબ Strong Buy રેટિંગ આપે છે.

**(10) Investor Suitability :** ફંડામેન્ટલી આ લાંબા ગાળા માટેના રોકાણ માટે સારો સ્ટોક છે. કંપનીનો બિઝનેસ ગ્રોથ સ્થિર અને જળવાયેલો છે. તે જોતા આ સ્ટોક ટૂંકા અને લાંબા બંને ગાળા માટે ગ્રોથ જાળવી રાખશે.

## ન્યૂઝ ટ્રેક

**BSE and NSE Listed**

### KARDA CONSTRUCTIONS LTD

**કરદા બોર્ડ ઓફ ડીરેક્ટર્સે ૪:૧ રેશિયોમાં બોનસ શેર્સ આપવાની ભલામણ કરી**

BSE અને NSE લિસ્ટેડ કરદા કન્સ્ટ્રક્શન્સ લિમિટેડ (KCL) (BSE:541161; NSE: KARDA), અગ્રણી રીઅલ એસ્ટેટ ડેવલોપર છે. ૧૪ જુલાઈ ૨૦૨૧ ના રોજ યોજાયેલી બોર્ડ મીટિંગમાં, કંપનીના ડિરેક્ટર બોર્ડે ૪:૧ ના રેશિયોમાં બોનસ શેર આપવાની ભલામણ કરી છે, એટલે કે પ્રત્યેક માટે સંપૂર્ણ રૂપે ચૂકવેલ ઈક્વિટી પ્રતિ શેર રૂ . ૧/- ના ચાર ઈક્વિટી શેર, શેરધારકોની મંજૂરીને આધિન કંપની બોનસ શેર્સ મેળવવાના હકદાર શેરધારકોને નિર્ધારિત કરવા માટે "રેકોર્ડ તારીખ" નિયત સમયે જાણ કરશે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ૩૧ મે ૨૦૨૧ ના રોજ મળેલી તેની બેઠકમાં શેરના મુલ્યના રૂ. ૨/- થી રૂ. ૧/- ના સબ ડીવીઝને ભલામણ કરી છે. સભ્યોની બંને બાબતો આવતા AGM માં ધ્યાનમાં લેવામાં આવશે. કરદા કન્સ્ટ્રક્શન્સ લિમિટેડ શિસ્તબદ્ધ અને પ્રોફેશનલ એપ્રોચ વાળી મહારાષ્ટ્ર અને પશ્ચિમ ભારતમાં ફર્સ્ટ જનરેશન કન્સ્ટ્રક્શન કંપની છે. વર્ષ ૨૦૦૭ માં શ્રી નરેશ કરદા દ્વારા આ કંપનીની સ્થાપના અને પ્રમોટ કરવામાં આવી છે. પ્રમોટરને બાંધકામ ઉદ્યોગમાં ૨૫ વર્ષથી વધુનો અનુભવ છે. કંપનીએ તેના તમામ પ્રોજેક્ટ માટે બ્રાન્ડ નામ ‘‘હરિ’’ તરીકે સ્થાપિત કર્યું છે. ટાઈમ્સ રિયલ્ટી આઈકન્સ એવોર્ડ, નવી મુંબઈ અને થાણે દ્વારા કંપનીને ‘‘આઈકોનિક બજેટ હોમ’’ માટે એવોર્ડ મળ્યો છે. "માય મહારાષ્ટ્ર એવોર્ડ્સ -૨૦૧" ઈવેન્ટમાં કંપનીને નાસિકની ‘‘સૌથી વધુ પ્રિય રીઅલ એસ્ટેટ કંપની’’ નો એવોર્ડ પણ મળ્યો હતો.

### જંગી વળતર માટે જેકપોટ હેલ્થ ક્રિયેટર

**BSE ખાતે લિસ્ટેડ EVEXIA Lifecare Ltd. ખરીદો**

બીએસઈ ખાતે લિસ્ટેડ, Evexia લાઈફકેર લિમિટેડને પ્રવર્તમાન કાર્યરત વ્યાવસાયિક પ્રવૃત્તિઓ ઉપરાંત આઈસોમાટિમિડિયમ (Isometamidium / આઈસોમેટા) ના એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈનગ્રેડિયન્ટ (એપીઆઈ)નો મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા માટે એફડીએ તરફથી ઈનિશિયલ પ્લાન્ટ લેઆઉટની પરવાનગી પ્રાપ્ત થઈ છે.

આઈસોમાટિમિડિયમ (આઈસોમેટા)નો મુખ્યત્વે ઢોરઢાંખર, ભેંસ, બકરી, ઘેટાં, કૂતરાઓ વગેરેની દુર્લભ બિમારીઓ માટે ઉપયોગ થાય છે. ભારતમાં અને દુનિયા બહુ ઓછી કંપનીઓ આ એપીઆઈનું મેન્યુફેક્ચરિંગ કરી રહી છે. કંપની દર મહિને ૪૦૦ કિગ્રાની ક્ષમતા ધરાવતો પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે જે કોઈપણ કંપની દ્વારા કરવામાં આવતુ સૌથી વધુ ઉત્પાદન હશે. Evexia લાઈફકેર લિમિટેડ આ પ્રોડક્ટના વ્યાપક આંતરરાષ્ટ્રીય સંપર્કો અને મોટા બજાર હિસ્સેદારીની અપેક્ષા સાથે માર્કેટિંગ કરશે. કંપની ભવિષ્યમાં આ એપીઆઈની કુલ માંગના ૨૦% સપ્લાય કરવાનું લક્ષ્ય ધરાવે છે.

## એનએસી લિસ્ટેડ જેકપોટ શેર ખરીદો

## હાઈ-ટેક પાઇપ્સ લિમિટેડ (NSE Code: HITECH) (CMP Rs 732.00)

### ટૂંકા ગાળાનો લક્ષ્યાંક રૂ.૧૦૫૦ ● લાંબા ગાળાનો લક્ષ્યાંક રૂ.૧૫૦૦

હાઈ-ટેક પાઈપ્સ, ૩૫ વર્ષ જુની આ કંપની છેલ્લા કેટલાંક વર્ષોથી સતત વૃદ્ધિ કરી રહી છે. કંપની હાલમાં ૪ રાજ્ય – મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને આંધ્રપ્રદેશમાં ૫,૮૦,૦૦૦ એમટીપીએની કુલ સ્થાપિત ક્ષમતા સાથેના ૫ સ્ટેટ-ઑફ-આર્ટ પ્લાન્ટ ધરાવે છે.

કંપની પાસે ૫૦૦થી વધુ સ્ટોક કિપીગ યુનિટ્સ તથા ૪૪૦૦ ડિલર અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક છે. કંપનીનો ૪૫૦થી વધુ પ્રોડક્ટ્સનો મજબૂત પ્રોડક્ટ પોર્ટફોલિયો સમગ્ર ભારતમાં ૧૭ રાજ્યોમાં ૧૦ ઉદ્યોગોને સેવાઓ પુરી પાડે છે. તેનો પ્રોડક્ટ પોર્ટફોલિયો એમએસ સ્ટીલ, સ્ટીલ હોલો સેક્શન્સ, ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ ટ્યુબ્સ, પ્રી-ગેલ્વેનાઈઝ્ડ પાઈપ્સ, ઓર્ગેનિક જીઆઈ પાઈપ્સ, કોલ્ડ રોલ્ડ કોઈલ્સ, કોલ્ડ રોલ્ડ સ્ટ્રિપ્સ, સોલર માઉન્ટિંગ ફ્રેમ્સ, મેટલ બીમ અને ક્રેશ બેરિયર્સથી સજ્જ છે.

કંપની પોતાની પ્રોડક્ટ્સને તેના ઉપયોગ મુજબ બ્રાડેંડ કરી રહી છે, જેમકે – બોરવેલ, પાણી અને ખેતી માટે ‘‘જલશક્તિ’’અને ‘‘કેસવેલ’’, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એરપોર્ટ અને મેટ્રો માટે ‘‘બાહુબલી’’, ફાયર સેફ્ટી માટે ‘‘ફાયરફાઈટર’’, પોલી હાઉસિંગ અને ખેતી માટે ‘‘ઓર્ગેનિક’’, ભારતીય તટ માટે ‘‘પ્રી-ગલ’’ અને બાંધકામ ઉદ્યોગો માટે ‘‘શક્તિ’’. ઑટોમોબાઈલ અને વ્હાઈટ ગુડ્સ માટે ‘‘ફ્લેટમેક્સ’’ અને માર્ગ અને રેલવે સેફ્ટી માટે ‘‘ક્રેશગાર્ડ’’.

સતત વૃદ્ધિએ કંપનીનું મિશન છે અને તેણે હાલમાં જ પોતાના સમગ્ર પોર્ટફોલિયોમાં કેટલીક મૂલ્ય વર્ધિત પ્રોડક્ટ્સની રજૂઆત કરી છે. નાણાકીય વર્ષ ૨૧ના ચોથા ત્રિમાસિકમાં મહારાષ્ટ્રમાં ખોપોલી ખાતે શરૂ કરાયેલો ૮૦,૦૦૦ એમટીપીએ ક્ષમતા સાથેનો પ્લાન્ટ એમએસ અને જીપી સ્ટીલ હોલો સેક્શન્સનું ઉત્પાદન કરશે અને તેની સાથે મૂલ્ય-વર્ધિત પ્રોડક્ટ્ને હિસ્સો પણ વધશે. કંપની નજીકની ભવિષ્યમાં ક્ષમતાને લગભગ બમણી કરી ૧૦,૦૦,૦૦૦ એમટીપીએ કરવાનું લક્ષ્ય લઈને ચાલી રહી છે અને તે પણ આંતરિક ઉપાર્જન ભંડોળના માધ્યમથી.

કંપની નવી પ્રોડક્ટ લાઈનને ઉમેરો કર્યો છે એટલે કે સીઆર શીટ. કંપની આ પ્રોડક્ટ માટેની પ્રોત્સાહિત માંગની સાક્ષી રહી છે. ઉત્તરપ્રદેશના સિકંદરાબાદ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં વિશેષ એનીલિંગ ફર્નેસિસ સ્થાપિત કરવામાં આવ્યા છે. ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો લાવવા અને વીજ ખર્ચ બચત માટે કંપનીએ ઓપેક્સ મૉડેલ હેઠળના બે રૂફ ટોપ સોલર પ્રોજેક્ટ્સને નાણાકીય વર્ષ ૨૧ના ત્રીજા ત્રિમાસિકમાં તેના સિંકદરાબાદ અને ખોપોલી પ્લાન્ટ ખાતે શરૂ કર્યા છે. કુલ રૂફ ટોપ સોલર પાવર જનરેશન સ્થાપિત ક્ષમતાને વધારી ૩,૩૦૦ કિલોવોટ કરવામાં આવી છે.

નવીનતા કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલિયોની આગળ ધપાવશે. ગેલ્વેનાઈઝ્ડ કલર કોટેડ રૂફિંગ શીટ્સ જેવી નવી મૂલ્ય-વર્ધિત પ્રોડક્ટ હાલ પાઈપલાઈન હેઠળ છે. કંપનીએ હાઈ સ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ (મુંબઈથી અમદાવાદ) માટે પોતાની પ્રોડક્ટ્સને નોંધાવી છે અને વિવિધ પ્રતિષ્ઠિત યોજનાઓ માટે જમ્બો એમએસ હોલો સેક્શન્સનો સપ્લાય શરૂ કરી દીધો છે, જે તેની પ્રોડક્ટ ઉપયોગિતાને વધારશે અને તેના બેડામાં નવા ગ્રાહકોનો ઉમેરો કરશે.

વિશાળ પ્રોડક્ટ પોર્ટફોલિયોએ કંપનીને વિવિધ રાજ્ય સરકારોની ‘‘જય જીવન મિશન’’ યોજનાઓ અંતર્ગત વિવિધ સરકારી ટેન્ડર મેળવવામાં સક્ષમ બનાવ્યાં. રીલાયંસ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડિયન ઑઈલ, સેઈલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ, એનટીપીસી, ભેલ, એચસીસી, ટાટા, જીવીકે, અદાણી અને ડીએલએફ તેના મુખ્ય ગ્રાહકો છે.

કંપનીએ નાણાકીય વર્ષ ૨૧ માટે ૧૦.૮% ટોપલાઈન વૃદ્ધિ સાથે રૂ. ૧,૩૪૦.૬ કરોડ અને ૧૧.૯% બોટમલાઈન વૃદ્ધિસાથે રૂ. ૨૨.૮ કરોડ મેળવ્યા છે. કંપનીએ ભવ્ય પ્રદર્શન સાથે નવા વર્ષની શરૂઆત કરી છે. નાણાકીય વર્ષ ૨૨માં તેની ઓપરેટિંગ આવક બમણાંથી વધુ ૩૮૩.૨૬ કરોડ થઈ, જે સમાન વર્ષોમાં તે રૂ. ૧૫૧.૮૮ કરોડ હતી. EBITDA રૂ. ૨૧.૫ કરોડ રહી, જે સમાન વર્ષમાં રૂ. ૯.૧૩ કરોડ રહી હતી; ૧૩૪% સુધી અને EBITDA માર્જિન ૬% સુધી જાળવી રાખ્યું હતુ.

વર્ષ-દર-વર્ષ ધોરણે નોંધપાત્ર રીતે વધુ સારી વેચાણ પ્રાપ્તિના પગલે ૩૩% સુધીના સુધારા સાથે EBITDA/ટન નાણાકીય વર્ષ ૨૨ના પ્રથમ ત્રિમાસિકમાં રૂ. ૩,૪૬૭ રહ્યો હતો, જે નાણાકીય વર્ષ ૨૧ના પ્રથમ ત્રિમાસિકમાં રૂ. ૨,૬૦૬ રહ્યું હતુ. મજબૂત ટોપલાઈન ગ્રોથને મજબૂત બોટમલાઈન ગ્રોથમાં પરિવર્તિત કરવામાં આવ્યો; નાણાકીય વર્ષ ૨૨ના પ્રથમ ત્રિમાસિક માટે ચોખ્ખો નફો ૧૭.૮ ગણો વધ્યો, જ્યારે પીબીટી ૧૮.૧ ગણો તેના અનુરૂપ આંકડો હતો. કંપનીએ રૂ. ૮.૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે નાણાકીય વર્ષ ૨૧ના પ્રથમ ત્રિમાસિકમાં રૂ. ૫૦ લાખ હતો. બોટમલાઈનમાં મજબૂત વૃદ્ધિના ફળસ્વરૂપ રૂ. ૦.૪૮ના ડાયલુટેડ ઈપીએસની સરખામણીમાં રૂ. ૧૧.૫૦ કરોડના ડાયલુટેડ ઈક્વિટી પર રૂ. ૭.૩૧નો પ્રભાવશાળી ડાયલુટેડ ઈપીએસ રહ્યો.

હાઈ-ટેક પાઈપ્સ તેના પ્રોડક્ટ પોર્ટફોલિયોના વિસ્તરણ પર અને તેમાં મૂલ્ય-વર્ધિત પ્રોડક્ટ્સનો ઉમેરો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જે તે ગ્રાહકો પાસેથી વધુ કરાર મેળવવામાં અને વેચાણની આવક તેમજ નફામાં વધારો કરવામાં સક્ષમ બનશે. છેલ્લા કેટલાક ત્રિમાસિક ગાળાના કંપનીના પ્રદર્શનને જોતા કોઈપણ કહી શકે કે કંપની વિકાસના પાટા પર છે. ★★★

Smart Bonanza
Gujarati Financial Weekly

# Sundram Fastners (CMP-781)

## Stock Scan
Vishalbaliya
Vishalbaliya@gmail.com

સુંદરમ ફાસ્ટનર્સ મારા મતે એક અત્યંત મજબૂત પોર્ટફોલિઓ સ્ટોક છે. ફાસ્ટનર્સની માર્કેટ પર ભારતમાં તેનું માર્કેટ શેર ૪૦ ટકાની આજુબાજુનું છે. સુંદરમ ફાસ્ટનર્સ આ અગાઉ આ વરસે ૮૬૭.૭ સુધી જઈ આવી હતી. આ પછી તેનો સ્ટોક બોટમ ટેસ્ટ કરવા નીચે




આવ્યો હતો અને ૭૨૦ પર સપોર્ટ લઈ ફરીથી ઉપર જઈ રહી છે. ૭૯૯ પાર કરતા તેનું ટૂંકા ગાળાનું ટાર્ગેટ ૮૨૦ અને પોઝિશન ટાર્ગેટ ૮૬૭ ઘણું સુંદરમ ફાસ્ટનર્સનું લાંબા ગાળાનું ટાર્ગેટ ૯૨૦+ ગણી શકાય.સુંદરમ ફાસ્ટનર્સની નકારાત્મક બાબત તેનું ખૂબ ઊંચુ વાળુંઅતિઓન છે અને સકારાત્મક બાબત કંપની પર ખૂબ ઓછું ટેબ્ટ અને કોઈ પ્રમોટરર પ્લેજના હોવું તે છે. FII આ કંપનીમાં પોતાનું શેર વધારી રહ્યા છે.

## Investment Picks
- Pushkar singh

**HDFC Bank** : આ સ્ટોકે ૧૫ મિનિટના ચાર્ટમાં એસેન્ડીંગ ટ્રાયિંગલ ફોર્મેશન બનાવ્યું છે. રોકાણકારો આ સ્ટોકમાં ૧૪૩૫ આસપાસ ૧૪૧૦૦ના સ્ટોપલોસે અને ૧૪૭૦/૧૫૦૦ના ટાર્ગેટે રોકાણ કરી શકે છે.




# Gujarat Sidhee Cement Ltd.

## 5x Stocks
Vshinkar@gmail.com

આ સ્ટોકે ૮ વર્ષના લાંબા ગાળા બાદ રાઉન્ડ બોટન પેટર્ન તોડી છે અને મંથલી ચાર્ટ મુજબ ૪૭ના લેવલની ઉપર ટ્રેડ થાય છે. આ તબક્કે રોકાણકારો આ સ્ટોકમાં આગામી




બે વર્ષના ગાળા માટે રૂ.૫૫ના વર્તમાન ભાવે ૨૫૦ના ટાર્ગેટે રોકાણ કરી શકે છે. લાંબા ગાળાના પોર્ટફોલિયો માટે દરેક ઘટાડે ખરીદો. કન્ઝર્વેટિવ ઈન્વેસ્ટ ૨૯નું સ્ટોપલોસ જાળવો. આ સ્ટોક તેના મંથલી, વીકલી અને ડેઈલી ત્રણેક ટાઈમ ફ્રેમમાં તેના ૬૦ના RSI થી ઉપર ટ્રેડ થાય છે. જ્યારે તેનો ADX પણ મંથલી, વીકલી અને ડેઈલી ત્રણેય ટાઈમ ફ્રેમમાં સતત વધતો રહે છે જે આ સ્ટોકમાં મજબૂત અપટ્રેડિંગના સંકેત દર્શાવે છે. આ સ્ટોક મંથલી, વીકલી અને ડેઈલી ત્રણેય ટાઈમ ફ્રેમમાં અપર બોલિંગર બેન્ડ પર ચાલે છે.

Disclaimer-The analyst is not a SEBI registered analyst. Views expressed here are only for educational purpose. Please consult your financial advisor before taking any investing decision.

## Evergreen Stock Investor
Mahesh Nathan
Evergreenstockinvester@gmail.com

**Tejas Networks Ltd - Script Info : (INE 010J01012/BSE-540595) (CMP- RS. 244) :** આ કંપની ટેલિકોમ્યુનિકેશન નેટવર્કને તૈયાર કરવા માટે જરૂરી હાઈ પરફોર્મન્સ કેરિયર ક્લાસ ઈક્વિપમેન્ટનું ડિઝાઈનિંગ, ડેવલપમેન્ટ, મેન્યુફેક્ચરિંગ અને વેચાણ કરે છે. કંપની ટેલિકોમ્યુનિકેશન સર્વિસ પ્રોવાઈડર, ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ, યુટિલીટી કંપનીઓ, ડીફેન્સ અને ગવર્નમેન્ટ કંપનીઓને એન્ડ ટૂ એન્ડ ઓપ્ટિક્લ અને ડેટા નેટવર્કિંગ પ્રોડક્ટ પોર્ટફોલિયો પૂરો પાડે છે. આ પ્રોડક્ટો સેલ ટાવર્સ, એક્સચેન્જ, બિઝનેસીસ, હોમ ડેટા સેન્ટર્સ અને યુટિલીટી સાઈટ્સ પર તહેનાત કરવામાં આવે છે. જેના કારણે રહેઠાણો, ઓફિસો અને કેરી ડેટા, વોઈસ અને મોબાઈલમાંથી વીડિયો ટ્રાફિક વગેરેની બ્રોડબેન્ડ સર્વિસ પૂરી પાડવામાં વપરાય છે. કંપનએ ટેલિકોમ પ્રોડક્ટ્સનો લીડિંગ એજ પ્રોડક્ટ પોર્ટફોલિયો ડેવલપ કર્યો છે, જેના કારણે એન્ડ ટૂ એન્ડ નેટવર્કને સેવા આપી શકાય તેનાં કેરિયાર

(અનુસંધાન ૫ પાને)

## Buzing Stocks
Nayan Patel

# લાંબા કોન્સોલીડેશન બાદ આખરે નિફ્ટી ૧૬૦૦૦ની પાર

બે મહિના સૌથી ૧૫૯૦૦ થી ૧૫૫૦૦ની રેંજમાં કોન્સોલીડેશનમાં રહ્યા બાદ આખરે નિફ્ટીમાં ઉપરની તરફનું બ્રેક આઉટ જોવા મળ્યું છે અને સપ્તાહના પહેલા ૨ દિવસમાં જ નિફ્ટી ૩૬૫ પોઈન્ટ્સ વધીને ૧૬૧૦૦ની સપાટીને ક્રોસ કરી ગઈ છે અને ટેકનીકલી નિફ્ટીમાં એક ફ્લેગ પેટર્નનું બ્રેક આઉટ જોવા મળ્યું છે જે નિફ્ટીને હજુ ઉપર લઈ જઈ શકે છે. જુલાઈ મહિનામાં વરસાદ સામાન્ય કરતા ૭ ટકા ઓછો રહ્યો છે પણ ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં નોર્મલ વરસાદની આગાહી છે ત્યારે સારું ચોમાસું, જુન ક્વાર્ટરના અપેક્ષા કરતા સારા પરિણામો અને ગ્લોબલ લેવલે જોવાઈ રહેલ લીક્વીડીટી આ તેજીને ડ્રાઈવ કરતા જોવાઈ શકે છે. ખાસ કરીને ૨ દિવસમાં મોટી તેજી બાદ નિફ્ટીમાં થોડી બ્રેક જોવાઈ શકે છે પણ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પરિણામો આધારિત મુવમેન્ટ જોવાઈ શકે છે. આ ક્વાર્ટરમાં ખાસ કરીને ટેકસટાઈલ, સિમેન્ટ, મેટલ સેક્ટરની કંપનીઓ ખુબજ સારા પરિણામો જાહેર કરી રહી છે જયારે ફાર્મા સેક્ટરની કંપનીઓના પરિણામો થોડા દબાણમાં જોવાઈ રહ્યા છે જોકે આવનાર ૨ સપ્તાહમાં તમામ કંપનીઓના પરિણામો સામે આવી જશે જેનો અભ્યાસ કરીને આવનાર સમયમાં પોર્ટફોલીઓમાં રહેલ નબળા શેરોને સારા શેરોમાં કન્વર્ટ કરનાર ફાવતો જોવાશે. ખાસ કરીને આઈપો માર્કેટમાં પણ મોટા પાયે તેજી જોવાઈ રહી છે અને આ મહિનામાં રેકોર્ડ બ્રેક આઈપીઓ આવી રહ્યા છે જેને લઈને સેકન્ડરી માર્કેટમાં થોડો લીક્વીડીટીનો ઈસ્યુ રહી શકે છે. એસ્ટ્રો ટેકનો વ્યૂહ મુજબ નિફ્ટીમાં ૧૬૦૦૦ અને ૧૬૨૨૫ મહત્વના લેવલ્સ રહેશે અને જે તરફ બ્રેક આઉટ આવશે એ તરફ બીજા ૧૦૦થી ૧૫૦ પોઈન્ટ્સની ચાલ જોવાશે.

## SMART BONANZA ● STOCK WATCH ●

| Company Name | Code Number | Last Rate | Stop Loss |
|---|---|---|---|
| BENGAL TEA & FABRICS | 532230 | 73 | 66 |
| BSL | 514045/NSE | 71 | 63 |
| FRESHTROP TRUITS | 530077 | 138 | 124 |
| GAYATRI PROJECTS | 532767/NSE | 46 | 43 |
| LASA SUPER GENERICS | 540402/NSE | 77 | 70 |
| UNITED DRILLINOR | 522014/NSE | 393 | 363 |
| TATVA CHINTAN | 543321/NSE | 2265 | 2205 |

• TRADE/INVEST WITH STRICT STOPLOSS OR AVOID •

સોમવારે બજાર માં સારો ઉછાળો જોવા મળતા મંગળવારે બજારે ઉપપર તરફી રૂખ જાળવી રાખ્યો.. પરંતુ તે સાથે છેલ્લા એક મહિના નું સહુ થી ઓછું વોલ્યુમ સોમવારે જોવા મળ્યું. જે બજાર માં નિરસતા દર્શાવે છે. આજે મંગળવારે નિફ્ટી ૧૬૦૦૦ ના અંક ને પાર કરવા માં સફળ રહી પરંતુ ઈન્ડેક્સ માં આટલા ઓછા વોલ્યુમ થી કામ થાય તે દર્શાવી રહ્યું છે કે બજાર માં વિશ્વાસ ની કમી છે. તે સાથે સેબી ને ઉપરા ઉપરી કડક નિયમો લાદી દેતા બજાર માં કામ કરવા માં ઉદાસીનતા જોવા મળી રહી છે. નિફ્ટી ની સામે બેંકનિફ્ટી માં તેટલો ઉછાળો જોવા મળ્યો નથી. ઘણી બધી બેંક ના પરિણામો અપેક્ષા ની આસ પાસ આવતા સ્ટોક સ્પેસિફિક કામ જોવા મળ્યું. નિફ્ટી અને બેંક નિફ્ટી જોતા આગામી સમય માં બજાર ખૂબ જ નાની રેન્જ માં કામ કરતું જોવા મળે. નાના ટાર્ગેટ સાથે કામ કરી ને એક્ઝીટ લેવું હિતાવહ નીવડે. આ લેવલ પર નવું રોકાણ કરવું જોખમભર્યું ગણાય. પરંતુ સરકારી બેન્ક માં એક સારી તેજી જોવા મળી શકે છે.

**NIFTY INDEX :** આવનારા ૫ દિવસ સુધી ના સમયગાળા માં નિફ્ટી ૧૫૭૦૦ થી ૧૬૧૫૦ ની વચ્ચે ટ્રેડ કરતી જોવા મળે. ૧૬૦૦૦ નો અંક પાર કરે તો પણ લાંબી તેજી કરવી નહી. ૧૫૭૦૦ નીચે નિફ્ટી માં સાવધાની સાથે કામ કરવું. આ લેવલ તોડતા નિફ્ટી માં ૧૫૩૫૦ અને ૧૫૦૦૦ ના ભાવ જોવા મળે.

**BANK NIFTY :** ચાલુ અઠવાડિયા માટે ડેરિવેટિવ સ્ટ્રેટેજી (૦૫/૦૮/૨૦૨૧)

૩૫૦૦૦ કોલ ઓપ્શન ૧૫૦ આસપાસ સેલ કરવો. ૩૫૦૦૦ પુટ ઓપ્શન ૩૦૦ આસપાસ સેલ કરવો.

વધુ રિસ્ક ધરાવતી આ સ્ટ્રેટેજી માં બજાર આ લેવલ ની આસ પાસ બન્ધ આપે તો મહત્તમ ૧૦૦૦૦ રૂપિયા નો નફો મળી શકે છે.

**ICICIBANK :** આ બેંક ના પરિણામો આવ્યા બાદ ઉપપર ના લેવલ પર થી સતત દબાણ જોવા મળી રહ્યું છે. સાથે આ શેર એક સાંકડી રેન્જ માં ફરતો જોવા મળી રહયો છે. ૬૭૮ ના ભાવ ની નીચે મંડી નો વેપાર ૬૭૦ ૬૬૪ એન્ડ ૬૬૦ ના ટાર્ગેટ માટે કરી શકાય. સાથે જ ૬૯૨ ની ઉપપર ભાવ નીકળતા સારી તેજી જોવા મળે એન્ડ ૭૦૦ તથા ૭૧૨ ના ભાવ જોવા મળી શકે છે.

## BETWEEN THE LINES
RAVI B GUPTA
111GUPTARAVI@GMAIL.COM

**AMARAJABAT :** ૧૦૨૦ ના હાઈ ભાવ થઈ નીચે પડેલો બેટરી બનાવવા માં અગ્રેસર આ સ્ટોક ૭૨૦ ના ભાવ ની આસ પાસ સમય વિતાવી રહ્યો છે.

સરકારે નવી સ્ક્રેપેજ પોલિસી જાહેર કરતા બેટરી ની માંગ માં વધારો થવાની શકયતા નકારી શકાય નહી. ૭૩૦ ઉપર ટકે તો ૭૩૮ ૭૫૦ અને ૭૬૪ ના ટાર્ગેટ ને ધ્યાન મા રાખી ને ખરીદી કરવી. આ સપ્તાહ માં મેટલ ની તેજી માં ઉંચા ભાવે નવી ખરીદી કરવા થઈ દૂર રહેવું. ફાર્મા સેકટર તેજી-મંદી કર્યા વગર આ જ રેન્જ માં અથડાતું જોવા મળે. ઓટો સેકટર માં સ્ટોક સ્પેસિફિક તેજી કરવી તથા આઈટી સેકટર માં ઉછાળે મંદી કરી શકાય છે. NBFC માં બોટમ ફિશિંગ થી બચવું. સરકારી બેન્ક માં અલગ અલગ ભાવ થી ઈન્વેસ્ટમેન્ટ કરી શકાય.

# આ અઠવાડિયાની નિફ્ટી, L&T Finance અને તાતા મોટર્સની ઓપ્શન સ્ટ્રેટેજી

## F&O Stratejy
Abhijit Mehta-(Vadodara)
admehta.02111982@gmail.com

નિફ્ટી-૫૦ ઈન્ડેક્સ ૯૩ પોઈન્ટના ઘટાડા સાથે સોમવારે નેગેટીવ નોટ સાથે બંધ રહ્યો. આમ નિફ્ટી ફરી કોન્સોલિડેશન મોડમાં સ્થિર રહ્યો. નિફ્ટીમાં અઠવાડિયાના પ્રારંભે સારી વેચવાલી જોવા મળી પરંતુ અઠવાડિયાના બીજા અર્ધ ગાળામાં ઈન્ડેક્સમાં સારી પુલબેક તેજી જોવા મળી હતી.

**અંદાજિત પોઈન્ટ્સ**

વીકલી હાઈ-15899.80
વીકલી લો-15578.55
વીકલી ક્લોઝ-15856.05

આમ નિફ્ટી હાઈ વોલાટિલિટી સાથે ગંભીર કોન્સોલિડેશન મોડમાં રહેવા સાથે ધીરજની કસોટી કરી હતી. બોટમ લેવલે ખરીદી અને ઊંચા લેવલે વેચવાલી સ્પષ્ટ જોવા મળી હતી. સ્મોલ અને મિડકેપમાં સ્ટોક સ્પેસિફિક તેજી પણ જોવા મળી હતી. હાલમાં પ્રથમ ક્વાર્ટરના રિઝલ્ટની સિઝન ચાલુ છે. સાથે ગ્લોબલ માર્કેટ પણ વોલેટાઈલ ટર્ન થઈ રહ્યું છે.તે જોતા ગ્લોબલ માર્કેટ સાથે આગામી દિવસોમાં નિફ્ટી પણ તેના રિએકશન દર્શાવશે. નિફ્ટી ગત અઠવાડિયાના હાઈ લેવલને ક્રોસ કરે તો આરામથી ૪૦૦ થી ૫૦૦ પોઈન્ટનો ઉછાળો દર્શાવી શકે છે. આગામી વીકમાં રિઝલ્ટની સિઝનને કારણે નિફ્ટીમાં ભારે મૂવમેન્ટ જોવા મળશે. આગામી દિવસોમાં નિફ્ટી ૧૫૬૫૦નું મજબૂત સપોર્ટ લેવલ હાલ ક્લોજિંગ બેઝિઝે ઉભરી રહ્યું છે. આમ નિફ્ટી ગ્લોબલ માર્કેટના વોલાટિલિટીને અવગણી નીચા લેવલે ખરીદીના મોડમાં રહે. રોકાણકારો તેમની જોખમ ઉઠાવવાની ક્ષમતાના આધારે તેમની પોઝીશન જાળવે. આ અઠવાડિયે નિફ્ટી ૧૫૬૦૦થી ૧૬૨૦૦ની રેન્જમાં ટ્રેડ થઈ શકે છે.

**અમારી ઓપ્શન સ્ટ્રેટેજી**

Nifty: view (Neutral)
Trade: Expiry 26 August 2021
Buy 15500 Ce @ 385.00 1 lot
Sell 15800 Ce @ 184.50 2 lot
Buy 16100 Ce @ 65.65 1 lot
Max Profit: 10868/-
Max Loss: 4083/-
Breakeven: 15582 and 16018.
Margin Requi.: 45000 Approx

L& T Finance: view (Bullish)
Trade: Expiry 26 August 2021
Buy 90 Ce @ 2.85 1 lot
Sell 100 Ce @ 0.80 1 lot
Max profit: 70946/-
Max Loss: 18294/-
Breakeven: 92.10. Margin Requirement: 30000 Approx.

**Tata Motors: View (Bullish)**
Trade: Expiry 26 August 2021
Buy 300 Ce @ 10.45 1 lot
Sell 320 Ce @ 4.50 1 lot
Max Profit: 40042/-
Max loss: 16957/-
Breakeven: 306. Margin Requirements: 30000 Approx.

Printed by Dilip K. Shah, Published by Dilip K. Shah, Owner by Dilip K. Shah. Printed at Allied Offset Printer Pvt. Ltd. 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad-380021. Published from 312, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritam Nagar 1st Dhal, Ellisbridge, Ahmedabad. Editor : Dilip K. Shah, Asst. Editor : Pratit N. Patel

### Spencers Retail

ડિપાર્ટમેન્ટ સ્ટોર્સ ક્ષેત્રે કાર્યરત A ગ્રુપની આ કંપનીના શેરની Fv રૂ.૫ છે. જેનો બાવન

**બંધ ભાવ : ૬૫**
**બીએસઇ કોડ : ૫૨૬૬૪૨**
**બાવન સપ્તાહનો હાઈ : ૬૯.૩૫**
**બાવન સપ્તાહનો લો : ૪૨.૯૫**
**ઇપીએસ : ૧૪૬.૧**

સપ્તાહ દરમ્યાન ભાવ વધીને રૂ.૧૧૩.૭૫ અને ઘટીને રૂ.૬૫.૭૫ જોવાયો છે. આ કંપની ઘણા સમયથી નુકસાન બતાવી રહી હોવાથી આ શેરમાં હજી અન્ય રીટેઈલ કંપનીઓ જેટલું આકર્ષક નથી પરંતુ આર પી ગોયંકા ગ્રૂપ તેની મેનેજમેન્ટ કાબેલિયત માટે ખૂબ જ જાણીતું છે. સ્પેન્સર્સ-રીટેઈલ અત્યારે પશ્ચિમ બંગાળના ૩૫ શહેરોમાં મજબૂત હાજરી ધરાવે છે અને તેના રીટેઈલ ફોર્મેટ ફુડ, એપરલ ફેશન, ઈલેક્ટ્રોનિક્સ, લાઈફ સ્ટાઈલ પ્રોડક્ટો, મ્યુઝિક અને બુક્સ એમ અલગ અલગ ફોર્મેટ ધરાવે છે.

સારેગામા પણ આરપી ગોયંકા ગ્રૂપની કંપની છે અને તેને કારણે મ્યુઝિક અને બુક્સના રીટેઈલ ધંધામાં આ કંપની આગવું સ્થાન ધરાવે છે. સ્પેન્સર્સ રીટેઈલની સ્થાપના છેક ૧૮૬૩માં થઈ હતી અને આર પી ગોયંકા ગ્રૂપ પાસે આ કંપની ૧૯૮૯માં આવી હતી અને તે રીતે તેનું અલગ મહત્વ છે. આરપી ગોયન્કા દ્વારા રીટેઈલનો બિઝનેસ સીઈએસી હસ્તક હતો અને તે અલગ કરીને આ નવી કંપનીની રચના કરવામાં આવી છે અને તેને કારણે વેલ્યૂ અનલોકિંગ ખૂબ જ સુંદર જોઈ શકાય છે. માર્ચ ૨૦૨૧ના પુરા થતા ક્વાર્ટર કોન્સોલિડેટ પર રૂ.૬૧૬ કરોડની આવક પર રૂ.૩૪ કરોડની ખોટ નોંધાવી હતી. જે ગત વર્ષના સમાન ગાળામાં રૂ.૬૫૨ કરોડની આવક પર રૂ.૪૯ કરોડની ખોટ નોંધાવી હતી. કંપનીની ઈક્વિટી રૂ.૪૫ કરોડ જેની સામેરૂ.૧૪૧ કરોડનું રિઝર્વ છે. બુકવેલ્યુ રૂ.૧૨૦.૬૭ છે. માર્કેટકેપ રૂ.૯૫૩.૫ કરોડ છે.

### SPIC

સર્ધન પેટ્રોકેમિકલ્સ લિમિટેડના નામે ઓળખાતી બી ગ્રુપની આ કંપની ફર્ટિલાઈઝર ક્ષેત્રે કાર્યરત છે. Fv રૂ.૧૦ છે. શેરનો ભાવ વધીને ૬૮ અને ઘટીને રૂ.૧૬ જોવાયો છે. કંપનીનો પ્લાન્ટ તામિલનાડુમાં થુથુંકીડી ખાતે




આવેલો છે અને આ કંપની ડૉ. એમ.એ. ચિદમ્બર અને તામિલનાડુ ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશનનું સંયુક્ત સાહસ છે. સ્પીક મુખ્યત્વે ચાર બિઝનેસ ધરાવે છે તેમાં પેટ્રોકેમિકલ્સ, ફર્ટિલાઈઝર, ફાર્મા તેમજ ઓઈલ-પાવર મુખ્ય છે. આ ઉપરાંત કંપની પાસે તામિલનાડુ પેટ્રો પ્રોડક્ટ્સ અને મનાલી પેટ્રોમાં મોટુ હોલ્ડિંગ છે. માર્ચ ૨૦૨૧ દરમ્યાન તેના તુતીકોરીન પ્લાન્ટમાં ફરી વખત ઉત્પાદન શરૂ થયું છે અને છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કંપનીનો નેટ નફો ૪૫.૪૧ ટકાનો વૃદ્ધિ દર્શાવે છે. માર્ચ ૨૦૨૧થી કંપનીને પાઈપલાઈન દ્વારા કુદરતી ગેસનો સપ્લાય શરૂ થયો છે. અગાઉ નેપ્થા ઉપર તેનો મદાર

**બંધ ભાવ : ૧૭૪**
**બીએસઇ કોડ : ૫૪૩૨૧૮**
**બાવન સપ્તાહનો હાઈ : ૨૧૯.૧૫**
**બાવન સપ્તાહનો લો : ૧૦૮.૪૦**
**ઇપીએસ : -**

હતો પરંતુ હવે કુદરતી ગેસ મળવાને કારણે પ્લાન્ટ વધારે ઉંચી ક્ષમતા ઉપર કામ કરી શક્સે. પ્રથમ તબક્કામાં ૬૦ ટકા જરૂરિયાત કુદરતી ગેસ દ્વારા પુરી થવાની ગણતરી છે. જ્યારે બાકીના ૪૦ ટકા ગેસ મે ૨૦૨૨ સુધીમાં મળતો થઈ જશે. કુદરતી ગેસ કિફાયતી છે અને તેમાં સ્ટોરેજની જરૂરિયાત પણ દુર થઈ જાય છે અને તેથી સબસિડી ઉપર નિર્ભરતા ઘટી જશે અને નફાશક્તિ પણ સુધરે તેવી ગણતરી છે. ખાતરી કિંમતોમાં તાજેતરમાં ૪૦ થી ૬૦ ટકાનો વધારો કંપનીએ પાઈપલાઈન પાછળ રૂ.૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષાન્તે રૂ.૧૫૨૭.૦૧ કરોડની આવક ઉપર રૂ.૫૧.૮૫ કરોડ નેટપ્રોફિટ અને ૨.૭૨નો ઈપીએસ નોંધાવ્યો છે. ૩૧ માર્ચ ૨૦૨૧ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ ૩૫૦.૭૨ કરોડની આવક ઉપર ૪૨.૫૦ નેટપ્રોફિટ અને ૨.૦૮નો ઈપીએસ નોંધાવ્યો છે. હાલમાં આસ્ટોક તેની બાવન સપ્તાહની ટોચ નજીક ટ્રેડ થઈ રહ્યો છે. જે ટુંકાથી મધ્યમ ગાળે નવું ટોપ બનાવી રૂ.૧૦૦ના લેવલ નજીક જોવાય.

### J.K. Tyres

ઓટો ટાયર એન્ડ રબ્બર પ્રોડક્ટસ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૫૬ અને ઘટીને રૂ. ૫૫ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૫૬.૨૩ ટકા અને પબ્લિક ૪૩.૭૭ ટકા છે. જેકે. ગ્રુપની આ કંપની ટાયર ક્ષેત્રની અગ્રણી કંપની છે. કંપની મૈસુર ખાતે ત્રણ પ્લાન્ટ ધરાવે છે. ઉપરાંત બેંગ્લોર, ચેન્નાઈ અને કાંકરોલીમાં પણ પ્લાન્ટ ધરાવે છે. બસીસ ટાયરના ઉત્પાદનમાં દેશની સૌથી ઉંચુ સ્થાન હાંસલ કરેલ છે. કોમર્શિયલ વ્હીકલ્સની માંગમાં દેશની કાર્ગોમાં થઈ રહેલ વૃદ્ધિને કારણે માર્જીન ઉંચા રહેવાની શકયતા છે. ૩૧ માર્ચ ૨૦૨૧ ના રોજ પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ કોન્સોલીડેટ બેઝ ઉપર રૂ. ૨૯૪૪ કરોડની આવક ઉપર રૂ. ૧૯૬ કરોડનો નેટ નફો નોંધાવ્યો છે. જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૮૩ કરોડની આવક ઉપર રૂ. ૪૬ કરોડની ખોટ નોંધાવી હતી. ઈબીઆઈટીડીએ ૧૨૦ ટકા વધીને રૂ.

**બંધ ભાવ : ૧૮૮**
**બીએસઇ કોડ : ૫૨૪૨૨૬**
**બાવન સપ્તાહનો હાઈ : ૧૯૪.૯૦**
**બાવન સપ્તાહનો લો : ૮૦.૧૩**
**ઇપીએસ : ૧૪.૭૪**

૩૧૫.૫૧ કરોડ દર્શાવ્યો છે. કંપનીએ ત્રણ વર્ષ દરમ્યાન આવકમાં ૧.૩ ટકા, નેટ નફામાં ૩૧.૭ ટકા અને ઓપરેટીંગ પ્રોફિટમાં ૧.૦૨ ટકાના સીએજીઆરથી ગ્રોથ નોંધાવ્યો છે. સરકાર ગ્રામીણ માંગ વધે તેવા પગલા લીધા છે. સરકારે ડોમેસ્ટીક મેન્યુ. પ્રોત્સાહન આપવા માટે મોટર, બસો, લોરીસ અને મોટરસાઈકલના ઉપયોગમાં લેવાતા કેટલાક ન્યુ ન્યુમેટીકની આયાત પર પ્રતિબંધ લાદ્યો હતો. હાલમાં સ્ટ્રોંગ રીપ્લેસમેન્ટ ડીમાન્ડ ઉભી થઈ છે તેનો લાભ આ કંપનીને મળતો જોવાશે. ટુંકાથી મધ્યમગાળે આ સ્ટોક નવું ટોપ બનાવતો જોવાય.




### એસ.એન. ઝવેરી

**Tejas Networks (540595) (284)** : પ્રાપ્ત અહેવાલો અનુસાર ટાટા ગ્રૂપની કંપની ટાટા સન્સની સબ્સીડરી PANATONE Finvert એ તાજેતરમાં આ કંપનીમાં આઠ ટકા સ્ટેક હસ્તાગત કરતા શેર રેકોર્ડ હાઈલેવલને સ્પર્શી ગયો છે. પીનોટને આ કંપનના ૧૦૩ કરોડના ઓપન માર્કેટ ટ્રાન્ઝેક્શન દ્વારા ખરીદયા છે અને કંપની તેજસ નેટવર્કમાં અકુશાત્મક હિસ્સો હાંસલ કરી રહી છે.

**Tata Motors (500570) (303)** : પ્રાપ્ત અહેવાલો અનુસાર આ ઓટો કંપનીએ તાજેતરમાં તેના પેસેન્જર વ્હીક્લ્સના વિવિધ મોડલ્સના ભાવમાં વધારો કરતાં શેર ઉપર પોઝિટિવ અસર જોવાય.

**Orient Cement (535754) (167)** : સીમેન્ટ ક્ષેત્રે કાર્યરત આ કંપનીએ Q-1 FY22 માં સંગીન પરિણામો નોંધાવતા શેરનો ભાવ ઉછળીને ત્રણ વર્ષની નવી ટોચ બનાવી રહ્યો છે. આવકમાં ૧૭ ટકાનો ઘટાડો નોંધાયો છે. EBITDA માર્જિન ૨૪.૫૨ ટકાનો ઉછાળો નોંધાયો છે. કંપનીએ પાછલા સમાનગાળાના રૂા. ૯૦ કરોડ સામે ૧૩૭ કરોડનો નેટપ્રોફિટ નોંધાવ્યો છે.

**Balaji Amines (530999) (3424)** : હાલમાં સ્પેશ્યાલીટી કેમિકલ્સના ડેરીવેટીઝનું ઉત્પાદન કરતી આ કંપની Q-1 FY22 માં ખૂબ જ મજબૂત પરિણામો નોંધાવ્યો છે. કંપનીનો નેટપ્રોફિટ પાછલા સમાનગાળાની તુલનામાં ત્રણ ગણો ઉછળી ૫૭ કરોડ અને આવક ૧૦૨ ટકા ઉછળી ૧૫૨ કરોડ નોંધાઈ છે.

**CG Power (500093) (83)** : હેવ. ઈલે. ઈક્વિપમેન્ટ ઈલેક્ટ્રીક્લ એનર્જી ક્ષેત્રે કાર્યરત તેમજ ઈલે. પ્રોડક્ટ સિસ્ટમ્સ અને સર્વિસિસ પ્રોવાઈડ કરતી આ કંપનીએ Q-1 FY22 માં ટર્નએરાઉન્ડ પરિણામો નોંધાવતા શેરમાં પાંચ ટકાની અપર સર્કિટ નોંધાઈ છે. પાછલા સમાનગાળામાં ૨૬૩ કરોડ ખોટ નોંધાવ હતી. જેની સામે ૪૮.૨૯ કરોડનો નેટપ્રોફિટ નોંધાવ્યો છે. આવક ૧૯૦ ટકા ઉછળી ૧૦૫૦ કરોડ થઈ છે.

**Adani Enter (512599) (165)** : અદાણી ગ્રૂપની આ ફ્લેગશીપ કંપનીના શેરમાં હલચલ વધી રહી છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર કંપની દ્વારા પ્રમોટ કરવામાં આવેલ અદાણી વીલમેટ રૂા. ૪૫૦૦ કરોડનો આઈપીઓ લાવવા સજ્જ બની છે. સિંગાપોર સ્થિર વીલ્મેર ઈન્ટર. સાથે કંપની ૫૦:૫૦ જ્યોઈન્ટ વેન્ચર ધરાવે છે. આ કંપનીમાં ૫૦ ટકા હિસ્સો હોવાને કારણે આઈપીઓ દ્વારા પાછલી વેલ્યુ અનલોક થતી જોવાય.

**Godres Properties (533150) (1663)** : છેલ્લાં કેટલાંક સમયથી રિયલ્ટી શેરોમાં ભારે ઉછાળો જોવાઈ રહ્યો છે. ગત સપ્તાહ દરમિયાન કેટલાક અગ્રણી શેરોમાં ૧૦ ટકાનો ઉછાળો નોંધાયો છે. આ કંપનીને તેના બેંગલુરૂ ખાતેના પ્રોજેક્ટ માટે એન્વાયરમેન્ટ પ્રોજેક્ટ ઉપર ગ્રીન પેનલે રૂા. ૩૧ કરોડની પેનલ્ટી લાદવા ઉપરાંત આ પ્રોજેક્ટનું ડીમોલીસ્ટ કરવા આદેશ આપ્યો હતો. જેને કંપનીએ પડકાર્યા છે. ઉપરાંત આ કંપનીના Q-1 FY22 ના પરિણામો આવતીકાલે જાહેર થઈ રહ્યા છે તે સંગીન રહેવાની શક્યતા છે.

**Emami (531162) (564)** : એફએમસીજી ક્ષેત્રે કાર્યરત આ કંપનીનો Q-1 FY22 માં નેટનફો ૯૬ ટકા ઉછળી ૭૭.૭૯ કરોડ થઈ જતાં શેરમાં જાણકારો લેવલ રહ્યા છે.

**Ramkrishna Forgines (532527) (901)** : આ કંપનીએ Q-4 FY22 માં ટર્નએરાઉન્ડ પરિણામો નોંધાવ્યા સામે ૭.૫૭ કરોડની પાછલા સમાનગાળાની ખોટ સામે ૩૩.૮૯ કરોડ નફો નોંધાવ્યા બાદ આ શેર સતત કરંટમાં જોવાયો છે. તાજેતરમાં આ કંપનીને વિદેશની એક OEM કંપનનો રૂા. ૫૧ કરોડનો ઓર્ડર મળતા શેરમાં પાંચ ટકાથી વધુ ઉછાળો નોંધાયો છે.

**Varun Beverages (540180) (789)** : બેવરેજીસ ક્ષેત્રે કાર્યરત આ કંપનીનું નાણાંવર્ષ કેલેન્ડર વર્ષને ફોલો કરે છે. Q-2 FY22 માં પાછલા સમાનગાળાની તુલના ૧૨૩ ટકાના ઉછાળા સાથે ૩૧૮.૮૦ કરોડનો નેટપ્રોફિટ નોંધાયો છે. જ્યારે કંપનીની આવક ૪૯ ટકા વધી ૨૪૫૦ કરોડ થઈ છે.

### Bharti Airtel

**બંધ ભાવ : ૫૮૦**
**બીએસઈ કોડ : ૫૩૨૪૫૪**
**ઇક્વિટી : ૨૭૪૬ કરોડ**
**રીઝર્વ : ૫૬,૨૦૬ કરોડ**
**ડિવિડન્ડ : - %**

દેશની સૌથી મોટી અને એશિયા અને આફ્રિકાના ૨૦ દેશોમાં પોતાની ટેલીકોમ સર્વિસીસ પૂરી પાડતી આ કંપનીએ રિલાયન્સ જીઓને મજબુતાઈથી ટક્કર આપી રહી છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૫ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૬૨૩ અને ઘટીને રૂ.૩૯૪.૦૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૩૧૮૬૪૭ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૫૫.૮૬ ટકા અને પબ્લિક ૪૪.૦૯ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીમાં એફઆઈઆઈ ૧૮.૧૨ ટકા, મ્યુચ્યુઅલ ફંડ્સ ૧૨.૮૬ ટકા અને ઈન્સ્યુરન્સ કંપનીઓ ૬ ટકા સ્ટેક ધરાવે છે. કંપની રૂ.૬૦૦૦૦ કરોડની માર્કેટકેપ વાળી ઈન્ડુસ ટાવરમાં પણ પોતાનો સ્ટેક ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૭૪૬ કરોડ છે. કંપનીનો આફ્રિકા બીઝનેસ સારી રીતે ચાલી રહ્યો છે જ્યારે ભારતના માર્કેટમાં કંપની ઊંચા એવરેજ રેવન્યુ પ્રતિ યુઝર મેળવી રહી છે. ખાસ કરીને ટેલીકોમ કંપનીઓએ જે રીતે પ્રાઈઝ હાઈ કર્યા છે એ પછી આ કંપની માટે વિદેશી બ્રોકરેજ હાઉસો તરફથી આ સ્ટોકને મોટા પાયે આઉટપરફોર્મ કરવામાં આવ્યો છે. ત્યારે સ્ટોકમાં કોઈ પણ ઘટાડામાં રોકાણની તક બની શકે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ રૂ.૨૫૭૪૭ કરોડની આવક ઉપર રૂ.૧૨૩૩૨ કરોડનો ઓપરેટીગ પ્રોફિટ હાંસલ કર્યો છે અને નેટ લેવલે કંપનીની નુકશાની રૂ.૧૫૯૩૩ કરોડની સામે રૂ.૭૫૯ કરોડનો પ્રોફિટ હાંસલ કર્યો છે. કંપનીના હાથ ઉપર રૂ.૫૬૨૦૭ કરોડનું રીઝર્વ છે. જે રીતે વોડાફોન આઈડિયાના કુમાર મંગલમ બિરલાએ સરકારને પત્ર લખ્યો છે એ પછી સરકાર આ સેક્ટરમાં મદદ કરે છે તો પણ ભારતીને ફાયદો થશે અને જો સરકાર મદદ નથી કરતી અને વોડાફોન આઈડિયાની સ્થિતિ ખરાબ થાય છે તો પણ ભારતીને ફાયદો થઈ શકે છે ત્યારે ભારતીનો સ્ટોક તબક્કાવાર ખરીદી શકાય.

### Godrej Pro

**બંધ ભાવ : ૧૬૫૯**
**બીએસઈ કોડ : ૫૩૩૧૫૦**
**ઇક્વિટી : ૧૩૮ કરોડ**
**રીઝર્વ : ૮૧૮૦ કરોડ**
**ડિવિડન્ડ : -**

ગોદરેજ ગ્રુપની આ કંપની દેશભરમાં હાજરી ધરાવે છે અને મજબુત કામગીરી કરી રહી છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૫ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૬૯૭.૮ અને ઘટીને રૂ.૮૨૧ જોવાયો છે. કંપની હાલમાં ચંદીગઢ, ગુડગાવ, અમદાવાદ, નાગપુર, ક્લકતા, મુંબઈ, પુને, હૈદરાબાદ, બેંગલોર, મેંગલોર, કોચી અને ચેન્નાઈ ખાતે પ્રોજેક્ટો ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૩૯ કરોડ છે. જેની સામે કંપની પાસે રૂ.૮૧૮૧ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૫૮.૪૩ ટકા અને પબ્લિક ૪૧.૫૭ ટકા સ્ટેક ધરાવે છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૪૬૧૩૬ કરોડ છે. રીયલ એસ્ટેટ સેક્ટરમાં ફેન્સી વધી રહી છે અને સારી બેલેન્સશીટ વાળી રીયલ એસ્ટેટ કંપનીઓના શેરોમાં જોરદાર તેજી જોવા મળી રહી છે. ગોદરેજ ગ્રુપનું બેકિંગ, મજબુત બેલેન્સશીટ તેમજ સારી કામગીરી જોતા




રીયલ એસ્ટેટ સ્પેસમાં આ સ્ટોક રોકાણ માટે આકર્ષક બની રહ્યો છે. કોરોનાના લીધે આ સેક્ટર ઉપર માર પડ્યો હતો પણ હવે સેક્ટર ધીરે ધીરે નોર્મલ થઈ રહ્યું છે જેનો પહેલો ફાયદો મજબુત ફંડામેન્ટલ વાળી કંપનીઓને મળવાનો છે. સ્ટોક હવે એફએન્ડઓમાં પણ આવી ગયો છે અને આ કંપનીમાં એફઆઈઆઈ પાસે ૨૮.૦૭ ટકા જેટલો ઉંચો સ્ટેક છે અને મ્યુચ્યુઅલ ફંડ્સ પાસે ૩.૬૧ ટકા સ્ટેક છે ત્યારે સ્ટોકમાં વર્તમાન ભાવથી કોઈ પણ ઘટાડામાં રોકાણ કરી શકાય. જુન ક્વાર્ટરમાં કંપનીએ રૂ.૧૯ કરોડની નુકશાની સામે રૂ.૧૭ કરોડનો પ્રોફિટ હાંસલ કર્યો છે.

### SBI Life

**બંધ ભાવ : ૧૧૩૧**
**બીએસઈ કોડ : ૫૪૦૭૧૯**
**ઇક્વિટી : ૧૦૦૦ કરોડ**
**રીઝર્વ : ૯૪૦૦ કરોડ**
**ડિવિડન્ડ : ૨.૫૦**

બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સબસીડીયરી એવી આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૧૪૭.૯૫ અને ઘટીને રૂ.૭૫૫.૫૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૧૩૧૯૬ કરોડ છે. કંપનીની શરૂઆત ૨૦૦૦માં થઈ હતી અને સપ્ટેમ્બર ૨૦૧૭માં રૂ.૭૦૦ના ભાવે આઈપીઓ લાવી હતી. આઈપીઓ બાદ કંપનીમાં પ્રમોટર્સનું હોલ્ડીગ ૫૫.૭૦ ટકા છે. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડ્સ ૮.૬૦ ટકા, એફઆઈઆઈ ૨૭.૨૪ ટકા હિસ્સો ધરાવે છે જ્યારે પબ્લિક પાસે ઘણું ઓછું હોલ્ડીગ છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૦૦૦ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૯૫૭૮ કરોડનું રીઝર્વ છે. જુન ક્વાર્ટરની વાત કરીએ તો કંપનીની આવક રૂ.૧૬૨૬૬ કરોડથી ઘટીને રૂ.૧૬૦૦૪ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ.૩૯૧ કરોડથી ઘટીને રૂ.૨૨૩ કરોડ થયો છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં રૂ.૨.૨૩ની ઈપીએસ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં કંપનીએ રૂ.૮૧૯૧૩ કરોડની આવક ઉપર રૂ.૧૪૫૬ કરોડનો નફો હાંસલ કર્યો હતો અને રૂ.૧૪.૫૬ની ઈપીએસ દર્શાવી હતી. ઈન્સ્યુરન્સ સેક્ટર ભારતમાં ઉભરતું સેક્ટર છે અને આ સેક્ટરમાં આવનાર ૧૦ વર્ષોમાં મોટા ગ્રોથની સંભાવના રહેલી છે જેના કારણે દેશી-વિદેશી ફંડો દરેક ઘટાડે આ સેક્ટરના શેર્સમાં રોકાણ કરી રહ્યા છે. સ્ટોકને વોચલીસ્ટમાં રાખીને દરેક ઘટાડામાં તગડા રીટર્ન માટે રોકાણ કરવા ધ્યાન રાખી શકાય. આ સ્ટોક નિફ્ટીનો પાર્ટ બની ગયો છે માટે ઈટીએફની ખરીદીનો લાભ પણ આ કંપનીના શેરને મળતો રહે છે.

• The author has not brought / sold any stock advised in this news paper during last one mo 3-8-2021 unless specified • Stoploos is useful for Short - Medium term investors only

***Disclaimer*** :- • Smart Bonanza will not be responsible / for any loss arising out of investment based on its recommendation. • Though, every cave has been taken, we will not responsible for any errors / omissions • All dispute are subject to Ahmedabad jurisdiction

Smart Bonanza
Gujarati Financial Weekly

**બીએસઈ-૫૦૦ ના ૪૨ જેટલા કાઉન્ટર્સમાં બ્રોડ માર્કેટની તુલનામાં આઉટ પરફોર્મ**

# નિરસ સપ્તાહ દરમિયાન સ્મોલકેપ્સનું ૩૫ % સુધીનું તગડું રીટર્ન

ભારતીય શેરબજારમાં સતત છઠ્ઠું સપ્તાહ કોન્સોલિડેશનનું જોવા મળ્યું હતું, જે દરમિયાન બેન્ચમાર્કે બે બાજુની વધઘટ દર્શાવી હતી અને સાધારણ નેગેટિવ બંધ જોવા મળ્યાં હતાં. જોકે આ બધા વચ્ચે સ્મોલકેપ્સમાં ખરીદી ચાલુ રહી હતી અને કેટલાંક કાઉન્ટર્સે તીવ્ર આઉટપર્ફોર્મન્સ દર્શાવ્યું હતું. બીએસઈ-૫૦૦ માં સમાવિષ્ટ લગભગ ૪૨ કાઉન્ટર્સે ૧૦-૩૫ ટકાની રેન્જમાં ઊંચું રિટર્ન આપ્યું હતું. સેન્સેક્સ અને નિફ્ટી જ્યારે ૦.૪ ટકા ઘટાડા સાથે બંધ રહ્યાં હતા ત્યારે મિડ અને સ્મોલકેપ્સમાં સુધારો તેમના કરતાં ઊંચો જોવા મળ્યો હતો.

બીએસઈ સ્મોલ-કેપ ઈન્ડેક્સ ૧.૩ ટકા જેટલો સુધર્યા હતો. જ્યારે બીએસઈ મિડકેપ ૦.૨૯ ટકાનો સુધારો દર્શાવતો હતો.

**ક્યા શેરોમાં કેટલી વૃધ્ધિ?**

| કંપની વૃધ્ધિ | (%માં) |
|---|---|
| એચઆઈએલ | ૩૫ |
| એનઆર અગ્રવાલ | ૩૫ |
| આઈનોક્સ વિન્ડ | ૩૩ |
| ઈન્ડિયન મેટલ્સ એન્ડ ફેરો | ૨૯ |
| તેજસ નેટવર્ક | ૨૮ |
| મહિન્દ્રા લોજિસ્ટિક્સ | ૨૬ |
| જીએનએ એક્સલ્સ | ૨૫ |
| ઓલેક્ટ્રા ગ્રીનટેક | ૨૪ |
| જીએચસીએલ | ૨૨ |
| શંકરા બિલ્ડિંગ પ્રોડ | ૨૧ |
| સ્પેન્સર રીટેલ | ૨૦ |

બીએસઈ-૫૦૦ જૂથના ઘટકોનો અભ્યાસ કરીએ તો તેમણે ૩૫ ટકા જેટલું ઊંચું રિટર્ન દર્શાવ્યું હતું. જેમાં એચઆઈએલનો શેર ૩૫ ટકા સુધરીને રૂ. ૬૫૫૦ ની સર્વોચ્ચ સપાટ પર ટ્રેડ થયો હતો. જેમાં ગત શુક્રવારે કંપનીનો શેર ૧૨ ટકા ઉછળી રૂા. ૬૩૯૫.૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. કંપનીનો શેર તેના રૂા. ૧૨૧૬.૬૦ ના વાર્ષિક તળિયાની સામે પાંચ ગણાથી વધુ સુધરી ટ્રેડ દર્શાવી રહ્યો છે. એનઆર અગ્રવાલ ઈન્ડસ્ટ્રીઝનો શેર પણ સપ્તાહ દરમિયાન ૩૫ ટકા જેટલો ઉછળ્યો હતો. કંપનીનો શેર રૂા. ૩૩૧.૮૦ ની તેની સર્વોચ્ચ સપાટી પર ટ્રેડ થઈ ૬.૦૭ ટકાના સુધારે રૂા. ૩૨૦.૫૦ પર બંધ રહ્યો હતો. સ્મોલકેપ્સમાં સુધારાનું કારણ જૂન ક્વાર્ટરમાં કંપનીઓએ દર્શાવેલા અપેક્ષા કરતાં ચઢિયાતા પરિણામો છે. કેટલાંક અન્ય સ્મોલકેપ્સમાં આઈનોક્સ વિન્ડ (૩૩ ટકા), ઈન્ડિયન મેટલ્સ એન્ડ ફેરો (૨૯ ટકા), તેજસ નેટવર્ક (૨૮ ટકા), જીએનએ એક્સલ્સ (૨૫ ટકા)નો ઉંચો સપ્તાહીક સુધારો દર્શાવી રહ્યાં હતાં.

# FII એ જૂન ક્વાર્ટરમાં ૫૦૦ કંપનીઓમાં હોલ્ડિંગ ઘટાડ્યું ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, સિપ્લા, NTPC, M&M માં હોલ્ડિંગ વધાર્યું

ભારતની સૌથી મોટી લિસ્ટેડ કંપનીઓમાં સંસ્થાકીય રોકાણકારોએ જૂન ૨૦૨૧ના અંતના ત્રિમાસિકમાં પોતાના હોલ્ડિંગમાં નજીવો ઘટાડો કર્યો છે. ફોરેન ઈન્સ્ટીટયુશનલ ઈન્વેસ્ટરો (એફઆઈઆઈઝ)એ નિફ્ટી ૫૦૦ કંપનીઓમાં પોતાના હોલ્ડિંગમમાં ૬૦ બેઝિઝ પોઈન્ટ ઘટાડો કર્યો છે, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈઝ) દ્વારા આ ત્રિમાસિકમાં પોતાના હોલ્ડિંગમાં ૧૦ બેઝિઝ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. FII નું આ કંપનીઓમાં પ્રથમ ત્રિમાસિકમાં હોલ્ડિંગ ૨૨.૩ ટકા હતું, એ જૂન ૨૦૨૧ના ત્રિમાસિકમાં ઘટીને ૨૧.૭ ટકા રહ્યું છે. આ કંપનીઓમાં પ્રથમ ત્રિમાસિકમાં હોલ્ડિંગ ૨૨.૩ ટકા હતું, એ જૂન ૨૦૨૧ના ત્રિમાસિકમાં ઘટીને ૨૧.૭ ટકા રહ્યું છે. આ આંકડાની વધુ સમીક્ષામાં જણાયું છે કે, FII ની નિફ્ટી ૫૦૦ કંપનીઓમાં માલિકી વધીને ૫૨ ટકા થઈ છે, પરંતુ નિફ્ટી કંપનીઓમાં ૫૪ ટકા રહી છે.

ભારતમાં કોરોનાની બીજી લહેર દરમિયાન ચિંતાએ ફોરેન ફંડોની એપ્રિલમાં જંગી વેચવાલીએ એફઆઈઆઈઝના હોલ્ડિંગમાં ઘટાડો કર્યો છે. એફઆઈઆઈઝની એપ્રિલમાં ૧.૪૮ અબજ ડોલરના શેરોની ભારતીય શેરોમાં ચોખ્ખી વેચવાલી રહી હતી. જે વર્ષમાં આ પ્રથમ વેચવાલી હતી. જૂન ૨૦૨૧ના ત્રિમાસિકમાં કુલ રોકાણ પ્રવાહ ૭૫.૭૭ કરોડ ડોલરનો નોંધાયો હતો.

જૂન ૨૦૨૧ના ત્રિમાસિકમાં નિફ્ટીમાં ૭ ટકાનો ઉછાળો અને નિફ્ટી ૫૦૦માં ૯ ટકાથી વધુ ઉછાળો નોંધાયો હતો. જ્યારે નિફ્ટી બેંકમાં ચાર ટકાથી વધુ ઉછાળો નોંધાયો હતો. સેક્ટર મુજબ FII ખાનગી બેંકો-નોન બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓમાં ઓવરવેઈટ અને કન્ઝ્યુમર, કેપિટલ ગુડઝ, મેટલ, હેલ્થકેર અને પીએસયુ બેંકોમાં અન્ડરવેઈટ રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ફાઈનાન્શિયલ્સનું પ્રભુત્વ રહ્યું છે. જો કે બીએફએસઆઈઝ સતત અન્ડરપરફોર્મર રહી એફઆઈઆઈઝની રોકાણ ફાળવણી જૂન ૨૦૨૧ના અંતે નિફ્ટી ૫૦૦માં ઘટીને ૩૮ ટકા રહી છે. જે ડિસેમ્બર ૨૦૧૯માં ૪૫.૧ ટકા અને માર્ચ ૨૦૨૦માં ૪૦ ટકા રહી હતી. ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, સિપ્લા, એનટીપીસી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એક્સિસ બેંક અને ઈન્ડસઈન્ડ બેંક એફઆઈઆઈઝના હોલ્ડિંગમાં એક ટકાથી વધુ વધારો નોંધવનાર શેરોમાં ટોચ પર રહ્યા છે. એસબીઆઈ ઈન્સ્યોરન્સ, હીરો મોટોકોર્પ, અદાણી પોર્ટસ, ટેક મહિન્દ્રા, બીપીસીએલ, કોટક મહિન્દ્રા બેંક અને આઈટીસીમાં FII ના હોલ્ડિંગમાં ત્રિમાસિક ધોરણે એક ટકાથી વધુ ઘટાડો નોંધવનાર ટોચના શેરો રહ્યા છે.

FII-DII નો નિફ્ટી ૫૦૦ કંપનીઓમાં ઓનરશીપ રેશીયો નાણાકીય વર્ષ ૨૦૨૨ના પ્રથમ ત્રિમાસિકમાં નજીવો ઘટીને ૧.૫ ગણો રહ્યો છે. જે પાછલા ત્રિમાસિકમાં ૧.૬ ગણો હતો. નિફ્ટી ૫૦૦માં ડીઆઈઆઈઝના ટોચના પાંચ સેકટરલ હોલ્ડિંગમાં કુલ ફાળવણીના ૬૫ ટકા થયું છે. જેમાં બીએફએસઆઈમાં ૨૭.૪ ટકા, ટેક્નોલોજીમાં ૧૧.૮ ટકા, ઓઈલ એન્ડ ગેસમાં ૯.૮ ટકા, કન્ઝ્યુમરમાં ૯.૭ ટકા અને હેલ્થકેરમાં ૬.૩ ટકા રહ્યું છે.

**હેલ્થકેર સેક્ટરના ઇન્ડેક્સની ૫૭૫ પોઇન્ટની છલાંગ**

# સનફાર્મા પાછળ હેલ્થકેર શેરોમાં આક્રમક લેવાલએ તોફાની તેજી

ફાર્માસ્યુટિકલ્સ-હેલ્થકેર ક્ષેત્રે ચાલુ સપ્તાહમાં જ ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝ દ્વારા પ્રથમ ત્રિમાસિકના નબળા પરિણામ નફામાં એક ટકાનો ઘટાડો જાહેર કર્યા બાદ શેરોમાં ફાર્મા શેરોમાં નરમાઈ બાદ આજે સન ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે આજે ત્રિમાસિક ફેન્ટાસ્ટિક રિઝલ્ટ જાહેર કરતાં આક્રમક તેજી થઈ હતી. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૫૭૫.૩૯ પોઈન્ટની છલાંગે ૨૬૧૫૬.૧૮ બંધ રહ્યો હતો. જે તેની ૨૭, જુલાઈ ૨૦૨૧ની ૨૬૬૭૨ની સર્વોચ્ચ ઊંચાઈ નજીક આવી ગયો હતો. સન ફાર્માના પ્રોત્સાહક પરિણામ સાથે ગ્લેનમાર્ક લાઈફ સાયન્સના આઈપીઓના ચાલતાં ફંડોએ હેલ્થકેર શેરોમાં તેજી કરી હતી.

**હેલ્થકેર શેરોમાં એક દિવસમાં ઉછાળા**

| કંપનીનું નામ | ભાવ | વધારો |
|---|---|---|
| સન ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ | રૂા.૭૭૪ | રૂા.૭૦.૭૫ |
| સિપ્લા લિ. | રૂા.૯૨૦.૩૦ | રૂા.૩૮ |
| લૌરસ લેબ્સ લિ. | રૂા.૬૪૦.૬૫ | રૂા.૩૬ |
| દિવીઝ લેબોરેટરીઝ | રૂા.૪૯૦૫ | રૂા.૫૮.૨૫ |
| મેક્સ હેલ્થકેર | રૂા.૨૯૬.૬૫ | રૂા.૨૦.૩૫ |
| લુપીન | રૂા.૧૧૦૭ | રૂા.૨૧.૫૦ |
| ડો. રેડ્ડીઝ લેબ. | રૂા.૪૭૧૨ | રૂા.૪૧.૬૫ |
| અબોટ ઈન્ડિયા | રૂા.૧૯,૦૮૬ | રૂા.૮૯૫.૭૫ |
| અલકેમ લિ. | રૂા.૩૪૫૪ | રૂા.૧૨૩.૧૦ |
| કેડિલા હેલ્થકેર | રૂા.૫૮૫.૯૫ | રૂા.૧૪.૦૫ |

હેલ્થકેર-ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓના શેરોમાં આજે ફંડોની આક્રમક લેવાલી રહી હતી. સન ફાર્મા એડવાન્સ રૂ.૨૪.૮૫ ઉછળીને રૂ.૨૭૦.૩૦, સન ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ ૩૦, જૂન ૨૦૨૧ના પૂરા થયેલા પ્રથમ ત્રિમાસિકમાં રૂ.૧૪૪૧.૧૦ કરોડનો ચોખ્ખો નફો (ગત વર્ષના સમાનગાળામાં રૂ.૧૬૫૫.૬૦ કરોડની ચોખ્ખી ખોટ) કરતાં શેરમાં જંગી લેવાલીએ રૂ.૭૦.૩૦ વધીને રૂ.૭૭૪ વર્ષની નવી ઊંચાઈએ પહોંચી ગયો હતો.

સન ફાર્મા ઈન્ડસ્ટ્રીઝની ત્રિમાસિક આવક રૂ.૭૫૮૨.૫૦ કરોડની તુલનાએ ૨૮.૨ ટકા વધીને રૂ.૯૬૬૯.૪૦ કરોડ થઈ છે અને ઈબીટા રૂ.૧૮૪૦.૬૦ કરોડની તુલનાએ ૫૩.૩ ટકા વધીને રૂ.૨૮૨૧ કરોડ અને ઈબીટા માર્જિન ૨૪.૩ ટકાની તુલનાએ વધીને ૨૯ ટકા હાંસલ કર્યા છે.

ફાર્મા શેરોમાં અન્યોમાં મેક્સ હેલ્થકેર રૂ.૨૦.૩૫ વધીને રૂ.૨૯૬.૬૫, લૌરસ લેબ રૂ.૩૬ વધીને રૂ.૬૪૦.૬૫, અબોટ ઈન્ડિયા રૂ.૭૯૯.૫૫ ઉછળીને રૂ.૧૮૯૮૯.૯૫, સિપ્લા રૂ.૩૮ વધીને રૂ.૯૨૦.૩૦, હેલ્થકેર ગ્લોબલ રૂ.૯.૬૫ વધીને રૂ.૨૫૩.૭૦, અલકેમ લેબ રૂ.૧૨૮.૫૫ વધીને રૂ.૩૪૬૦, સનોફી ઈન્ડિયા રૂ.૨૫૯.૬૫ વધીને રૂ.૮૩૫૦, એફડીસી રૂ.૧૧.૪૦ વધીને રૂ.૩૭૨.૩૦, ગ્લેનમાર્ક ફાર્મા રૂ.૧૬ વધીને રૂ.૬૦૭.૬૦, કેડિલા હેલ્થકેર રૂ.૧૪.૦૫ વધીને રૂ.૫૮૫.૯૫, નોવાર્ટિસ ઈન્ડિયા રૂ.૨૧.૧૦ વધીને રૂ.૯૬૦.૧૫, ગ્રેન્યુઅલ્સ ઈન્ડિયા રૂ.૭.૯૦ વધીને રૂ.૩૭૯.૩૫, લુપીન રૂ.૨૧.૫૦ વધીને રૂ.૧૧૦૭.૧૫, સિન્જેન ઈન્ટરનેશનલ રૂ.૧૨.૨૫ વધીને રૂ.૬૩૭.૭૫, લિફ્રન ફાર્મા રૂ.૫.૨૦ વધીને રૂ.૩૪૮.૮૫, એલેમ્બિક ફાર્મા રૂ.૯.૧૫ વધીને રૂ.૭૮૭.૬૫, ટોરન્ટ ફાર્મા રૂ.૧૭.૦૫ વધીને રૂ.૧૬૪૪.૫૦ રહ્યા હતા.

**ડો. રેડ્ડીઝના નબળા પરિણામથી તૂટેલા શેરો સનફાર્માના પ્રોત્સાહક પરિણામો પાછળ ઉછાળ્યા**

# માર્કેટ રાઉન્ડઅપ

## રાકેશ ઝૂનઝૂનવાલા એરલાઇયન્સ લોન્ચ કરવા ૩૫ મિલિયન ડોલરનું રોકાણ કરશે

રોકાણ કામકાજ ક્ષેત્રના મહારથી રાકેશ ઝૂનઝૂનવાલા નીચી પડતરની વિમાની કંપની કાર્યાન્વિત કરવાની દિશામાં આગળ વધી રહ્યાં છે. દેશના ઉડ્ડયન ક્ષેત્રના ભાવિ બાબતે આશાસ્પદ સંજોગોનો આશાવાદ ધરાવતા ઝૂનઝૂનવાલાએ ઉડ્ડયન ક્ષેત્રમાં ઝંપલાવવાનો નિર્ણય લીધો છે. એકસઠ વર્ષની ઉંમરના આ અબજોપતિ આગામી ચાર વર્ષમાં વિમાની કંપની કાર્યાન્વિત કરવાનું આયોજન ધરાવે છે. શરૂઆતના તબક્કામાં ૭૦ એરક્રાફ્ટ રાખવાની તેમની ગણતરી છે. તેમને આશા છે કે, તેમની વિમાની કંપની સામાન્ય માણસને પણ હવાઈ સફર કરવા સક્ષમ કરશે. વિમાની કંપની શરૂ કરવા માટે તેઓ ૩૫ મિલિયન ડોલર રોકાણનું આયોજન રાખી રહ્યાં છે અને આ સાહસમાં તેમનો ૪૦ ટકા હિસ્સો રહેશે. ઝૂનઝૂનવાલાએ વિમાની કંપની કાર્યાન્વિત કરવા માટેનો ઉડ્ડયન મંત્રાલયનું ના વાંધા પ્રમાણપત્ર પંદર દિવસમાં મળી જશે તેવો નિર્દેશ તેમણે આપ્યો હતો.

## ચીની એજ્યુકેશન ટાઇકૂને ૧૫ અબજ ડોલર ગુમાવ્યા

ચીનમાં ખાનગી શિક્ષણક્ષેત્ર પર સરકારે ભીંસ વધારતાં વિશ્વમાં ધનિક વ્યક્તિઓમાં પ્રવેશ પામનાર ભૂતપૂર્વ સ્કૂલ ટીચરે તેના અબજોપતિના દરજ્જાને ગુમાવવાનું બન્યું છે. ગાઓટુ ટેકએડ્યૂ ઈન્ક.ના ફાઉન્ડર ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ચેનની વેલ્થ હવે ૩૩.૬ કરોડ ડોલર રહી છે એમ બ્લૂમબર્ગ બિલિયોનર્સ ઈન્ડેક્સ જણાવે છે.

ગત શુક્રવારે નિયમન સંબંધી ઈસ્યૂને કારણે ન્યૂયોર્ક ટ્રેડિંગમાં શેરના ભાવમાં ૬૬ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. ચીને શિક્ષણ ક્ષેત્ર માટે નવા નિયમો રજૂ કર્યા હતા. જેમાં નફો રળવા માટે શાળાનો અભ્યાસ કરવાથી તેમજ બજારમાંથી મૂડી ઉઘરાવતી અથવા પ્રાઈમરી બજારમાં પ્રવેશની કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. ગાઓટુના શેરમાં સતત ઘટાડાને કારણે જાન્યુઆરી મહિનાથી અત્યાર સુધીમાં ૧૫ અબજ ડોલરનું ધોવાણ નોંધાવનાર ચેન માટે આ એક વધુ ફટકો હતો.

**અર્થતંત્રમાં સુધારો નબળો છતાં વિદેશી રોકાણકારો ભારતમાં નાણાં ઠાલવવા ઉત્સુક**

## ચાલુ વર્ષે પ્રથમ છ માસમાં ૨૨ અબજના પીઈ રોકાણમાં ૧૩.૨૧ અબજ ડોલરનો વિદેશી ફ્લો

હાથમાં જંગી નાણાં ધરાવતા રોકાણકારો કોરોના પછીના સમયમાં ભારતીય કંપનીઓ ખાસ કરીને ટેક સ્ટાર્ટ-અપ્સમાં નાણાં ઠાલવવા માટે ઉત્સુક છે. વર્તમાન વર્ષમાં રોકાણકારોએ પબ્લિક તથા પ્રાઈવેટ ઈક્વિટી સોદા મારફત અત્યારસુધી ૩૦ અબજ ડોલર જેટલી વિક્રમી રકમ ઠાલવી હોવાનું એનાલિસ્ટો જણાવી રહ્યા છે. સસ્તા સ્માર્ટફોન્સ તથા ઈન્ટરનેટના આસાન જોડાણ ધરાવતા ભારતના મધ્યમ વર્ગના લોકોને નજરમાં રાખી વૈશ્વિક રોકાણકારો ભારતમાં ઓનલાઈન પ્લેટફોર્મ્સમાં રોકાણ કરવા ઉમટી પડયા છે. ચીનની સરકાર દ્વારા તેની ટેકનોલોજી કંપનીઓ સામે નિયમનકારી પગલાંને કારણે પણ કેટલાક વિદેશી રોકાણકારો ચીનને છોડીને ભારત તરફ નજર દોડાવી રહ્યા છે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

કોરોનાની બીજી લહેરની ગંભીર અસરથી અર્થતંત્રમાં સુધારો નબળો પડયો હોવા છતાં, ભારતમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સથી લઈને ફૂડ ડિલિવરી એપ ઓપરેટરો દ્વારા ભંડોળ ઊભા કરવામાં તેજી જોવા મળી રહી છે. પ્રાઈવેટ ઈક્વિટી સોદામાં જેમાં, પ્લેસમેન્ટસ તથા આઈપીઓ પહેલાના ફન્ડિંગ રાઉન્ડસનો સમાવેશ થાય છે તે મારફત વર્તમાન વર્ષમાં અત્યારસુધી ૨૨ અબજ ડોલર જેટલી રકમ ઊભી કરવામાં આવી છે. ૨૦૨૦માં આ રુટ મારફત ૩૭ અબજ ડોલર ઊભા કરાયા હતા. વર્તમાન વર્ષના પ્રથમ ૬ મહિનામાં ૨૨ અબજ ડોલરના પ્રાઈવેટ ઈક્વિટી સોદામાંથી ૧૩.૨૧ અબજ ડોલરનું ઈન્વેસ્ટમેન્ટ વિદેશી રોકાણકારોનું રહ્યું છે. આ ઉપરાંત વર્તમાન વર્ષમાં અત્યારસુધીમાં ૪૩ આઈપીઓ મારફત ૫.૪૦ અબજ ડોલર ઊભા કરાયા છે. ગયા વર્ષના આ સમયગાળા સુધીમાં આઈપીઓ મારફત ૧.૨૪ અબજ ડોલર ઊભા કરાયા હતા.

## ડોલર ઈન્ડેક્સમાં ઘટાડો જોતા સોના-ચાંદી, મેટલમાં સુધારો

ડોલર ઈન્ડેક્સ અઠવાડિક ધોરણે ૯૨.૯૭નો હાઈ અને ૯૧.૭૮ નો લો બનાવી ૯૧.૯૮ના લેવલે બંધ આવેલ છે. ડોલર ઈન્ડેક્સમાં ઘટાડો જોતા સોના ચાંદી અને મેટલમાં સુધારો જણાઈ રહ્યો છે.

**(નોંધ : વેચાણની પોઝીશન દર્શાવેલા લેવલની નીચે કોમોડીટીનો ભાવ જાય તો જ અને ખરીદીની પોઝીશન દર્શાવેલા ભાવની ઉપર જાય તો પછી જ લેવી.)**

**ગોલ્ડ (૦૫ ઓક્ટોબર, ૨૦૨૧) :** ગોલ્ડ ૪૭,૮૮૧ નીચે ૪૭,૦૦૦નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૪૮,૬૦૦ સુધી ઘટાડાની શક્યતા રહેલી છે.

**સિલ્વર (૩૧ ઓગસ્ટ, ૨૦૨૧) :** સિલ્વર ૬૮,૦૫૧ નીચે ૬૭,૧૦૦નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૬૯,૦૦૦ સુધી સુધારાની શક્યતા રહેલી છે.

**નિલેષ કોટક**
**૪૦૯, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, અમદાવાદ-૬.**
**ફોન : ૨૬૫૮૪૦૭૬, ૪૦૦૯૪૦૭૬**
**મો. : ૯૨૨૭૨૦૪૦૭૬, ૯૮૯૮૪૨૫૬૫૫**

**ક્રૂડઓઇલ (૧૯ ઓગસ્ટ, ૨૦૨૧)** : ક્રૂડ ઓઈલ ૫૪૨૪ ઉપર ૫૩૦૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૫૬૦૦ સુધી ઘટાડાની શક્યતા રહેલી છે.

**નેચરલ ગેસ (૨૬ ઓગસ્ટ, ૨૦૨૧)** : ૨૯૮ ઉપર ૨૮૨ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૩૧૦ સુધી સુધારાની શક્યતા રહેલી છે.

**ડોલર (૨૭ ઓગસ્ટ, ૨૦૨૧) :** ૭૪.૫૫ ઉપર ૭૪ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૭૫.૨૦ સુધી સુધારાની શક્યતા રહેલી છે.

*Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • I / My family have not received nay compensation from the company where I am recommending a trade or investment. • I have not served as an officer director or employee of company and have not been engaged in market - making activity of the company covered in the research report • I have no material conflict in recommendations posted here (Nilesh S. Kotak)* ***Research Analyst : SEBI Regn No. : INH000002103***

### શેરબજારમાં મેટલ શેરોમાં આગઝરતી તેજી - સ્ટીલ- એલ્યુમિનિયમ શેરો ઐતિહાસિક સ્તરે

# નિફ્ટી મેટલ ઇન્ડેક્સ હાલમાં ઊછળી સર્વોચ્ચ સપાટીએ બંધ રહ્યો

મેટલ શેર્સમાં ભારે લેવાલી જોવા મળી રહી છે. ગુરૂવારે સ્ટીલ, એલ્યુમિનિયમ સહિતની મેટલ ઉત્પાદક કંપનીઓના શેરમાં જંગી કામકાજ વચ્ચે ૧૦ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો અને તેઓ તેમન સર્વોચ્ચ સપાટ પર ટ્રેડ થયાં હતાં. એ વાત ઉલ્લેખનીય છે કે, ચીનના કોમેક્સ ખાતે ગયા સપ્તાહે સ્ટીલના ભાવમાં ઘટાડા વચ્ચે ભારતીય સ્ટીલ ઉત્પાદક કંપનીઓના શેર્સની મજબુત માગ જોવા મળી રહી છે. વપરાશકારોની અપેક્ષાથ વિરૂધ્ધ મેટલ્સના ભાવમાં ઉત્તરોતર વૃધ્ધિ જોવા મળી રહી છે, જેની પાછળ ઉત્પાદકો અગાઉ ક્યારેય ના જો હોય તેવી તેજીનો અનુભવ કરી રહ્યાં છે. માર્કેટમાં મેટલ્સ શેર્સ પોઝિટિવ ઓપનિંગ બાદ ફોલોઅપ બાઈંગ પાછળ જોતજોતામાં નોંધપાત્ર સુધારો દર્શાવી રહ્યાં હતાં. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ તેણે એપ્રિલમાં દર્શાવેલી ૫૫૫૦ની ટોચને પાર કરી ગયો હતો અને દિવસના અંતે ૫.૦૨ ટકા અથવા તો ૨૭૭.૯૫ પોઈન્ટ્સના ઉછાળે ૫૮૧૧ ની નવી ટોચ પર બંધ રહ્યો હતો. જોકે આનાથી વધુ સુધારો વ્યક્તિગત શેર્સમાં જોવા મળ્યો હતો. જેમાં બિરલા જૂથની એલ્યુમિનિયમ કંપની હિંદાલ્કો એક લાખ કરોડની કંપની બની હતી. હિંદાલ્કોનો શેર પ્રથમવાર આ સપાટી પર જોવા મળ્યો હતો. હીંદાલ્કોનો શેર ગત ગુરૂવારે ૧૦ ટકાના ઉછાળે રૂા. ૪૫૮.૧૦ ના સ્તરે બંધ રહ્યો હતો. તેણે દિવસ દરમિયાન રૂા. ૪૭૪ ની ટોચ દર્શાવી હતી. બંધ ભાવે કંપનીનું માર્કેટકેપ રૂા. ૧.૦૨ લાખ કરોડ પર જોવા મળતું હતું. કંપનીનો શેર બાવન સપ્તાહના રૂા. ૧૫૪.૪૦ ના તળિયાની સરખામણીમાં લગભગ ૨૦૦ ટકાનું રીટર્ન દર્શાવી રહ્યો હતો. પીએસયુ એલ્યુમિનિયમ ઉત્પાદક નાલ્કોનો શેર પણ ૮.૭૧ ટકાના ઉછાળે દાયકાની ટોચ પર પહોંચ્યો હતો. આ અગાઉ તે ૨૦૧૧ માં રૂા. ૯૦ની સપાટ પર ટ્રેડ થયો હતો. નાલ્કોએ બુધવાર અગાઉ તેના ઉત્પાદનના ભાવમાં પ્રતિ ટન રૂા. ૩૯૦૦ની વૃધ્ધિની જાહેરાત કરી હતી. કંપનીનો શેર છેલ્લાં એક વર્ષમાં ૩ ગણાથી વધુ રીટર્ન દર્શાવી રહ્યો છે. સ્ટીલ ક્ષેત્રે તાતા સ્ટલનું આઉટપરફોર્મન્સ જળવાયું છે. કંપનીનો શેર સાત ટકા જેટલો ઉછળી રૂા. ૧૪૫૯ ના સ્તરે બંધ રહ્યો હતો. તેણે ઈન્ટ્રા ડે ધોરણે રૂા. ૧૪૮૨ ની ટોચ દર્શાવી હતી. જ્યારે તાતા જૂથની કંપનીઓમાં તે ટીસીએસ બાદ હવે બીજા ક્રમની કંપની બની છે. ગુરૂવારે ટાઈટન કંપનીને માર્કેટકેપમાં પાછળ રાખી દીધી હતી. છેલ્લાં એક વર્ષમાં કંપનીનો શેર ચાર ગણું રીટર્ન દર્શાવી રહ્યો છે. પીએસયુ સ્ટીલ ઉત્પાદક સેલનો શેર પણ છ ટકા ઉછળી રૂા. ૧૪૨ ની ટોચ પર બંધ રહ્યો હતો.

**ગત સપ્તાહે મજબુત બનેલા મેટલ શેરો**

| કંપની નામ | ભાવમાં વૃધ્ધિ (% માં) |
|---|---|
| હિંદાલ્કો | ૧૦.૦૪ |
| નાલ્કો | ૮.૭૧ |
| તાતા સ્ટીલ | ૬.૮૬ |
| વેદાંતા | ૬.૮૫ |
| સેઈલ | ૬.૦૫ |
| એનએમડીસી | ૪.૯૧ |
| જિંદાલ સ્ટીલ | ૪.૨૬ |
| JSW સ્ટીલ | ૩.૭૦ |
| હિંદ ઝીંક | ૨.૩૧ |
| હિંદ કોપર | ૨.૧૮ |

### હિન્દાલ્કોએ એક લાખ કરોડની કંપની બની-ટાટા સ્ટીલ ટાટા ગ્રૂપમાં બીજી સ્થાન મેળવ્યું

## ઉત્પાદન ક્ષેત્રની લિસ્ટેડ કંપનીઓના વેચાણમાં માર્ચ ત્રિમાસિકમાં ૩૦ ટકા વધુ વૃધ્ધિ નોંધાઈ

ક્ષેત્રની ખાનગી લિસ્ટેડ કંપનીઓના વેચાણમાં માર્ચ ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે ૩૧ ટકા વધારો થયો હતો. ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રણ ત્રિમાસિક ગાળામાં વેચાણમાં ઘટાડો થયા બાદ નોન-આઈટી સેવા કંપનીઓના વેચાણમાં સાધારણ વૃદ્ધિ થઈ હતી જ્યારે ઈન્ફરમેશન. ટેકનોલોજી (આઈટી) ક્ષેત્રની કંપનીઓનું વેચાણ ૬.૪૦ ટકા વધ્યું હતું, એમ રિઝર્વ બેંકના આંકડા જણાવે છે.

બિન-સરકારી તથા બિન-સેવા ક્ષેત્રની એવી ૨૬૦૮ ખાનગી લિસ્ટેડ કંપનીઓના માર્ચ ત્રિમાસિક ગાળાના પરિણામોને આધારે રિઝર્વ બેંકનું આ વિશ્લેષણ આવી આવી પડયું છે. કોરોનાની મહામારીને કારણે સિક્યુરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ગયા નાણાં વર્ષના ચોથા ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કરવાની સમયમર્યાદા લંબાવીને ૩૦ જુન સુધી કરી આપી હતી.

ઉત્પાદન ક્ષેત્રની ૧૬૩૩ કંપનીઓના વેચાણમાં વેચાણમાં વાર્ષિક ધોરણે ૩૧ ટકા વધારો થયો છે જે ડિસેમ્બર ત્રિમાસિકમાં ૭.૪૦ ટકા જોવા મળ્યો હતો. વેચાણમાં વધારો થવાને કારણે કંપનીઓના કાચા માલ પાછળના ખર્ચમાં પણ વૃદ્ધિ જોવા મળી હતી. ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓ માટે કર્મચારીઓ પાછળના ખર્ચમાં વધારો થયો હતો જ્યારે આઈટી કંપનીઓનો આ ખર્ચ સ્થિર રહ્યો હતો એમ રિઝર્વ બેન્કના રિપોર્ટમાં વધુમાં જણાવાયું હતું. ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓના કાર્યકારી નફામાં પણ વધારો થયાનું જોવા મળ્યું હતું.

## સ્થાનિક સંસ્થાઓની આગેવાની હેઠળ ભારતીય શેરબજારમાં ૩૬૩ પોઈન્ટનો પ્રત્યાઘાતી ઉછાળો !!

**માર્કેટ મુવર્સ**
**શ્રી રાધે**
**+૯૧ ૯૯૭૯૩ ૮૦૮૦૮**

● તા.૦૨.૦૮.૨૦૨૧ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૧૫૯૧૦ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૫૯૭૭ પોઈન્ટના પ્રથમ અને ૧૬૦૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૫૮૮૮ પોઈન્ટ થી ૧૫૮૩૮ પોઈન્ટ ૧૫૮૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૬૦૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

● તા.૦૨.૦૮.૨૦૨૧ ના રોજ બેંક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૩૪૮૪૩ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૩૪૪૭૪ પોઈન્ટના પ્રથમ અને ૩૪૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૩૪૯૩૦ પોઈન્ટથી ૩૫૦૦૮ પોઈન્ટ, ૩૫૧૮૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૩૫૧૮૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

**<u>હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....</u>**

● **એસ્કોર્ટસ લિમિટેડ ( ૧૨૦૩ ) :-** કમર્સિયલ વિહિકલ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૧૮૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૧૭૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૨૨૦ થી રૂ.૧૨૩૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૨૪૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

● **હેવલ્સ ઈન્ડિયા ( ૧૧૮૭ ) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટપ!! રૂ.૧૧૪૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૦૨ થી રૂ.૧૨૧૨ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

● **વોલ્ટાસ લિમિટેડ ( ૧૦૫૫ ) :-** રૂ.૧૦૨૭ નો પ્રથમ તેમજ રૂ.૧૦૦૮ ના બીજા સપોર્ટથી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૭૩ થી રૂ.૧૦૮૮ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!!

● **બર્જર પેઈન્ટ ( ૮૪૩ ) :-** ફર્નિચર, ફર્નિશિંગ, પેઈન્ટ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૮૫૮ થી રૂ.૮૭૦ ના ભાવની સંભાવના ધરાવે છેપ!! અંદાજીત રૂ.૮૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

● **ભારત ફોર્જ ( ૭૯૦ ) :-** રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૭૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૦૮ થી રૂ.૮૧૮ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

● **ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ ( ૧૫૮૮ ) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ & સિમેન્ટ પ્રોડક્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૦૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૫૭૩ થી રૂ.૧૫૬૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૬૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

● **HCL ટેક્નોલોજી ( ૧૦૩૭ ) :-** રૂ.૧૦૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૬૪ ના સ્ટોપલોસે વેચવાલાયક..!! તબક્કાવાર રૂ.૧૦૧૮ થી રૂ.૧૦૦૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૦૭૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

● **સિપ્લા લિમિટેડ ( ૯૧૯ ) :-** ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૩૯ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૦૯ થી રૂ.૮૯૮ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો...!!!

● **ટાટા કેમિકલ ( ૭૭૮ ) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ કોમોડીટી કેમિકલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૯૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૬૭ થી રૂ.૭૬૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૮૦૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

● **અદાણી પોર્ટ ( ૬૯૮ ) :-** ૭૧૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૩૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક રૂ.૬૮૬ થી રૂ.૬૭૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૭૪૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

### <u>કંપનીએ અગ્રણી બેન્ક શેરોની તુલનામાં સારી એસેટ ક્વોલિટી જાળવી રાખી</u>

# ફેડરલ બેન્ક-કપરાં કાળમાં મજબૂત કામગીરી

ફેડરલ બેન્કે રૂા. ૨૬૦ કરોડના ટ્રેઝરી લાભ અને માંડવાળ કરેલા એકાઉન્ટમાંથી એક વખતની આવકને પગલે પ્રથમ ક્વાર્ટરમાં રૂા. ૩૭૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બેન્કે દૂરંદેશી અભિગમ સાથે બેલેન્સશીટને મજબૂત કરવા અને પીસીઆરને સ્થિર રાખવા ટ્રેઝરી લાભ તથા માંડવાળ કરેલા એકાઉન્ટમાંથી થયેલી એક વખતની રિકવરીનો ઉપયોગ કરીને જોગવાઈ કરી હતી. બેડ લોન સામેની જોગવાઈમાં વાર્ષિક ધોરણે ૬૩ ટકાનો વધારો થયો હતો અને તે રૂા. ૬૪૦ કરોડના ઊંચા સ્તરે રહી હતી. મોટાભાગના સેગમેન્ટમાં ત્રિમાસિક ધોરણે વૃધ્ધિમાં ઘટાડાને કારણે બેન્કના બિઝનેસ ગ્રોથમાં ઘટાડો થયો છે. ડિપોઝીટમાં વૃધ્ધિ નરમ રહી છે. જ્યારે CASA રેશિયો ૩૫ ટકાની વિક્રમજનક સપાટીએ પહોંચ્યો છે. કુલ ડિપોઝીટમાં રિટેલ ડિપોઝીટનો હિસ્સો વધીને ૯૩ ટકા થયો છે.

સંચાલકીય ખર્ચમાં વાર્ષિક ધોરણે ૯.૫ ટકા વધારો થયો હતો. જ્યારે લોન ગ્રોથ ત્રિમાસિક ધોરણે બે ટકા ઘટ્યો હતો અને વાર્ષિક ધોરણે સાત ટકા વધ્યો હતો. રિટેલ એસએમઈ સેગમેન્ટમાં લોન ૩ ટકા અને કોર્પોરેટ લોનમાં બે ટકા ઘટાડો થયો હતો. બેન્કની ડિપોઝીટમાં વાર્ષિક ધોરણે નવ ટકાનો વધારો થયો હતો. કુલ એનપીએ અને ચોખ્ખી એનપીએ અનુક્રમે ૦.૯ ટકા અને ૦.૪ ટકા વધીને ૩.૫ ટકા અને ૧.૨ ટકા થઈ હતી, જ્યારે પીસીઆર રેશિયો ૬૬ ટકાએ સ્થિર રહ્યો હતો. ક્લેક્શન એફિશિયન્સી રેશિયો ૯૬ ટકા રહ્યો હતો જે હાલના પડકારજનક સમયમાં ઘણો સારો છે. કુલ રિટેલ લોન સ્લિપેજમાં હોમ લોનનો હિસ્સો આશરે ૬૦ ટકા રહ્યો હતો. મેનેજમેન્ટને સ્લિપેજમાં ૨૦૨૧-૨૦૨૨ માં પણ આવો જ ટ્રેન્ડ રહેવાની ધારણા છે. બેન્કની પુનર્ગઠિત લોન બુક સંપૂર્ણપણે સિક્યોર છે.

**<u>વેલ્યુએશન અને અભિપ્રાય</u>**

ફેડરલ બેન્ક પડકારજનક માહોલ અને કેટલાંક રાજ્યોમાં લોકડાઉનને કારણે બિઝનેસ ગ્રોથમાં થોડો ઘટાડો નોંધાવ્યો છે. જોકે બેન્કની લાયેબિલિટી ફ્રેન્ચાઈઝી મજબૂત રહી છે. કુલ ડિપોઝીટમાં રિટેલ ડિપોઝીટનો હિસ્સો ૯૩ ટકા છે અને CASA રેશિયો ૩૫ ટકાની વિક્રમજનક સ્તરે છે. એસેટ ક્વોલિટીના મોરચે જોઈએ તો રિટેલ, કૃષિ અને એસએમ સેક્ટરમાં એનપીએ વધી છે, કારણ કે કોરોનાની બીજી લહેરથી સ્વરોજગાર ધરાવતા લોકો અને ગ્રામીણ અર્થતંત્રને ફટકો પડ્યો હતો. અમે FY 22E/FY 23 માં અર્નિંગના અંદાજને જાળવી રાખીએ છીએ તથા FY 23 માટે RoA-RoE અનુક્રમે ૧.૧ ટકા અને ૧૨.૮ ટકા રહેવાનો અંદાજ છે.

## <u>Brokerage View</u>

### ગ્લોબલ બ્રોકરેજે ૧૨ સ્ટોક્સમાં ટાર્ગેટ ભાવ અપગ્રેડ કર્યા

***દેશના શેરબજારો સતત ભારે ઉછાળા સાથે રેન્જબાઉન્ડ મૂવમેન્ટ દર્શાવ રહ્યા છે. આ અઠવાડિયે ગ્લોબલ માર્કેટના મિક્સ ટ્રેન્ડને પગલે જોવાયેલી વોલાટિલીટીને કારણે સ્ટોક માર્કેટ સુધારાનો ટ્રેન્ડ જાળવ રાખ્યો હતો. આમ છતાં પ્રથમ ક્વાર્ટરના સારા અર્નિંગ દરને પગલે વિદેશ બ્રોકરેજ હાઉસોએ પ્રથમ ક્વાર્ટરના અર્નિંગના આધારે ટોપ ફંડામેન્ટલ ૧૨ સ્ટોક્સના ટાર્ગેટ ભાવ અપગ્રેડ કર્યા છે.***

| કંપની | બ્રોકરેજ | રેટિંગ | ટાર્ગેટ |
|---|---|---|---|
| Ultratech | CLSA | આઉટપરફોર્મ | રૂા.૭૭૩૫થી વધારી રૂા.૮૦૦૦ |
| HDFC Life | Nomura | ન્યૂટ્રલ | રૂા.૭૨૫થી વધારી રૂા.૭૫૦ |
| ICICI Lombard | CLSA | આઉટપરફોર્મ | રૂા.૧૫૭૫થી વધારી રૂા.૧૬૦૦ |
| Havells | CLSA | સેલથી અપગ્રેડ આઉટપરફોર્મ | રૂા.૧૦૦૦થી વધારી રૂા.૧૨૩૦ |
| Just Dial | City | ન્યૂટ્રલ | રૂા.ટાર્ગેટ ૧૦૭૮ |
| Asian Paints | CLSA | આઉટપરફોર્મ | વધારી રૂા.૩૨૭૫ |
| ACC | CLSA | આઉટપરફોર્મ | અપગ્રેડ કરી રૂા.૨૬૦૦ |
| Nippon Life | CLSA | આઉટપરફોર્મ | રૂા.ટાર્ગેટ ૪૨૦ |
| United Ber | City | બાય | રૂા.૧૨૮૫થી વધારી રૂા.૧૬૦૫ |
| ICICI Bank | Morgan Stanley | આઉટપરફોર્મ | રૂા.ટાર્ગેટ ૯૦૦ |
| Federal Bank | UBS | આઉટપરફોર્મ | રૂા.૯૦થી વધારી રૂા.૯૮ |
| Ambuja | Goldman Sachs | ન્યૂટ્રલ | રૂા.૩૭૦થી વધારી રૂા.૪૨૩ |

### <u>Q-1 FY22 ના ૧૬૯ કંપનીઓના જાહેર થયેલા પરિણામોમાં</u>

## કંપનીઓની આવક અને નફામાં વાર્ષિક ધોરણે વધારો નોંધાયો

કોર્પોરેટ ઈન્ડિયાની આવક અને નફામાં જૂનમાં પૂરા થતાં ત્રિમાસિક ગાળામાં વધારો જોવા મળી રહ્યો છે અને નાણાંકીય વર્ષ ૨૦૨૧ના પ્રથમ ત્રિમાસિક ગાળાના નબળા બેઝને ધ્યાનમાં લેતાં જ્યારે દેશ આકરા લોકડાઉન હેઠળ હતો આ વધારો નોંધનીય પ્રતિત થાય છે. જોકે કોર્પોરેટ્સના કામકાજને એક સાતત્યતા સાથે જોવા આવે તો આ પરિણામ એટલા પ્રભાવક નથી તેમ કહી શકાય. આ માટે એપ્રિલ અને મે મહિનામાં આંશિક લોકડાઉનની જે સ્થિતિ હતી તે જ જવાબદાર છે તેવું નથી પણ સિઝનલ પરિબળોએ પછી તે વપરાશી ચીજ વસ્તુઓ હોય કે મટિરિયલ્સ તેની માંગ પર સીઝનલ પરિબળોની પણ પ્રતિકૂળ અસર જોવા મળી રહી છે. ઉદાહરણ તરીકે અલ્ટ્રાટેકના કિસ્સામાં કામકાજમાં ત્રિમાસિક ધોરણે ૨૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે વાર્ષિક ધોરણે ૪૭ ટકાનો વધારો જોવાયો છે. જેએસડબલ્યૂ સ્ટીલના વેચાણનું કામકાજ જોવામાં આવે તો તેમાં વાર્ષિક ધોરણે ૨૯ ટકાનો વધારો જોવાયો છે પણ ત્રિમાસિક ધોરણે તેમાં ૧૧ ટકાનો ઘટાડો થયો છે.

કાચામાલની પડતરમાં વધારો વાર્ષિક ધોરણે ૬૨૭ બીપીએસ થયો છે, જેના લીધે ત્રિમાસિક સયમગાળામાં દરમિયાન કંપનીઓના નફાના ગાળામાં દબાણ રહ્યું છે. કંપનીઓ તેમની પડતરમાં ઘટાડો કરીને અથવા તો પછી ભાવમાં વધારો કરીને સંજોગો સાથે તાલ મિલાવવા માટે પ્રયાસ કરી રહી છે. તમામ કંપનીઓ જોકે આ ધોરણે પણ તેમની પડતરમાં જે વધારો થયો છે તે પૂરેપૂરી સરભર નથી કરી શકી. બજાજ ઓટોના કિસ્સામાં જોવામાં આવે તો કાચામાલની પડતરમાં ત્રિમાસિક ધોરણે ૩૭૦ બીપીએસનો વધારો થયો છે જે પૈકી કંપની ભાવમાં વધારો કરીને માંડ ૧૭૦ બીપીએસનો વધારો સરભર કરી શકી છે. જ્યારે રૂા. મુલ્યમાં થયેલા ઘટાડાને પગલે ૧૦૦ બીપીએસનો પડતરનો વધારો સરભર કરવાનું શક્ય બન્યું છે.